
સળંગ અંક ૫૮૩

કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ

વર્ષ ઓગણપચાસમું · અંક સાતમો · જુલાઈ · ઓગણીસ સો બોંતેર · તંત્રી બચુભાઈ રાવત



પર્વતના ઢાળ પર પડતી **વાદળની છાયા** (ફોટો · અશ્વિન મહેતા)
તથા ખીણમાં પડતી પર્વતની છાયા અને ઊંચાં વૃક્ષોનાં થડની
ઊભી રેખાઓ દ્વારા દૃશ્યમાં ઊંડાણ આણતું એક સુંદર
ફોટો સંયોજન



નોધારાં · રસિકલાલ પરીખ ('ચિત્રસાધના'ની નવી આવૃત્તિમાંથી)



ઘસાતું કોતર અને રચાતું વન

ફોટો : અશ્વિન મહેતા

(પરિચય માટે જુઓ આ અંકની કલાવાર્તા)

કુમાર

જુલાઈ ૧૯૭૨ • અંક ૫૮૩

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫

વાચકો લખે છે.....

અંક ૫૮૦માં મૂઢ માર, ઘા, લોહી નીકળતું, ઘાને લીધે શરીરમાં દુખતું, ગૂમડાં વગેરે ઉપર મૅગ્નેટના ઈલાજનું આપ્યું છે. એક ગૂમડાં સિવાય બાકીમાં દક્ષિણ ધ્રુવ વાપરવાનું કહ્યું છે. ગૂમડાંમાં ઉત્તર ધ્રુવ આમાં વિરુદ્ધ ધ્રુવ શરીરને ન અડે તેનું ધ્યાન રાખવાનું છે.

મારી પાસે ૨ ત્રિધ્રુવ ચુંબક (There rate magnet) છે. જેની આકૃતિ આ પ્રમાણે છે. નં ૧ | N S N | બીજું નં. ૨ | S N S | ૧૯૬૩માં હું મૅગ્નેટના પ્રયોગો કરતો હતો તેમાં આકસ્મિક નં. ૧ મળી આવ્યું એ ઉપરથી નં. ૨ મારાથી શોધી શકાયું છે. એને અમુક દરજ્જે પહોંચાડવા હું ૧૦ વરસથી પ્રયોગો કરી રહ્યો છું. મારું જ્ઞાન ઓછું અને સાધનો મારાં બનાવેલાં અપૂર્ણ હોવાથી પ્રગતિ ધીમી છે; છતાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પ્રગતિ થાય છે. આ 'બાર' મૅગ્નેટ છે એને બદલે 'હૉર્સશૂ' પણ બની શકે. એમાં બંને છેડે સમજાતીય ધ્રુવ આવે છે. શ્રી પ્રભુદાસ મહેતાને પૂછું કે હૉર્સ શૂ મૅગ્નેટથી વધારે ફાયદો મેળવી શકાય?

(મોરબી) —ભૂરુભા જાડેજા

માર્ચ અંકમાં 'બૅંગકૉક' અંગેની રસપ્રદ માહિતી મેં ફિલિપ્પાઈન્સના ઈન્ટરનૅશનલ સેંટરમાં વાંચી; અહીં થાઈલૅન્ડના ઘણા વિદ્યાર્થીઓ છે, એમનાં નામો જાણવા જેવાં છે. છોકરીઓમાં 'સીદા' છે. સીદાએ કહ્યું કે મારું નામ રામાયણની સીતા પરથી છે! છોકરીઓમાં આનંદ, હેમંત, સુયોન છે. 'સુ'નો અહીં પણ અર્થ 'સારો' છે. થાઈલૅન્ડની થાઈ ભાષા પર પાલી અને સંસ્કૃતની ભારોભાર અસર છે! ભારતમાં આપણે એકબીજાને હાથ જોડીને નમસ્તે કરીએ છીએ તે જ રીતે હાથ જોડીને એકબીજાને થાઈલૅન્ડના લોકો પણ નમસ્તે કરે છે!

ફેબ્રુઆરી '૭૨ના 'કુમાર'માં શ્રી રાવળે, શ્રી જલન માતરીએ કરેલ ઈશારા પ્રત્યે ધ્યાન દોર્યું છે. શ્રી રાવળના મતે 'શ્રી મરીઝ અને શ્રી દવેએ ભલે કપાસના ફૂલનું પ્રતીક લીધું છે પણ બંનેનો વિચારઝોક ભિન્ન છે.' પરંતુ મારા મતે ઝોક તાત્ત્વિકરીતે એક જ છે ને તે એ રીતે કે શ્રી મરીઝની પંક્તિઓમાંથી 'શ્રેષ્ઠ' ને શ્રી દવેની પંક્તિઓમાંથી 'નિશ્ચિત' શબ્દો બહાર કાઢી કપાસના ફૂલમાંથી ઉત્પન્ન થતી ચીજ સાથે અર્થઘટન કરીએ તો બંનેમાંથી એક જ અર્થસરી આવશે.

(અમદાવાદ) —સતીશ ભટ્ટ

૫૮૦મા અંકમાં પ્રકટ થએલા મારા લેખ કરતાં પણ સર્વશ્રેષ્ઠ લેખ 'ભગવાન પરશુરામ અને મહારથી કર્ણ' મને લાગેલો. મૌલિક દૃષ્ટિકોણ ઉપરાંત સમાજને અભીષ્ટ એવી ભાવસભરતાની સંયમિત અભિવ્યક્તિ એમાં છે. એમને હું નિકટતાથી ઓળખું છું. સારા અભ્યાસી, સૂક્ષ્મ સંવેદનશીલ અને ભાવાત્મક જીવન જીવનાર આ વ્યવહારદક્ષ સુજન પાસેથી ઘણું મેળવી શકાય તેમ છે.

અંક ૫૮૦-૫૮૧માં આકાશદર્શનના નકશા જોતાં સંતોષ નથી થયો. વ્યવસ્થિત વિજ્ઞાન રૂપે અભ્યાસ કરાવવો હોય ત્યારે આવા નકશામાં તારાઓનાં એકબીજાથી અંતર તથા દિશા, બંનેની ચોકસાઈ જોઈએ. દા. ત. સપ્તર્ષિના પહેલા બે તારાને જોડતી લીટી ઉત્તર તરફ ધ્રુવતારાની નિકટથી પસાર થાય તે લીટી દક્ષિણ તરફ મઘા પાસેથી (પૂર્વાફાલ્ગુની તરફની પશ્ચિમ બાજુથી) જાય. બંને નકશાઓ જોતાં તેમ જણાય છે? બે નકશામાં એકવાક્યતા નથી. મે-જૂનના નકશામાં અનુરાધા જ્યેષ્ઠા ને મૂળ મળીને થતો વીંછીનો આકાર, આકાશનો કેટલો વિશાળ પટ રોકે છે! મૂળ નક્ષત્ર ધન રાશીનું છે એટલે વીંછીનો આકાર ૧ા રાશિ બને છે. જ્યારે આ નકશામાં તે કેટલો નાનો લાગે છે! વળી તે આવ્યો છે પૂર્વને ક્ષિતિજે. વળી, પ્રત્યક્ષ મધ્યાકાશે જે તારાઓ પાસેપાસે લાગે, તેઓ ક્ષિતિજેથી ચડતા કે ઊતરતા એકબીજાથી વધુ અંતરે દેખાય. વાતાવરણના કારણે તે બને છે. જેમ પ્રત્યક્ષ તેમ નકશામાં ન બતાવાય? આ ટીકા માટે નથી લખતો. તમે જે સદ્હેતુથી સારું કરો છો તે ચોકસાઈથી વધુ સારું થાય તો જોઈને હું રાજી થાઉં માટે નજર પર મૂકવા લખું છું. જો કે હું વિજ્ઞાની નથી, તેથી બિન અધિકૃત ચેષ્ટા માટે ક્ષમા માગું છું.

મારા પરમ સુહૃદ સ્વ. મનુભાઈ 'સરોદ'ની તમારી લખેલી અવસાનનોંધ વાંચી ઢીલા હૃદયને વધુ ઢીલું થવા દીધું, અને તે દ્વારા તેની સહૃદયતાની ભાવાનુભૂતિમાં અંતર ધોયું. કાવ્યસર્જન એ એમનો વાણીવિલાસ ન હતો. સાધનાની ગતિમાં આપમેળે ઊઠતો ઝંકાર હતો. એમના અવસાનથી મને શું થયું છે તે કેમ લખું?

(ભાવનગર) —મુકુન્દરાય વિ. પારાશર્ય

[*આ માળા શરૂ કરતી વેળા જ અમે જણાવેલું કે 'આકાશમાં તારા નકશામાં છે તે જ સ્થાને કદાચન લાગે, પણ એથી તારાની ઓળખ મુશ્કેલ નહિ બને.' હકીકતે આ માળા દ્વારા પ્રત્યક્ષ આકાશનો પ્રાથમિક પરિચય આપવાનો જ ઉદ્દેશ છે. તારાઓનાં ચોક્કસ સ્થાન વગેરે જાળવીને એક માસ અગાઉ તેના નકશા તૈયાર કરવાનું કામ અત્યંત અટપટું અને અમારે માટે કદાચ અનધિકૃત ચેષ્ટા જેવું બની રહે.]



આકાશ-દર્શન—૭ જુલાઇ-ઑગસ્ટ

'વીણા' (The Lyre) તારામંડળમાં 'અભિજિત' (fvega)ને આપણે ઓળખીએ છીએ. અભિજિત એ રાજા દશરથનું એક નામ છે. નદ ક્નિારે પાણી ભરવા ઊતરેલા પિતૃભક્ત શ્રવણને દશરથે શબ્દવેધી બાણ મારવાની ભૂલ કરેલી એ કથા તો જાણીતી છે. આકાશમાં દશરથ છે તે તેની સામે આકાશગંગાને આ પાર શ્રવણ પણ છે. મૃગમંડળમાં બાણના ત્રણ તારા જેમ એક હારમાં દેખાય છે તેમ સર્પધર તારામંડળની પૂર્વમાં આકાશગંગાને ક્નિારે શ્રવણ નક્ષત્રના ત્રણ તારા જોવા મળશે. ઉત્તરાષાઢા પછીનું આ નક્ષત્ર છે. તેમાંનો વચલો પ્રથમ વર્ગનો તેજસ્વી તારો તે શ્રવણ અને એની આજુબાજુ તે કાવડમાં બેઠેલાં તેનાં માતાપિતા. શ્રવણ (Altair) ૧૬ પ્રકાશવર્ષ દૂરનો તે સૂર્ય કરતાં ૧૦ ગણો તેજસ્વી તારો છે. જુલાઇની પંદરમીની આસપાસ એ આકાશમાં માથા પર જોવા મળશે. પણ આ ત્રણ તારા જેના ભાગ રૂપ છે તે આખું તારામંડળ આકાશગંગા પર ઊડી રહેલા ગરુડ જેવું હોઈ 'ગરુડ' (The Eagle)ના નામે જ ઓળખાય છે. ગરુડની નજીક પૂર્વમાં ચોથા વર્ગના ઝાંખા તારાઓનું એક નાનકડું મંડળ તે 'ધનિષ્ઠા નક્ષત્ર' છે. વ્હેલની એક જાત 'ડૉલ્ફિન' જેવા આકારે હોઈ તેને અંગ્રેજીમાં એ નામે જ ઓળખે છે. 'ગરુડ'ની ઉત્તરે એક બીજું ટચૂકડું મંડળ પણ છે, જે 'શર' (બાણ–Sagita) નામે ઓળખાય છે. અને આની યે ઉપર ઉત્તરમાં આકાશગંગા પર એક વિશાળ તારામંડળ છે. એનો ક્રૉસ (†) જેવો આકાર તુરત પકડી શકાશે. એને ઓળખી રાખજો. આવતે મહિને તેનો વિગતે પરિચય કરીશું. ¶ હવે જરા દક્ષિણમાં જોઈએ. 'ભૂતેશ'ની બાજુમાં 'કિરીટ'ના તારા જેમ દેખાય છે તેમ દક્ષિણમાં ધનુરાશિની નીચે એક એવું નાનું મંડળ છે. એ 'દક્ષિણ-કિરીટ' તરીકે જ ઓળખાય છે. અલબત્ત, તેમાં 'કોહિનૂર' જેવો ચળકતો એકે તારો નથી. તેની યે નીચે વધુ દક્ષિણે 'સિંધુ' (Indus) તથા 'મયૂર' (Pavo)ના તારા ખાસ ધ્યાન ખેંચે છે. નકશાની સહાયથી તેમને ઓળખી શકશો. ધનુરાશિની ઉપર આકાશમાં 'ગુરુ'ને પણ જોઈ લો. હજી એ વક્રી છે. પરોઢિયે પૂર્વાકાશમાં જોશો તો ત્યાં 'શુક્ર' પણ જોવા મળશે.

અને તો, તો / ઉશનસ્

· શિખરિણી ·

મને ઊંડેઊંડે હજી પણ ખરું, હા હજી ય, કે
મળે તન્દુરસ્તીભરી ચળકતી એ ફરી ક્ષણો,
ઉછાળું પ્રત્યૂષી રવિ મહીં રૂપેરી રજકણો,
મળે કોરી પાટી, ઉપર ફરીથી એકડ ઘૂંટું.

હજી કોઇ ધીરે ઉછીની ઘડી થોડીક હજી યે
કરેલી ભૂલોના અવસર વધુ કાળજી થકી
નવેસર આરંભી ફરી જીવું વિના ભૂલચૂક કૈં,
મળ્યા પશ્ચાત્તાપે કંઈક પછીના ડહાપણ થકી.

અમસ્તા આયુષ્યે પદપદ વૃથા રોષ, રુસણે
કીધી જે ક્રિડાઓ—સહુ શું ફરી એકાદ વખતે
મળી લેવા ઇચ્છા હજી ખરી; ક્ષમા દે પણ ખરાં,
અબોલા યે તૂટે, કંઈક સુધર્યો માની ચહી લે,

અને તો તો ઇચ્છા હજી ય ખરી, એકાદ જણને
ચહી લૌં', જાંબાજી રમી લઉં પૂરા પાગલપણે.

બપોરની એક અનુભૂતિ / યોસેફ મૅકવાન

· હરિણી ·

સૂરજ કિરણો ખેંચાએલાં નિદાઘ સમે અહીં
પવન-પડમાં આછીઆછી તહીં તડ શી પડી!
ઊછળી તડકો હાળે વૃક્ષે સર્યો નયનો મહીં,
સપન સરખી હૈયાસૃષ્ટિ જરા નજરે પડી.

ભ્રમણ કરતી મારી છાયા ફરે વનમાં કશી,
તરુવરતણી ડાળે બેસી કદીક ઊઠે હસી,
ઝરણ જળમાં ડૂબી જાને બની મીન મ્હાલતી.
કશુંક પણ એ પામી લેવા સરે, ફરકયે જતી.

ગગન ભરી ત્યાં આવ્યું પંખી, જરા ટહુકો; અને
પળ વિપળમાં મારા તે નામની સળી લૈ ઊડયું;
અહીંતહીં ઘણું શોધું છું હું હવે સકલે મને:
ગગન સઘળું લાગે છે કે હવે સુજમાં બૂડયું.

સકલ થલમાં મારી છાયા અહીં રમતી રહે
સૂરજકિરણો ચૂસી ચૂસી મને ધૂળ શા દહે.

બધું ચણી ગયાં... / ભાનુપ્રસાદ પંડયા

· હરિણી ·

ઝટ ચલમ પી મેડા માથે ચડું જહીં ખેતરે,
હળુહળુ હલે આજુબાજુ બધે શીશ સામટે
સહુ કણસલાં, લીલાં-પીળાં હવે લઇ પાંદ આ
ઝૂલતી અલબેલી નારી? ના, જુવાર લગોલગ!

સમીપ વળી શેઢેથી વ્હેતા સુગંધિલ બાવળ
કલરવ ઊડે ટોળેટોળે—અડોઅડ ઢોલક
બજી રહ્યું બીજે મેડે—ઘેને રહે ઢળી પોપચાં,
જરઠ સુજ હોવાથી ઢીલી થઈ ગઈ ગોફણ!

રહું નીરખી જાનૈયા વચ્ચે મને—ખડું વેલડું,
નીતરી પડતા રંગે ગીતે છલોછલ પાદર.
ભભકી ઘરચોળાની કયાંથી અરે, અહીં સોડમ!
શિર ખૂંપથી શું શોભી ઊઠે! કળાલય મોર હું!

'બધું ચણી ગયાં પંખી, ડોસા! લિયો ઝટ ઘા દિયો.'
ઝબકી ઊઠું...ત્રાડે બાજુનો ચકોર રખોપિયો.

કરચ / રમેશ જોષી

ગઝલ

ઘૂંટે છે કોઇ દર્દનાક રાગ શ્વાસમાં?
લોહીમાં ખૂંચી ગઈ છે સાજની કરચ?

પાછાં વળી ખીલી ઊઠયાં ફૂલો આ મેજ પર?
કોઈ પડી રહી છે કે ફૂલવાજની કરચ?

સાંકાય નહીં, નહિ તો કદી, મૌન આ મને;
એમાં તો રહી ગઇ હશે અલફાજની કરચ!

લો, કાચ વીણી લઉં આ ફૂટેલી છબિ તણા;
વાગે ન આવનારને એ રાજની કરચ!

આંખો ના માંડય / કનુ મહેતા 'વ્યોમ'

આંખો ના માંડય મારા મંન!
હવે વંન ભણી આંખો ના માંડય મારા મંન!

વનરા ધ્રુજાવતી ત્રાડો પડઘાય
એવા ભૂલી જા રજવાડી રહાડને,
લીલોછમ વાયરો ને લીલું કુંજાર આભ
ભૂલી જા ઘટાટોપ ઝાડને;
ભૂલી જા રંગભર્યા ફાગણની મસ્તી ને
કોડભર્યાં ટહુકાતાં વંન!
હવે વંન ભણી આંખો ના માંડય મારા મંન!

ધસમસતું જંગલ ને ન્હોરીલો સ્વાદ
બધું લાવી લાવીને શું આંખે!
ફેંકેલા ટુકડાઓ ખાવા-ખવાય તો—
બીજો ઉપાય નહિ લાખે;
ડાલ-મથી દુનિયાને પાંજરે લવાય ને
ભૂલી જા મારણિયા દંન!
આંખો ના માંડય મારા મંન!
હવે વંન ભણી આંખો ના માંડય મારા મંન!

એકાન્ત / મહેશ જોષી

· ગઝલ ·

અધમધ રાતે એકાન્તોમાં
નભ કેવળ પોતાને જુવે.


ઝળમળ ઝળમળ ઊતરી આવે
ઘાસલિયા મેદાને સૂવે.

કોઈ આરસી મળી શકી ના
હવે ઝાંખતું નવઘણ કૂવે,

તમરાંઓના તૂટક ગાને
તિરાડ વાતાયનની ચૂવે.

આવાજોની પરોઢ ઊગશે એકલતાને રુંવેરુંવે.

આ શિલા નીચે રાજા રામમોહન રાયના અવશેષો આરામ કરે છે.
ઈશ્વરના એકત્વમાં માનનાર સભાન અને અવિચલ વ્યક્તિ તરીકે એમણે
સમગ્ર સમર્પણની ભાવનાથી, ઉપર અંતરીક્ષમાં રહેલા દૈવી તત્ત્વની આરાધનામાં
પોતાનું જીવન એકાગ્ર કરેલું.
પોતાની બહુમુખી શક્તિઓમાં, અનેક ભાષા પરનું પ્રભુત્વ પણ એમણે મેળવ્યું હતું
અને ખૂબ નાની વયે એ જમાનાના વિદ્વાનોમાં પોતાનું નામ કાઢ્યું હતું.
ભારતવાસીઓની સામાજિક, નૈતિક ને ભૌતિક સ્થિતિને બઢાવવાનો સનાતન પ્રયાસ,
મૂર્તિપૂજા તથા સતીનો ચાલ બંધ કરવાના એમના નિષ્ઠાવાન પ્રયત્નો અને
પરમેશ્વરનો મહિમા તેમ જ માનવના કલ્યાણને વધારનાર જે કંઈ હોય
તેની અવિરત તથા અત્યુત્સાહભરી તરફદારી
એમના દેશવાસીઓની કૃતજ્ઞ સ્મૃતિમાં હમેશાં જીવંત રહેશે.



ઇંગ્લૅંડમાં બ્રિસ્ટલ ખાતે
રાજા રામમોહન રાયની સમાધિ▷

લગભગ ઈ. સ. ૧૮૪૩માં ઇંગ્લૅન્ડના બ્રિસ્ટલ નગર ખાતે રાજા રામમોહન રાયના અવશેષો પર, એમના પરમ મિત્ર દ્વારકાનાથ ટાગોરે ચણાવેલી સમાધિ પરનાં આ છે પ્રશસ્તિવચનો. આ અર્ધ્યનો અંતિમ વાક્યાંશ—'એમના દેશવાસીઓની કૃતજ્ઞ સ્મૃતિમાં હમેશાં જીવંત રહેશે.'—કેટલો તથ્યપૂર્ણ છે તેની પ્રતીતિ આ વર્ષે રામમોહન રાયની દ્વિતીય જન્મ-શતાબ્દી ઊજવાઈ તેમાં મળી રહે છે.

આજથી બસ્સો વર્ષ પહેલાં જ્યારે ભારતમાં મુઘલ સત્તા નામની જ રહી હતી અને અંગ્રેજ સત્તાનો અરુણોદય નજીકમાં ભાસતો હતો ત્યારે, કલકત્તા પાસે હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં સનાતની બ્રાહ્મણ ગોત્રમાં રામમોહન રાયનો જન્મ ઈ. ૧૭૭૨ના મે મહિનાની બાવીસમી તારીખે થએલો. જોકે કેટલાક આ જન્મસાલ ઈ. ૧૭૭૪ અને ૧૭૮૦ પણ બતાવે છે; પરંતુ રામમોહન રાયના પુત્રના મતને માન્ય રાખીને ઈ. ૧૭૭૨ને એમના જન્મના વર્ષ તરીકે હવે લગભગ સૌએ સ્વીકૃતિ આપી છે. એમના જન્મને બે-ચાર વર્ષ પાછો હઠાવવાથી કશો ફેર પડતો નથી, કારણ કે એ આખો ગાળો જ એમના જીવનકાર્ય માટે યોગ્ય ભૂમિકા બની રહેવાનો હતો. સમાજમાં સર્વત્ર અજ્ઞાનતાનું અ-ઘોર અરણ્ય વિસ્તર્યું હતું. એમાં ઠેરઠેર રૂઢિચુસ્તતા, ધર્માંધતા, વહેમ અને પાખંડનાં જાળાંઝાંખરાં ઊગી નીકળ્યાં હતાં. રાજકીય અવ્યવ-સ્થાની આંધી વારંવાર ફૂંકાતી અને જીવનવૈફલ્યનો વંટોળ લોકહૈયાંને હચમચાવી જતો. એમાં ય કુલાચાર તો જબ્બર ધર્મચુસ્ત! આવી પરિસ્થિતિમાં રામમોહન રાયે પોતાનું જીવનકાર્ય ઉપાડ્યું અને ભગી-રથ પ્રયાસોથી ઉક્ત જાળાંઝાંખરાં કાપવા માંડ્યાં; આંધી અને વંટોળ સામે જનમાનસને રક્ષિત કરવા માંડ્યું.

રામમોહનના પ્રપિતામહ કૃષ્ણચંદ્ર બૅનરજી બંગાળના નવાબની નોકરી કરતા. નવાબે નોકરીની કદરમાં એમને 'રાયરાયા'નો ઈલકાબ આપેલો, જે પાછળથી માત્ર 'રાય' તરીકે રહી એમની અટક બૅનરજીને સ્થાને વપરાતો થઈ ગયો. દાદા વ્રજવિનોદ પણ નવાબ સિરાજ-ઉલ-દૌલાના હાથ નીચે મુર્શીદાબાદમાં નોકરી કરતા. પરંતુ એક વાર એમની સાથે રાજ્ય તરફથી કૈં અપમાનનો કે અન્યાયયુક્ત વ્યવહાર થયો અને એમણે સદાને માટે નોકરી છોડી ગૃહવાસ સ્વીકાર્યો. એ વ્રજવિનોદનાં પાંચ સંતાનોમાં સૌથી નાના રામકાન્ત એ રામમોહનના પિતા. એઓ પણ મુર્શીદાબાદના નવાબની નોકરીમાં હતા. એ તો નાના જમીનદાર પણ ખરા. છતાં વ્યવહારદક્ષ પિતાને પુત્ર રામમોહન ઐહિક રીતે સુખી-સમૃદ્ધ થાય તે માટે એને સરકારી નોકરીમાં જોડી દેવો મુનાસિબ લા-ગ્યો. પરંતુ એ સારુ તે વખતની કચેરીની ભાષા ફારસી શીખવી જરૂરી હતી. તદનુસાર ઘરે મૌલવી રાખીને રામમોહન રાયને ફારસીનો અભ્યાસ કરાવ્યો અને નવમે વર્ષે અરબી શીખવા એમને પટણા મોકલ્યા. આ અભ્યાસકાળ દરમિયાન રામમોહનને ફારસી-અરબી સૂફીઓ અને શાય-રોમાં ખૂબ રસ પડ્યો અને કેટલાક તો એમણે કંઠસ્થ પણ કરી લીધા. એ જ વખતે એમણે કુરાન પણ મૂળ ભાષામાં વાંચી એનો મર્મ ગ્રહણ કરી લીધો કે ઈશ્વર એક જ છે. આમ, એમણે પોતાની ચપળ અને તીવ્ર બુદ્ધિશક્તિનો બાળપણથી જ સહુને પરિચય કરાવી આપ્યો.

એમની સ્મરણશક્તિ પણ અદ્ભુત હતી. એનો પરચો તો એ મોટા થયા ત્યારે જે કરાવી આપ્યો એ પ્રસંગ નોંધપાત્ર છે. એક વાર કોઈ વિદ્વાન એમની પાસે અમુક તંત્રશાસ્ત્ર વિષે ચર્ચા કરવા આવ્યો; પરંતુ રામમોહન રાયે તો એ ગ્રંથ વાંચ્યો નહોતો, તેથી એ વિદ્વાનને બીજે દિવસે ચર્ચા કરવા બોલાવ્યો. કોઈ જમીનદારને ત્યાંથી લાવીને એ ગ્રંથ એમણે ચોવીસ કલાકમાં તો વાંચી નાખ્યો અને એમાંની મોટા ભાગની બાબતો એમણે સ્મરણમાં રાખી લીધી. બીજે દિવસે પેલો વિદ્વાન આવ્યો ત્યારે સૌજન્યપૂર્વક એની સાથે એ ગ્રંથ વિષે વાદવિવાદ કરી એને પરાભવ આપ્યો. આવી હતી એમની અદ્ભુત સ્મૃતિ અને મેધા.

ફારસી પરના એમના અજબ કાબૂને લઈને એમને નાનપણમાં જ 'મૌલવી રામમોહન' અથવા 'જબરદસ્ત મૌલવી' કહીને બિરદાવવામાં આવેલા. આ સાથે સંસ્કૃતનો અભ્યાસ કરવો પણ આવશ્યક લાગવાથી બાર વર્ષની વયે એમને કાશી મોકલવામાં આવ્યા. ચાર વર્ષ સુધી ત્યાં રહી એ સાહિત્ય, ન્યાયશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનમાં પારંગત બન્યા. વેદાંત અને ઉપનિષદોનો અભ્યાસ કરતાં કરતાં કુરાન-જનિત એકેશ્વરવાદની શ્રદ્ધા દૃઢ બની, અને હિંદુધર્મના પાયાના સિદ્ધાંતો એ અહીં શીખ્યા. પરિણામે, કર્મકાણ્ડ અને મૂર્તિપૂજાના માળખામાં ફસાએલી એ વખતની ધર્મભાવના પર એમને અરુચિ પેદા થઈ. નિરંજન નિરાકાર એકેશ્વરની દૃઢ શ્રદ્ધા સાથે એઓ સોળ વર્ષની ઉંમરે કાશીથી ઘેર પાછા ફર્યા.

હવે રૂઢિચુસ્ત પિતા અને રૂઢિભંજક પુત્ર વચ્ચે વારંવાર વાદવિવાદ થવા લાગ્યો. એક વાર મૂર્તિપૂજામાં પરમ શ્રદ્ધા ધરાવનાર પિતા અને મૂર્તિપૂજાના ચરમ વિરોધી પુત્ર વચ્ચે ઉગ્ર મતભેદ પડ્યો. પરિણામે રામમોહન પિતાનું ઘર છોડી નીકળી ગયા. પોતાના ત્રણ-ચાર વર્ષના એ ભ્રમણકાળ દરમિયાન એમણે જનસ્થિતિ અને જનસમાજની પરિસ્થિ-

મધ્યકાલીન યુગમાંથી ભારતને આ યુગમાં પ્રવેશ કરાવી દેશ ને સમાજની કાયાપલટ કરનાર

યુગ વિભૂતિ

રાજા રામમોહન રાય

લેખક · ધીરુભાઈ પરીખ



તમને ખબર છે ખરી?–કે રાજા રામમોહન આજના યુગ કરતાં મુઘલ બાદશાહ ઔરંગઝેબના યુગની વધુ નજીકના કાળમાં હતા? ને એમના સમકાલીન પેશ્વાઓ તથા મહારાજા રણજિતસિંહ જ્યારે જામગરીવાળી બંદૂકોથી બાખડતા હતા ત્યારે રામમોહન રાય વાણીસ્વાતંત્ર્ય, જ્યૂરીમાં હિંદીઓને બેસવાનો હક, પાસપોર્ટ પદ્ધતિની નાબૂદી, હિંદુ સ્ત્રીઓના હક વગેરે વિષયો પર ડંખરહિત વાણીમાં પોતાના વિચારો પ્રસારી રહ્યા હતા એ જાણો છો? સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, ફારસી (એમાં તો એક પત્રનું સપાદન પણ કરતા હતા), અરબી, હિબ્રૂ, સીરિયાક, ગ્રીક, અંગ્રેજી અને ફ્રેંચ તથા માતૃભાષા બંગાળી જેટલી ભાષાઓ તેઓ જાણતા હતા એ ખબર છે? ૨૪ વર્ષની વયે આરંભ કરીને પાંચેક વર્ષમાં તો, જેરેમી બેન્થામ જેવાને કહેવું પડે કે 'ઉચ્ચ શિક્ષણ પામેલા અંગ્રેજ જેટલું સુંદર' અંગ્રેજી તેઓ જાણતા થઈ ગએલા.

એમના જેટલી સિદ્ધિઓ ત્યારના કે આજના કોઈ હિન્દીએ મેળવ્યાનું જાણમાં નથી. અને આ બધું પણ એમણે કોઈ વિશિષ્ટ તાલીમ પામ્યા વિના અને અંગત જીવનની કડવાશ વચ્ચે હાંસલ કર્યું હતું. પિતા સાથેના મતભેદથી જન્મેલો સંઘર્ષ સદા ચાલ્યા જ કરતો; માતાએ તો એમને કોર્ટ સુધી ઘસડેલા; અને બચપણમાં પરણાવેલી ત્રણે પત્નીઓયે એમનાથી અલગ રહેતી. ધાર્મિક ઘેલછાવાળા ઝનૂની લોકોએ અનેકવાર એમની હત્યા કરવાના પણ પ્રયત્નો કરેલા. પરંતુ એમણે સ્વીકારેલા આદર્શોમાંથી આમાંનું કંઈ એમને ચળાવી શક્યું નહિ. ...

તિનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો. આ ગાળા દરમિયાન એ થોડો સમય દૂર તિબેટમાં પણ રહેલા, જ્યાં બૌદ્ધ ધર્મગ્રંથોનો એમણે અભ્યાસ કર્યો અને લામાઓની પૂજાનો વિરોધ કર્યો. એમના એકેશ્વરવાદનાં વિધાનો તથા મૂર્તિપૂજાના ખંડન-ખયાલોથી લામાભક્તો એવા તો ઉશ્કેરાયા કે એ ધર્માંધોએ એમના પર ખૂની હુમલો કર્યો; પણ સદ્‌ભાગ્યે કોઈ દયાળુ સ્ત્રી વચમાં પડી ને એમનો જીવ બચ્યો. એમનામાં પ્રદીપ્ત થએલી સ્ત્રી-સન્માનવૃત્તિના મૂળમાં આ પ્રસંગ પડેલો મનાય છે. ...

આ તરફ પુત્રની ગેરહાજરીથી રામકાન્તનું પિતૃહૃદય સોરવા લાગ્યું. દેશવટે ગએલા પુત્રને પાછો તેડાવવા એમણે માણસો મોકલ્યા. વીસ વર્ષનો પુત્ર રામમોહન પાછો તો ફર્યો. પણ ફરી પાછો કાશીમાં અભ્યાસ શરૂ કર્યો. કાશીવાસ દરમિયાન પિતા તરફથી પૂરતી આર્થિક સહાય ન મળતી ત્યારે હસ્તપ્રતોની નકલો કરીને તે કમાઈ લેતા. આમ, આર્થિક કે વૈચારિક પ્રતિકૂળતા એમને કદાપિ સ્વમત-સિદ્ધિમાંથી પાછા પાડી શકી નહોતી. દઢ શ્રદ્ધા ને અવિરત શ્રમથી એ જ્ઞાનોપાસના અને ધ્યેયપ્રાપ્તિને માર્ગે આગળ ધપતા જ રહ્યા. ઈ. ૧૭૯૬માં ચોવીસમે વર્ષે એમણે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો અને ચાર-પાંચ વર્ષમાં તો સારી રીતે બોલી શકે એવું અંગ્રેજી શીખી ગયા! આમ એક સાચા વિદ્યા-અર્થીની ધગશથી એમણે બંગાળી, ફારસી, અરબી, ઉર્દૂ, સંસ્કૃત, ગ્રીક, હિબ્રૂ, અંગ્રેજી, લૅટિન અને ફ્રેંચ એમ દરેક ભાષાઓનો અભ્યાસ કરેલો.

અભ્યાસ ને અનુભવનું આટલું ભાતું લઈ એમણે વ્યવસાયજીવનમાં પદાર્પણ કર્યું: ઈ. ૧૮૦૩માં રંગપુરના કલેક્ટર જૉન ડિગ્બીની કચેરીમાં કારકુન તરીકે જોડાયા. ત્યાં ધીમે-ધીમે બઢતી પામતા તે શિરસ્તેદારના પદે પહોંચ્યા અને આખરે દીવાનગીરી પ્રાપ્ત કરી. પોતાની કુનેહકામગીરીથી માત્ર દસ જ વર્ષમાં એમણે આટલી તરક્કી સાધી એ એમની બુદ્ધિ-પ્રતિભા ને કાર્યશક્તિની પ્રતીતિ કરાવી આપે છે.

રામગઢ, ભાગલપુર અને રંગપુરમાં ત્યાંના કલેક્ટર અને ન્યાયાધીશોના દીવાન તરીકે એમણે એટલો ધનસંચય કર્યો કે જેમાંથી માસિક રૂ. ૧૦૦૦ (એ વખતે)ની આમદાની થાય તેટલી જાગીર એ ખરીદી શકેલા! એ રંગપુરમાં હતા ત્યારે જ કલકત્તામાં, અપર સર્ક્યુલર રોડ પર, યુરોપીય ઢબે ચણાએલું વાડીવાળું એક મકાન એમણે ખરીદી લીધેલું. એમના આ પરિગ્રહની પાછળ ક્ષુલ્લક સ્વાર્થવૃત્તિ નહિ,

હરિ: ૐ આશ્રમ તરફનું
જૂન અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'બી. કે. મજમુદાર'ના લેખક
શ્રી નરેશ ભટ્ટને આપવામાં આવ્યું છે.

પરંતુ પોતે વિચારેલી ભાવિ સુધારક યોજનાની પરમાર્થ વૃત્તિનું દુરંદેશીપણું દૃષ્ટિગોચર થાય છે. એમણે વિચારી રાખેલું કે બને તેટલા જલદી નિવૃત્ત થઈ લોકહિતનાં કામે લાગી જવું. એમનામાં ઐહિક ધનલાલસા નહોતી તેની ખાતરી આ પ્રસંગ કરાવી આપશે. પોતાની માતા સાથે એમને ધાર્મિક વિચારસરણીની બાબતમાં વારંવાર તીવ્ર મતભેદ ઊભા થતા હતા. એનું પરિણામ એક દિવસ એવું આવ્યું કે માતાએ પુત્રને સપરિવાર ઘર છોડી જવાનું કહ્યું, એટલું જ નહિ, પરંતુ કુલાચારવિરોધી એમના ખયાલોને કારણે એમને મિલકતમાંથી રદબાતલ કરવામાં આવ્યા. રામમોહન રાય આ અન્યાય સામે દીવાની કોર્ટમાં લડયા. આખરે જીત્યા પણ ખરા; પરંતુ મિલકતમાંથી મળેલો પોતાનો હિસ્સો એમણે સ્વેચ્છાએ જતો કર્યો!

રંગપુરમાં રહ્યા તે દરમિયાન એમણે સમાજસુધારાની પોતાની ભાવિયોજના માટે પૂરતી સજ્જતા કરી લીધી હતી. વેદાંતના અભ્યાસનું ચર્વણ કર્યું તો તંત્રશાસ્ત્ર અને કલ્પસૂત્રો આદિ જૈન ધર્મગ્રંથોનું જ્ઞાન પણ મેળવી લીધું. સાથોસાથ અનેક પંડિતો સાથે ધર્મચર્ચા કરતાં અનેક સંઘર્ષો પણ વહોર્યા. દરરોજ સાંજે પોતાને ત્યાં એઓ ધાર્મિક ચર્ચાઓ યોજતા અને મૂર્તિપૂજા સામે તર્કબદ્ધ માર્ગે ઝઝૂમતા, આમ, ભાવિ કારકિર્દીનો આરંભ એમણે અહીંથી જ કરી દીધો હતો.

દસ વર્ષની નોકરી બાદ એમણે સમાજસેવાની કારકિર્દીનો ભેખ લેવા કાયમી નિવૃત્તિનો નિરધાર કરી લીધો, અને તદનુસાર ઇ. ૧૮૧૩માં નોકરી છોડી સુધારાના કાર્યમાં ઝંપલાવ્યું. થોડો સમય તો માતા તારિણીદેવી સાથે સ્વગૃહે જ રહ્યા પણ માતાના હૃદય ઉપર ધર્મ કરતાં ધર્માંધતાની જ પકડ વધુ જોરદાર અને એમાં ય સ્વભાવ જિદ્દી, એટલે રામમોહનને વારંવાર વૈચારિક ઘર્ષણ થતું, ફરી એક વાર સ્વમતનાં આગ્રહી માતાએ પુત્રને ઘરમાંથી હાંકી કાઢયા ને રામમોહન નજીકના રઘુનાથપુર નામે નાના ગામડામાં જઈને રહ્યા. એ તો ગામડું: વહેમ, કર્મકાણ્ડ અને મૂર્તિપૂજામાં ફસાએલું. એમણે ચર્ચા અને દલીલોથી લોકોને એમની માન્યતાની નિરર્થકતા જણાવી. પરંતુ આ સ્થિતિ માત્ર રઘુનાથપુરની જ નહોતી, સમસ્ત બંગાળની અને ભારતભરની હતી.

ઇ. સ. ૧૮૧૪માં એમણે કલકત્તામાં કાયમી વાસ કર્યો ત્યારે બંગ સમાજ ધર્માંધતા, રૂઢિચુસ્તતા, વહેમો ને કુરિવાજોમાં સબડતો હતો. બહુપત્નીત્વનો, સતી થવાનો અને બાળહત્યાનો રિવાજ ત્યાં સામાન્ય હતો. આ બધાંના મૂળમાં ધર્માંધતા છે એવી પોતાને પ્રતીતિ થતાં એમણે એની સામે લડત આપવાનું બીડું ઝડપ્યું. આ સમયે કલકત્તામાં સર વિલિયમ જોન્સ, સર હાઈડ-ઇસ્ટ, એચ. એચ. વિલ્સન, મૅકૉલે, કોલબ્રુક આદમ વગેરે બુદ્ધિશાળી અંગ્રેજો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવી રહ્યા હતા. એમાં એમને પોતાની પ્રવૃત્તિઓના આરંભ માટે અનુકૂળ વાતાવરણ મળી ગયું. એ વર્ષ તે ઈ. ૧૮૧૫નું. રામમોહન રાયના જીવનમાં એ વર્ષે ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. એમની કારકિર્દીની ચોક્કસ દિશા ખૂલી: એમણે સમાજોદ્ધારનો અહાલેક જગાવ્યો ને પ્રાચીન હિંદુ એકેશ્વરવાદના પુનર્સ્થાપનનો પ્રબળ પુરુષાર્થ આરંભ્યો, આ માટે એમણે પોતાના તલાવગાહી અભ્યાસના અર્ક સમાં પ્રકાશનોનો પ્રવાહ વહેવડાવ્યો. ઈ. ૧૮૧૫માં જ એમણે વેદાંત સૂત્રોને બંગાળીમાં ઉતાર્યાં. ઈ. ૧૮૧૬માં બંગાળી, ઉર્દૂ અને અંગ્રેજીમાં વેદાંતનો સંક્ષેપ આપવા ઉપરાંત 'કેન' અને 'ઈશ' ઉપનિષદનો બંગાળી-અંગ્રેજી અનુવાદ આપ્યો. ઈ. ૧૮૧૭માં 'કઠ' અને 'મુણ્ડક' ઉપનિષદના અંગ્રેજી–બંગાળી અનુવાદો ઉપરાંત 'હિંદુ ઈશ્વરવાદનો બચાવ' તેમજ 'વેદોની એકેશ્વરવાદ પદ્ધતિનો બચાવ બીજો' એમ સ્વતંત્ર પુસ્તકો પ્રગટ કર્યાં. ઈ. ૧૮૧૮માં 'માંણ્ડુક્ય' ઉપનિષદનું બંગાળી ભાષાંતર આપ્યું. આ રીતે લોકોની જ ભાષામાં ધર્મતત્ત્વનો સમ્યક્ ઉપદેશ આપવાની સર્જનાત્મક પ્રવૃત્તિ સાથેસાથે ચર્ચા ને વાદવિવાદ દ્વારા પ્રતિકારાત્મક પ્રવૃત્તિ પણ શરૂ કરી.

એક તરફથી હિંદુધર્મનું અસલ તત્ત્વ એમણે સમજાવવા માંડયું, તો બીજી તરફથી ખ્રિસ્તી મિશનરીઓના ધર્માંધ પ્રચારનો પડદો પણ એમણે ચીરવા માંડયો. એ માટે એમણે બાઈબલના 'જૂનો કરાર' અને 'નવો કરાર' મૂળ ભાષામાં જ વાંચવાનો આગ્રહ રાખ્યો. અને મિ. આદમ દ્વારા એ ગ્રીક અને હિબ્રૂ ભાષાઓ શીખ્યા. પરિણામે એમણે ઈ. ૧૮૨૦માં બાઈબલની ચાર મહત્ત્વની ગૉસ્પેલનો સારબોધ આપતું પુસ્તક 'ઈસુનો ઉદ્‌બોધ' નામથી પ્રગટ કર્યું, મૂળમાંનો ચમત્કારોવાળો ભાગ આમાં ટાળી દીધો હોવાથી એની સામે વિરોધનો જબ્બર વંટોળ ઊઠયો, પરંતુ અખૂટ ધીરજ અને અપાર હિમ્મતથી એમણે પોતાના પુસ્તકનો બચાવ કર્યો. એમના આ બચાવમાં ચોકસાઈ, વિધાનોની સ્પષ્ટતા અને વિશદતાની સાથેસાથે એમણે આત્મવિવેકનું જે ગૌરવ જાળવીને વિરોધીઓ પ્રત્યેની સહાનુભૂતિ તથા ઉદારતા દાખવ્યાં છે તે સર્વકાળે સહુ વિરોધવાદીઓને આદર્શ નમૂનો પૂરો પાડે તેવાં છે.

કુરાન, બાઈબલ અને વેદમાં મૂળભૂત એક જ ઈશ્વરની જે વાત કરી છે તેનો ઊંડો અભ્યાસ કરી હવે એમણે જુદાજુદા ધર્મના લોકોને એક જ 'પરમેશ્વર'ના છત્ર નીચે લાવવાનો ઉત્સાહભર્યો પ્રયાસ કર્યો. જગતનો કર્તા-ભર્તા-હર્તા એક જ છે; માટે એની ધ્યાનોપાસના ઉપરાંત માનવમાં દયા, ઉદારતા, નીતિમત્તા, પવિત્રતા અને ભ્રાતૃભાવના દૃઢ બને એવા એમના ધર્મપ્રયાસો હતા. એમના આ કાર્યની ફલશ્રુતિ એટલે 'આત્મીય સભા'ની સ્થાપના, અને એમાંથી 'બ્રહ્મોસમાજ'નો અંતિમ વિકાસ. એકેશ્વરની એ આરાધના માટે ઇ. ૧૮૨૮ની ૨૫મી ઑગસ્ટે એમણે એક એવું જાહેર દેવળ ખુલ્લું મૂક્યું, જ્યાં કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનો મનુષ્ય આવીને એકેશ્વરની આરાધના સાથે માનવીય ગુણનો વિકાસ સાધી શકે, અને એ રીતે વિશ્વબંધુત્વ અને વિશ્વશાંતિની સ્થાપનામાં ફાળો આપી શકે. આવી વિશાળ વિશ્વૈક્યની ભાવના પર મંડાએલી એમની ધર્મદૃષ્ટિ હોવા છતાં એક બાજુ સીરામપુરના ડૉ. માર્શમૅન અને ડૉ. ટાઈટલર જેવા રૂઢિચુસ્ત ખ્રિસ્તી મિશનરીઓના, તો બીજી બાજુ બ્રહ્મણ્યમ્ શાસ્ત્રી અને બિહારીલાલ ચોબે જેવા સનાતની હિંદુ પંડિતોના સંઘર્ષમાં એમને ઊતરવું પડેલું. આ સૌને એઓ જે મક્કમતાથી રદિયા આપતા તેમાં એમની સૂક્ષ્મ સૂઝ અને પરિપક્વ તર્કશક્તિનાં દર્શન થાય છે.

આપણે આગળ જોઈ ગયા કે માતાએ એમને ઘર છોડવાની ફરજ પાડતાં એઓ રઘુનાથપુર જઈ વસેલા. ત્યાં એમણે એક અટૂલી સ્મશાનભૂમિ પર ઘર બાંધી વહેમો ને રૂઢિ સામે સક્રિય પગલું ભર્યું. એ મકાનની આગળના ભાગમાં પ્રાર્થના માટે એક ચોતરો ચણ્યો અને ચોતરાની આગળની બાજુએ લખાવ્યું: ૐ 'तत् सत्'. જ્યારે બાકીની ત્રણ બાજુ પર લખાવ્યું 'एकमेवाद्वितीयम्'. આ વાંચીને તેમનાં પત્નીએ જ પૂછ્યું: 'કયો ધર્મ શ્રેષ્ઠ?' રામમોહન રાયે જવાબ આપ્યો: 'ગાયો તો વિવિધ રંગની હોય છે, પરંતુ જે દૂધ એઓ આપે છે તેનો તો રંગ એક જ છે. વિવિધ ધર્મગુરુનાં વિવિધ મંતવ્યો હોય છે, પરંતુ


દરેક ધર્મનો અર્ક તો છે સન્માર્ગ ગ્રહણ કરવો તે. અને એનો અર્થ એ કે નિષ્ઠાભર્યું જીવન ગુજારવું.' આ વાક્યો પરથી આપણે જોઈ શકીએ છીએ કે એમની ધર્મદૃષ્ટિ જીવનમંડિત હતી. એ કાળે વ્યાપેલા શુષ્ક સાધુત્વ, વિવેકહીન લાગણીવેડા અને મિથ્યા અળગાપણાની ભાવનાને એ ધિક્કારતા; કેમ કે પરલોકની ચિંતામાં ડૂબેલો તત્કાલીન સમજહીન માનવસમાજ ઈહલોકની ઉપેક્ષા કરી આ જીવન વેડફી નાખતો હતો.

ધર્મના ક્ષેત્રને આમ પોતાની સુધારાપ્રવૃત્તિનું કેન્દ્ર બનાવી રામમોહન રાયે સમાજ, શિક્ષણ અને રાજકારણ જેવાં ક્ષેત્રોમાં પણ પોતાની પ્રતિભા કૉળાવી હતી. સામાજિક ક્ષેત્રે એમનું મહત્ત્વનું પ્રદાન છે સ્ત્રીઓની ઉન્નતિ સાધવા એમણે કરેલા અથાક પ્રયાસો. એમાં ય સતી થવાના ચાલ સામે જે વિરોધનો નાદ એમણે જગાવ્યો તે તો ભારતની સુધારા પ્રવૃત્તિ ને રામમોહન રાયની કારકિર્દીનું મહત્ત્વનું પ્રકરણ બની રહ્યું. સમાજમાં ત્યારે સ્ત્રીઓની સ્થિતિ ચાકરથી પણ ભૂંડી હતી. એ દબાએલી-કચડાએલી હાલતમાં જીવન ગુજારતી. એને કેળવણીનો કે કુટુંબની મિલકતનો કોઈ અધિકાર જ નહોતો. આ બધી બાબતો જેટલી ખુદ સ્ત્રીઓને નહોતી ખૂંચતી તેટલી રામમોહન રાયને ખૂંચતી. એટલે તો એમણે સ્ત્રીસન્માન, સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીકેળવણી માટે ભગીરથ પ્રયત્નો માંડયા.

સતી થવાના ચાલ સામે એમણે જે જબ્બર ઝુંબેશ ઉપાડી તેના મૂળમાં જે પ્રસંગ રહેલો છે તે ખરેખર હૃદય-વિદારક છે. ઇ. ૧૮૧૧ની આસપાસનો એ બનાવ છે. રામમોહન રાયના મોટા ભાઈ જગન્મોહન મૃત્યુ પામ્યા ત્યારે તેમની પતિવ્રતા પત્ની અલકમંજરીએ પતિની ચિતા પર ચડીને પ્રાણાહુતિ આપવાનો નિર્ણય કર્યો. રામમોહન રાયે ભાભીને તેમ ન કરવા ખૂબખૂબ સમજાવ્યાં, છતાં પણ ધર્માંધ રૂઢિમાં બદ્ધ ભાભીએ પોતાની હઠ પકડી જ રાખી અને રામમોહન રાયને નિઃસહાય થઇ એ દૃશ્ય જોવું જ પડયું! ખડકાએલી ચિતા પર સતી (!) ચડયાં, પણ જેવી ચિતા સળગાવવામાં આવી કે એ અગનજ્વાળાઓથી ગભરાઇને અલકમંજરીએ ચિતા છોડી ભાગવાનો પ્રયાસ કર્યો. પરંતુ ત્યાં એકઠા થએલા વહેમી લોકોએ તો તેને અપશુકન માનીને એને ભાગી જતી અટકાવી, વાંસડા મારીમારીને અગ્નિમાં ધકેલી બળાત્કારે સતી કરવા માંડી અને એ બળતી બાઇની આર્ત ચીસો ન સંભળાય એટલા માટે ઢોલ આદિ વાજિંત્રોના જોરશોરથી અવાજો કરવા માંડયા. રામમોહન રાયને રડતા હૃદયે આ પાશવી દૃશ્ય જોઈ રહેવું પડયું. એમણે એ સ્મશાનભૂમિમાં જ મન સાથે મડાગાંઠ વાળી કે સતી થવાનો દુષ્ટ ચાલ દૂર કરીને જ જંપીશ. આ દિશાના એમના પુરુષાર્થનું પરિણામ એ આવ્યું કે ઇ. ૧૮૨૭માં લૉર્ડ વિલિયમ બેન્ટિકે કાયદા દ્વારા રિવાજ બંધ કર્યો. એ વખતના નામાંકિત અંગ્રેજ સજ્જન રેવ. જે. ફૉક્સે રામમોહન રાયના આ પુરુષાર્થને બિરદાવતાં લખ્યું છે: 'એમની જ મક્કમતા, પ્રબુદ્ધ તર્કશક્તિ અને અવિરત પ્રયત્નોએ બંગાળની સરકારને સતી થવાનો ચાલ અટકાવવા સમર્થ બનાવી એ નિઃશંક છે.' વળી, સ્ત્રીઓને સમાન હકો મળે એ માટે એમણે શાસ્ત્રોક્ત પ્રમાણો રજૂ કર્યાં અને સમાજમાં એમને સમાન તકો મળે એ માટે પણ અનેક અભિપ્રાયો પેશ કર્યા.

એમની સુધારકપ્રવૃત્તિનું બીજું મહત્ત્વનું ક્ષેત્ર હતું શિક્ષણનું. એ કાળે શિક્ષણક્ષેત્ર સાવ પછાત હતું. ત્યારે રામમોહન રાય જ પ્રથમ પુરુષ હતા જેમણે અંગ્રેજી શિક્ષણનો મહિમા પહેચાન્યો. પરલોકની દૃષ્ટિએ ઈહલોક પ્રત્યે લોકો જે ઉપેક્ષા સેવતા તે દૂર કરવા એમણે ઇતિહાસ, વિજ્ઞાન, રાજકારણ ને સાહિત્યનો પરિચય કરાવવા 'સંવાદ કૌમુદી'નામે બંગાળી, ને 'મિરાત-ઉલ-અખબાર' નામે ફારસી સામયિક શરૂ કર્યાં. તેમ જ બંગાળી ભાષાને સર્વ વિષયની અભિવ્યક્તિનું સબળ સાધન બનાવવા એમણે વ્યાકરણ, ભૂગોળ, ગણિત વગેરેનાં પુસ્તકો બંગાળીમાં જ લખ્યાં.






બ્રિસ્ટલ (ઇંગ્લૅન્ડ)ના મ્યૂઝિયમમાં મૂકેલું રાજા રામમોહન રાયનું અંગ્રેજ કલાકાર એચ. પી. બ્રિગ્ઝે કરેલું તૈલચિત્ર

આથી આધુનિક બંગાળી ગદ્યના પિતા તરીકે એઓ સ્થાપિત થયા.

પોતે સંસ્કૃતના ઊંડા અભ્યાસી ને અનુરાગી હોવા છતાં સંસ્કૃત વ્યાકરણાદિનો પ્રજાને એ વખતે વિગતપૂર્ણ અભ્યાસ કરાવવાની બાબત



1 St. Bedford Square
April 19th 1833

Dear Sir,

Not having been sufficiently fortunate yesterday to find you, or any of your friends at home, I feel induced to make one or two remarks in writing to which from what I heard from you on Sunday night, I think you will agree. They are as follows:- It is not necessary, either in England or in America, to oppose Religion in promoting the social, domestic and political welfare of the Inhabitants, particularly a system of Religion which inculcates the doctrine of universal Love and Charity. Did such Philanthropists as Locke & Newton oppose Religion? Tho' they earnestly tried to remove the perversions gradually introduced in Religion. Admitting for a moment that the Truth of the Divinity of Religion

રામમોહન રાયના અંગ્રેજી હસ્તાક્ષર: ઇંગ્લૅન્ડમાં સમાજવાદી ઝુંબેશના અગ્રદૂત રૉબર્ટ વેઈન-ના પુત્ર પર રામમોહન રાયે લખેલા પત્રનો એક અંશ.

એમણે વિરોધ કરેલો. લોકોની ઐહિક ઉન્નતિ માટે પાશ્ચાત્ય ઢબની કેળવણી અંગ્રેજી માધ્યમ દ્વારા આપવાની એ જોરદાર હિમાયત કરતા. પોતાના આ વિચારો દર્શાવતો જે પત્ર એમણે ત્યારના ગવર્નર જનરલ લૉર્ડ ઍમહર્સ્ટને ઈ. ૧૮૨૩માં લખેલો, એમાં એમણે ગણિતશાસ્ત્ર, પ્રાકૃતિક જ્ઞાન, રસાયણશાસ્ત્ર, અસ્થિવિદ્યા વગેરેનું જ્ઞાન પ્રજાને આપવું જોઈએ તે ભારપૂર્વક સમજાવેલું. સાથોસાથ ઈ. ૧૮૨૨માં એમણે પોતાને જ ખર્ચે અંગ્રેજી દ્વારા શિક્ષણ આપતી ઍંગ્લો-ઇન્ડિયન સ્કૂલ કાઢી. એ શાળામાં રૂપિયા ૧૫૦ અને ૭૦ના માસિક વેતનથી કામ કરતા બે શિક્ષકો ૬૦ થી ૮૦ વિદ્યાર્થીઓને ભણાવતા. રવીન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથ ટાગોર જેવી મહત્ત્વની વ્યક્તિઓ એ શાળામાં ઘડાઈ હતી.

તે પછી ઈ. ૧૮૨૩માં જ્યારે હિંદુ પંડિતોના સંચાલનથી સંસ્કૃત માટેની 'હિંદુ સ્કૂલ' સ્થાપવાની દરખાસ્ત આવી ત્યારે પાશ્ચાત્ય કેળવણીના હિમાયતી રામમોહન રાયે એનો વિરોધ કરતો પત્ર લૉર્ડ ઍમહર્સ્ટને લખ્યો. એમની દલીલોથી સરકાર પ્રભાવિત થઈ. પરિણામે સંસ્કૃત કૉલેજ માટે નક્કી થએલો પાયાનો પથ્થર 'હિંદુ કૉલેજ'ના શિલાન્યાસમાં વપરાયો. આ પહેલાં ભલા શિક્ષણકાર ડેવિડ હૅરને એ પ્રકારની શિક્ષણયોજનામાં રામમોહન રાયનો સાથ મળી ગએલો એટલે એ બન્નેએ સાથે મળી સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિ સર એડવર્ડ હાઈડ-ઈસ્ટને પોતાની યોજના સમજાવી. એમનો પણ આ યોજનાને ટેકો મળી ગયો. આ રીતે શરૂ થએલી 'હિંદુ કૉલેજ'માં પછી 'સંસ્કૃત કૉલેજ, પણ ભેળવી દેવામાં આવી.

આ 'હિંદુ કૉલેજ'ના સંચાલક મંડળમાં રામમોહન રાયને લેવામાં આવેલા, પરંતુ એમાં 'સંસ્કૃત કૉલેજ'નો સમાવેશ હતો એટલે સંચાલક મંડળના રૂઢિવાદીઓને આ સુધારાવાદી પર શંકા રહેતી. રામમોહન રાયને આની ગંધ આવતાં, સર્પ કાંચળી ઉતારે એટલી સ્વાભાવિકતાથી, સંચાલક મંડળમાંથી રાજીનામું આપી દેતાં એમણે જણાવ્યું: 'સંચાલન-મંડળમાં મારી હાજરીથી જો કૉલેજને સહેજ પણ નુકસાન થતું હોય તો એ મોભો હું ઇચ્છતો નથી.' હિંદુ કૉલેજના ઘડતરમાં અથેતિ ફાળો આપનાર રામમોહન રાય આમ સહેલાઈથી સંચાલક મંડળ છોડી જાય એ એમનું હૃદયઔદાર્ય, નિસ્પૃહી કર્મબુદ્ધિ અને નિષ્ઠાવાન હેતુશુદ્ધિ પ્રગટ કરે છે. આજની કેળવણીસંસ્થાઓના સંચાલનમંડળની હોદ્દાકીય સાઠમારી રામમોહન રાયના આ ત્યાગચિત્ર સામે કેવી વામણી લાગે છે!

આ કૉલેજની સ્થાપના પછી પૌરસ્ત્યો ને પાશ્ચાત્યોના બે પક્ષ પડી ગએલા. પૌરસ્ત્યોના અગ્રેસર જાણીતા પ્રાચ્યવિદ્યાવાદી જેઈમ્સ પ્રિન્સેપ; જ્યારે પાશ્ચાત્યોના અગ્રેસર હતા લૉર્ડ મેકૉલે. રામમોહન રાય સ્વાભાવિક રીતે જ મૅકૉલેના પક્ષકાર બન્યા. આ બન્ને પક્ષના એક દસકાથી પણ વધુ ચાલેલા સંઘર્ષને પરિણામે ભારતને એ વખતની જરૂરિયાત પ્રમાણે પાશ્ચાત્ય કેળવણીનું માળખું મળ્યું. હવે આજે આપણા શિક્ષણક્ષેત્રમાં ગતાનુગતિક શિક્ષણકારો કરતાં જમાનાની જરૂરિયાત પારખીને ચીલો ચાતરનારા કેટલા બધા રામમોહન રાયોની આપણને જરૂર છે!

આધુનિક કેળવણીના માળખાના પુરસ્કર્તા રામમોહન રાય વિવેકપૂત શિક્ષણકાર હતા. તેથી જ એમણે વેદાંતના જ્ઞાન માટે ઉત્તર કલકત્તાની માણિક તોલા સ્ટ્રીટમાં ઈ. ૧૮૨૬માં 'વેદાંત કૉલેજ'ની પણ સ્થાપના કરેલી. એમની દૂરંદેશ દૃષ્ટિએ શિક્ષણમાં પાંડિત્ય કરતાં વિજ્ઞાન અને સંસ્કૃતિના સમન્વયમાં શ્રેય નિહાળેલું. એથી જ એમણે પૂર્વ અને પશ્ચિમનો, સિદ્ધાંત અને વ્યવહારનો, વિજ્ઞાન અને સંસ્કૃતિનો, ગત અને અનાગતનો શિક્ષણના માળખામાં સુભગ સમન્વય થાય તેમ ઝંખ્યું હતું. આમ, જે શૈક્ષણિક ઉત્સાહ પાછળથી ભારતભરમાં વ્યાપી વળ્યો તેના અગ્રેસર હતા રાજા રામમોહન રાય.

નવજાગૃતિની એમની આ પ્રવૃત્તિથી જીવનનું એક પણ ક્ષેત્ર ત્યારે એમના સ્પર્શે વિહોણું રહેવા પામ્યું નહોતું. રાજકીય ક્ષેત્રે પણ એમણે પોતાની દીર્ઘદૃષ્ટિ અને અનુભવસૃષ્ટિનો લાભ આપ્યો હતો. પોતે જમીનદારના વંશજ હોવા છતાં એમણે દીનદુખિયાં પ્રત્યે જ પોતાની અનુકમ્પા ઢળતી રાખી હતી. એમના ગામમાં એમના જ બજારમાં ગરીબ ધંધાદારીઓ પોતાનો માલ વેચી પેટિયું રળતા. વખત જતાં રામમોહન રાયના જ્યેષ્ઠ પુત્ર રાધાપ્રસાદે એમની પાસેથી ભાડા પેટે કંઈક રકમ ઉઘરાવવા માંડી. રામમોહન રાયની જાણમાં આ આવતાં એમનું દિલ કકળી ઊઠયું. એમણે પુત્રને બોલાવી સઘળી હકીકત જાણી. પછી દુઃખના માર્યા કપાળ કૂટીને બોલ્યા: 'ઓ, પરમેશ્વર! આ દુઃખી લોકો સામાન્ય ભાવે માલ વેચીને પેટનો ખાડો પૂરવાનો પ્રયત્ન કરે છે તેમના

ઉપર આ શો જુલમ!' રાધાપ્રસાદ પિતાની આ હૈયાવરાળથી શરમાઈ ગયા. ત્યારથી એ દુખિયાંને માટે ભાડાનો પ્રશ્ન ઊકલી ગયો. 'ગરીબી હટાઓ'નો આ કેવો આત્મ-આરંભ્યો, સક્રિય અને મૂંગો સૂત્રપ્રચાર!

ભારતના સફળ ને સરળ વહીવટી સંચાલન માટે એમણે જે સૂચનો કરેલાં તે એમની વ્યવહારુતાની પ્રતીતિ આપે છે. ન્યાય અને મહેસૂલ ખાતાંને અલગ અલગ કરી એના હોદ્દેદારો પણ જુદાજુદા હોવા જોઈએ એવી એમની ભલામણ હતી. વળી, દીવાની કોર્ટમાં સ્થાનિક મોજણી અધિકારીની નિમણૂક થવી ઘટે એવું પણ તેમનું મંતવ્ય હતું. વહીવટી અને ન્યાય ખાતાં પણ જુદાં હોવાં જોઈએ એમ એમણે કહેલું. આ બધાની પાછળ ભારતના લોકોનું હિત જ એમની નજરે વસેલું હતું.

...સ્વાતંત્ર્ય માટે પણ એમનો પ્રાણ સદા તડપતો રહેતો; છતાં એમનું સ્વદેશાભિમાન સંકુચિત નહોતું. આથી જ ઈ. ૧૮૩૦ની ફ્રેંચ ક્રાંતિ વખતે કે સ્પેઈનમાં બંધારણીય સરકારની સ્થાપના થઈ તે વખતે એમણે જાહેર ખુશી વ્યક્ત કરી હતી, અને કલકત્તાના ટાઉન હૉલમાં જાહેર ભોજન-સમારંભ પણ ગોઠવ્યો હતો. એમના રાજકીય અભિપ્રાયો અને પ્રવૃત્તિઓના મૂળમાં પણ આ સ્વાતંત્ર્યપ્રેમની ભાવના જ કામ કરી રહી હતી. એમની ઉત્કટ સ્વાતંત્ર્ય ઝંખના માટે એમના મિત્ર આદમ એમને આ પ્રમાણે અર્ઘ્ય આપે છે: 'He would be free or not be at all...Love of freedom was perhaps the strongest passion of his soul—freedom not of action merely, but of thought.' (એ કાં તો મુક્ત થાય અથવા મિટ જાય. સ્વાતંત્ર્યપ્રેમ એ કદાચ એમના આત્માનો ઉત્કટમાં ઉત્કટ આવેગ હતો—માત્ર કાર્યોનું જ સ્વાતંત્ર્ય નહિ, વિચારનું પણ ખરું.) આથી જ જ્યારે ઈ. સ. ૧૮૨૩માં અખબારી વટહુકમ બહાર પડયો કે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલનો પરવાનો મેળવ્યા વગર કોઇએ વર્તમાનપત્ર બહાર પાડવું નહિ ત્યારે એમને અખબારી સ્વાતંત્ર્ય ભયમાં મુકાએલું લાગ્યું અને કેટલીક મોટી વ્યક્તિઓની સહીઓ સાથે એનો હિંમતપૂર્વક વિરોધ કર્યો. જો કે એમાં એમને નિષ્ફળતા મળી એ જુદી વાત. એ વખતે એઓ 'સંવાદ કૌમુદી' નામક સાપ્તાહિક દર મંગળવારે પ્રગટ કરતા હતા. એ સામાન્ય જનો માટે હોઈ બંગાળી ભાષામાં પ્રસિદ્ધ થતું, જ્યારે દર શુક્રવારે બુદ્ધિજીવીઓ ને કેળવાએલા માટે પ્રગટ થતું એમનું બીજું સાપ્તાહિક 'મિરાત-ઉલ-અખબાર' (સમાચાર-દર્પણ) ફારસીમાં પ્રસિદ્ધ થતું. એમાં એમનું નીડર ને નિષ્ઠાવાન પત્રકારત્વ ઝળકી ઊઠતું. સરકારના ઉક્ત વટહુકમના વિરોધમાં એમણે 'મિરાત-ઉલ-અખબાર' બંધ કર્યું હતું.

વળી, ઈ. ૧૮૨૭માં નવો જ્યુરી કાયદો પસાર થયો. તેમાં દેશની ન્યાયપદ્ધતિમાં ધાર્મિક પાયા પર ભેદભાવો દાખલ થતા હતા. એની સામે પણ એમણે વિરોધનો સૂર ઉઠાવેલો. એમાં યે એ નિષ્ફળ ગયા, છતાં આ બાબત જ્યારે છેક ઇંગ્લૅન્ડ પહોંચી ત્યારે ત્યાં પણ એમણે સજ્જડ દલીલો કરીને ન્યાયખાતામાં લાયક દેશીઓને સ્થાન આપવાની મજબૂત ભલામણ કરેલી. કોઈ પણ નવો કાયદો ઘડતાં પહેલાં સરકારે લોકોના પ્રતિનિધિ સમા દેશના પ્રમુખ પ્રતિષ્ઠિત પુરુષોની સલાહ લેવી જોઇએ એ મંતવ્યમાં પણ એમનું લોકશાહી વલણ સ્પષ્ટપણે આગળ તરી આવે છે. ખેડૂતોનો પક્ષ લઈ ખેતી પરના કરનો પણ એમણે વિરોધ કરેલો. એ જમાનામાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મીઠાના વેપારની ઈજારાશાહી સામે પણ એમણે અવાજ ઉઠાવેલો. આમ છતાં અંગ્રેજી અમલની ભારતનાં પુનરુત્થાન અને નવજાગ્રતિમાં જે દેન છે તેનો ખૂબ જ કૃતજ્ઞભાવે ઉલ્લેખ પણ કરેલો છે. મુસ્લિમ સત્તાધીશો પ્રત્યે એમને માન હતું, છતાં અંગ્રેજ વહીવટકારોની બુદ્ધિમત્તા અને શક્તિ પ્રત્યે એમને વધારે ભરોંસો હતો. તેથી જ પોતાની આત્મકથામાં આ ઋણ અદા કરતાં એમણે લખ્યું છે: "...Their rule, though



બ્રિસ્ટલ (ઇંગ્લૅન્ડ)માં રામમોહન રાયનું નિવાસસ્થાન
'સ્ટેપલ્ટન ગ્રોવ'-જ્યાં એમનો દેહ પડયો.

a foreign yoke, would lead more speedily and surely to the amelioration of the native inhabitants." (એમનો અમલ, એ પરદેશી ધૂંસરી છે તો પણ, દેશીઓની ઉન્નતિ પ્રતિ વધુ ઝડપે અને વધુ ખાતરીથી ગતિ કરશે.) આપણે એક રીતે, એ અનુભવ્યું પણ છે કે એમનો આ વિશ્વાસ અંધ રાજભક્તિ નહોતી, પણ વિરોધીની કુનેહશક્તિની નિખાલસ કદરદાની હતી. એમનાં રાજકીય મંતવ્યો અને પ્રવૃત્તિઓ એમને કુશળ, બહુશ્રુત અને દૂરંદેશ રાજકારણી પુરુષ તરીકે પુરવાર કરે છે.

ઈ. ૧૮૧૫ના અરસામાં વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તિમાં એઓ સક્રિય બન્યા પછી ઈ. ૧૮૩૦ સુધીનાં પંદર વર્ષમાં તો એમણે પોતાની નીડર સુધારક નવરચનાની વિચારસરણીથી પોતાનું વ્યક્તિત્વ માત્ર બંગાળ જ નહિ પરંતુ સમગ્ર ભારતવર્ષ પર છાયી દીધું હતું. હવે તો એમની ખ્વાહેશ હતી પરદેશ જઈ ત્યાંના સમાજ, ધર્મ, રીતરિવાજો આદિનો પ્રત્યક્ષ અભ્યાસ કરવાની. આમ તો એમને આ ઇચ્છા જાગેલી ઈ. ૧૮૧૭માં. ત્યારે એમણે પોતાના મિત્ર મિ. ડિગ્બીને ઇંગ્લૅન્ડ જવાનો

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૯

ખરજવું

ખરજવું (એક્ઝિમા) લોહીના બગાડનો એક હઠીલો રોગ છે. તે ધીમેધીમે વિસ્તરે છે અને ચામડીને જાડી તથા બેડોળ બનાવી દે છે. આયુર્વેદમાં ખરજવાને 'વિચર્ચિકા' કહે છે. જે ખરજવામાંથી પાણી ઝરે છે કે પરૂ જેવું ચીકણું પ્રવાહી વહે છે તે લીલું ખરજવું. સૂકા ખરજવામાંથી કોઈ જાતનો સ્રાવ થતો નથી. ખરજવામાં ખૂબ ખંજવાળ આવે છે. કોઈ ચોક્કસ ચિકિત્સાથી તે મટતું નથી. તેને માટે અનેક પ્રયોગો પ્રચલિત છે, તે દરેકને વારાફરતી લાંબા સમય માટે અજમાવી જેવા જોઈએ.

ચિકિત્સા: ૧) ડામરનો પાટો બાંધવો. ૨) તાંદળજાની ભાજી અને મરીના ચૂર્ણની લૂગદી બનાવી ખરજવા ઉપર ૨૪ કલાક બાંધી રાખવી. ૩) તલનું તેલ, કોપરેલ કે દીવેલનું માલિશ કરવું. ૪) બાફેલ બટાટાની છાલ કાઢી ખરજવા ઉપર બાંધવી. ૫) ગાયના છાણનો પાટો બાંધવો. ૬) લીંબાળીના 'નિંબ તેલ'નું માલિશ કરવું. ૭) ગંધકના મલમમાં મોરથુથુ મેળવી લગાવવું. ૮) સ્વચ્છતા રાખવી અને નિયમિત લોહીશુદ્ધિની દવા ખાવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

'કુમાર'નું કનકપર્વ: ૬૦૦મો અંક

આગામી ૧૯૭૩નું વર્ષ એ 'કુમાર'નું ૫૦મું વર્ષ હશે.

અને દરેક સોમો અંક ખાસ અંક તરીકે કાઢવાની (આપણે ત્યાં 'કુમારે' જ શરૂ કરેલી પ્રથા અનુસાર) ડિસેમ્બર ૧૯૭૩નો અંક એ તેનો ૬૦૦મો અંક હશે.

આ રીતે એ અંક બેવડા મહત્ત્વનો બની રહેવાનો:

૬૦૦મો અંક અને સુવર્ણજયંતી અંક

એ અંકમાં વિગતવાર જણાવેલી રીતે સમૃદ્ધ બનનાર એ અંકનો લાભ નીચેની ચાર રીતે જ મળી શકશે:

૧) પાછલાં વર્ષોથી ચાલ્યા આવતા બધા જ ગ્રાહકોને
૨) આ વર્ષથી શરૂ થઈ ચાલુ રહેનાર બધા ગ્રાહકોને
૩) ૧૯૭૩થી શરૂ થઈ બે વર્ષનું લવાજમ ભરનારને
૪) રૂ. ૩૦૦ ભરીને આજીવન ગ્રાહક થનાર સૌકોઈને

લવાજમમાં વધારો

સુદ્રણસામગ્રી અને પોસ્ટેજના ભાવવધારાને લીધે ઘણાંખરાં સામયિકોની પેઠે અમારે પણ નાછૂટકે લવાજમ રૂ. ૧૭થી વધારીને રૂ. ૧૮ કરવું પડ્યું છે. જેનો અમલ આ વર્ષના સપ્ટેમ્બર માસથી ગણાશે.

પોતાનો મનોરથ લખી પણ જણાવેલો. પરંતુ પરદેશના પ્રવાસની એ તક તો એમને સાંપડી છેક ૧૮૩૦માં.

એ વખતે દિલ્હીના તખ્ત પર નામનો મુઘલ રાજા અકબર-બીજો બિરાજતો હતો. રામમોહન રાયની પ્રતિષ્ઠાથી પ્રભાવિત થઈને એણે અંગ્રેજ કંપની દ્વારા પોતાને થએલા અન્યાયોની કેફિયત ઇંગ્લૅન્ડની સરકાર સમક્ષ રજૂ કરવા રામમોહન રાયને એલચીપદ આપીને ઇંગ્લૅન્ડ મોકલવાનો નિરધાર કર્યો. અને એના અનુસંધાનમાં એણે રામમોહન રાયને 'રાજા'નો ઈલકાબ આપ્યો. ત્યારથી રામમોહન રાય 'રાજા' રામમોહન રાય બન્યા. આ ઉપરાંત ઇંગ્લૅન્ડનો પ્રવાસ ખેડવાનાં એમની પાસે બીજાં પણ બે કારણો હતાં: એક—હાઉસ ઑવ કૉમન્સમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો કરાર તાજો થવાનો હતો એ ટાણે ભારતના લોકોના હક્કો અને હિતો વધુ જળવાય એ જોવું; બીજું—સતી થવાનો ચાલ સરકારે કાયદા દ્વારા બંધ કર્યો તેનો વિરોધ કરવા રૂઢિચુસ્તોનું એક પ્રતિનિધિમંડળ અંગ્રેજ રાજાના દરબારમાં જવાનું હતું તેનો સામનો કરવો.

આટલી કામગીરી સાથે લઈને એમણે ૧૮૩૦ના નવેમ્બરની ૧૫મી તારીખે 'આલ્બીઅન' જહાજ દ્વારા કલકત્તાનું બારું છોડ્યું. એ વખતે પોતાનો પુત્ર રાજા રામરાય અને બે હિંદુ સેવકો રામરતન મુખરજી તથા રામહરિ દાસ એમની સાથે હતા. ઇંગ્લૅન્ડ જતાં વચ્ચે 'કેઈપ'માં એક-બે કલાક ઊતરેલા, પણ કમભાગ્યે એ વખતે અકસ્માતનો ભોગ થઈ પડ્યા. એ ઊતરી રહ્યા હતા ત્યારે સીડી બહાર ન હોવાથી પડી ગયા. પરિણામે પગ ભાંગ્યો અને અઢાર મહિના લંગડા રહ્યા. પ્રવાસના આરંભમાં જ આવેલી આવી મુશ્કેલીઓ છતાં ય એઓ નાસિપાસ ન થયા અને સમગ્ર પ્રવાસ દરમિયાન એમણે એનું એ અસુખ ક્યાંય કળાવા ન દીધું. આવી હાલતમાં એઓ ઈ. ૧૮૩૧ના એપ્રિલની ૮મી તારીખે લિવરપુલ ઊતર્યા. પરંતુ એમના પહોંચતાં પહેલાં જ એમની પ્રતિષ્ઠા તો ત્યાં ક્યારની યે નાંગરી ચૂકી હતી. ત્યાં ઠેર ઠેર એમનો સત્કાર થયો. રાજદરબારમાં અન્ય દેશોના એલચીઓ સાથે જ એમને સ્થાન આપવામાં આવ્યું. એમનાં દૃષ્ટિસંપન્ન મંતવ્યો, વિનયી રીતભાત અને ગૌરવશાળી વ્યક્તિત્વથી બધાં ખૂબ જ આકર્ષાએલાં.

૦૦પછી તો એમને પારી(સ) અને ફ્રાન્સના બીજા ભાગોની મુલાકાત લેવાનું આમંત્રણ મળ્યું. ત્યાંથી ઇંગ્લૅન્ડ આવ્યા બાદ બ્રિસ્ટલમાં આરામ લેવા જવાનું આમંત્રણ મળતાં ઈ. ૧૮૩૩ના સપ્ટેમ્બરમાં ત્યાં ગયા. ત્યાં 'સ્ટેપલ્ટન ગ્રોવ' નામક મકાનમાં એમનો ઉતારો હતો. ત્યાં ૧૮મી સપ્ટેમ્બરે એમને તાવ લાગુ પડ્યો. છતાં એ જરા યે ગભરાયા નહિ. જે જીવનના સંઘર્ષોથી ન ડર્યા એ મૃત્યુથી ડરે? ત્યાં એમને સારી સારવાર આપવામાં આવી, છતાં ય દૈવ જુદું જ નિર્માયું હતું. સ્ટેપલ્ટન ગ્રોવમાં આરામ લેવા રોકાએલા રામમોહન રાય ત્યાં ૧૮૩૩ની ૨૭મી સપ્ટેમ્બરે રાતના બે અને પચીસ મિનિટે કાયમી આરામ માટે રહી ગયા! ત્યાં જ એમનો દફનવિધિ કરવામાં આવ્યો. દસ વર્ષ બાદ એમના અવશેષોને બ્રિસ્ટલ નજીકના કબ્રસ્તાનમાં લઈ જઈને ફરી ભૂમિવાસ કરાવી એના પર એમના પરમ મિત્ર દ્વારકાનાથ ટાગોરે સમાધિ ચણાવી. • • •

ભલે એમને આમ બબ્બે વખત દફનાવાયા, છતાં આજ બબ્બે સદી પછી પણ એમના અનશ્વર આત્માનું ઓજસ્ તો એટલું જ પ્રકાશી રહ્યું છે. વહેમો ને અંધશ્રદ્ધા સામે ઝઝૂમીને ધર્મના સાચા રહસ્યને સમજાવનાર, દંભ ને કુરિવાજોની સામે જેહાદ જગવનાર સમાજસુધારક, દૂરંદેશ અને લોકહિતચિંતક રાજકારણી, પ્રગતિશીલ શિક્ષણચિંતક, વૈશ્વિક માનવચેતનાના પરમ પુજારી, દુઃખીજનોના સાચા સખા, વિશાળ સ્વાતંત્ર્યભાવનાનો સમુચિત સમાદર કરનાર રાજા રામમોહન રાયને એમની દ્વિજન્મશતાબ્દી ટાણે એમના જ શબ્દોમાં સ્મરવા ઉચિત છે:

"...a day will arrive when my humble endeavours will be viewed with justice, perhaps acknowledged with gratitude. At anv rate, whatever men may say, I cannot be deprived of this consolation: my motives are acceptable to that Being who beholds in secret and compensates openly!"

(...એક દિવસ એવો આવશે કે જ્યારે મારા વિનમ્ર પ્રયાસોને ન્યાયપૂર્વક જોવામાં આવશે, કદાચ કૃતજ્ઞભાવે સ્વીકારવામાં આવશે. લોકો ગમે તે કહે, તો કોઈ પણ ભાગે મારું આ આશ્વાસન કોઈ છીનવી શકે તેમ નથી: જે છૂપો રહીને નિહાળે છે અને પ્રગટપણે વળતર વાળે છે તે 'પરમાત્મા'ને તો મારા હેતુઓ સ્વીકાર્ય જ છે.)

'વેદાંતનો સંક્ષેપ' નામક એમના પુસ્તકની પ્રસ્તાવનામાં એ પ્રવૃત્તિઓના સંદર્ભમાં ઉચ્ચારાએલાં ઉપર્યુક્ત વચનો એમની સકલ પ્રવૃત્તિના સંદર્ભમાં પણ કેટલાં સાચાં છે! આજે બસ્સો વર્ષ પછી એ દિવસ જરૂર આવ્યો છે કે જ્યારે એમના વિનમ્ર પ્રયાસોને 'ન્યાયપૂર્વક જોવામાં' આવે છે અને 'કદાચ કૃતજ્ઞભાવે સ્વીકારવામાં' પણ આવે છે. □

ગુરખો અને અમે બધાં......

રન્ના શાહ

મને સ્પષ્ટપણે યાદ રહી ગયું છે કે જે દિવસે અમારા સંસ્થાનમા એક પ્રતિષ્ઠિત રાજકીય નેતાનું પ્રવચન હતું તે જ દિવસે નારાયણ ગુરખો રેસિડેન્શ્યલ ક્વાર્ટર્સના વૉચમૅન તરીકે નવો જોડાએલો. વક્તા જ્યારે માઈક પર બોલવા ઊભા થયા ત્યારે બાંધેલા મચને દરવાજે ઊભેલો વૉચમૅન તેની વિશિષ્ટતાથી અચાનક મારી નજરે ચડેલો. ખાખી યુનિફૉર્મ, ખાખી ટોપી અને હાથમાં મજબૂત દંડો. વળી અહીંના દૂબળા અને ઢીલા વૉચમૅનોથી અલગ તરી આવે તેવું ખુમારી ભર્યું, સ્વરૂપવાન દેહસૌષ્ઠવ! અહીંની તમિળ વસતિમાં એની તાલબદ્ધ, છટાભરી ચાલથી એ ઢાંકચો રહે એમ નહોતો.

વક્તા પ્રભાવશાળી ભાષામાં બોલી રહ્યા હતા: 'આ તમારું સંસ્થાન દેશના અનેક પ્રાંતવાસીઓને શાંતિ અને પ્રેમથી એકઠા રહીને રાષ્ટ્રીય એકતાનો જ્વલંત આદર્શ પૂરો પાડે છે.' એમાંના 'શાંતિ અને પ્રેમ' શબ્દ મારા મનમાં ઘુમરાતા હતા. હા; શાંતિથી તો ખરાં. અમે સૌ ઑફિસરો અને તેમનાં કુટુંબો શિક્ષિત અને 'સોફિસ્ટિકેટેડ' વર્ગનાં છીએ. અંદરોઅંદર ઝઘડા નથી કરતાં. પરંતુ 'પ્રેમ' શબ્દ સંદેહજનક છે. કાલ સાંજની જ વાત છે. ડૉ. સિંગના ક્વાર્ટરમાં સૌ ઉત્તર ભારતીયો-ને ટી-પાર્ટી આપેલી ત્યારે સૌના મુખ્ય રસના વિષયને ડૉ. અગ્રવાલે વાચા આપેલી: 'આ મદ્રાસીઓને ઘેર જ્યારે જુઓ ત્યારે પથ્થર પર ઈડલી ઢોંસા પીસાતા જ હોય. બીજો કોઈ રસ ના મળે એમને!' મિસિસ મહેતા મિસિસ સિંગને ફરિયાદ કરતાં હતાં: 'મારા મન્ટુએ તો નિશાળે પૂરી-સબ્જી લઈ જવાની ચોખ્ખી ના પાડી દીધી. નિશાળમાં બીચારાને બધાં છોકરાં "રોટ્ટીકાર" કહીને ખીજવે છે.'

વક્તાનું પ્રવચન પૂરું થયું હતું. ગુરખો હવે મંચ આગળ પહોંચી ગયો હતો. હિમાલયની ગોદમાં રહેલા નેપાળમાંથી જોજનો દૂરનાં આ જંગલોમાં પેટ ભરવા આવેલા એના મનમાં આ પ્રવચને આવા જ કંઈક પ્રત્યાઘાત પેદા કર્યા હશે? કોને ખબર? અને એ તો 'ક્લાસ ફોર' એમ્પ્લૉયી હતો. એવા ટૂંકા પગારદારોને ઉદ્દેશીને આવા ભાવનામય ઉદ્ગારો ઓછા કાઢવામાં આવે છે?

ગુરખો એકલો હતો. કુટુંબ–કબીલાને દેશમાં જ મૂકીને આવેલો. સંસ્થાની પાસે આવેલા પુદનુર ગામમાં એક નાની કોટડી ભાડે રાખીને તે રહેતો. વૉચમૅન તરીકેની ડ્યુટીમાંથી તે ફારગ થતો ત્યારે પુદનુરની ગામઠી બજારમાં ઘણીવાર લટાર મારતો હું તેને જોતી. ભાંગીતૂટી ગામડી નિશાળનાં છોકરાં છૂટીને બાજુની હાટડીમાંથી આથેલાં આમળાં કે ફણસની તળેલી પાપડી લેવા ટોળે વળતાં ત્યાં, કે આ ધૂળિયા રસ્તા પર મેઘધનુષની જેમ આંખને આવરી લેતી રંગરંગીન દોરાનાં રીલની નાની દુકાનમાંથી ખરીદેલા દોરા પર બાજુના હાથવણાટ–હાટમાં વણકરોની શાળો ખટાક-ખટ ચાલવા માંડતી અને તેમના મેલાઘેલા હાથમાંથી અવનવી રૂપગૂંથણી-અંકિત સાળુઓ સર્યા આવતાં ત્યાં, કે પછી દારૂના પીઠા પાસેની 'મુરગા' દેવની નાની દહેરીમાં સંધ્યાઆરતી ટાણે મુરલીના નાદે વિવશ ફણીધરની જેમ જ્યારે ગ્રામજનો ભક્તિ રસમાં ડોલી ઊઠતાં ત્યારે થોડે દૂર દેવવાહક મોરની, પથ્થરની સુડોળ મૂર્તિ પાસે; તેને ઊભેલો હું જોતી.

આ બધું એક અલિપ્ત પ્રવાસીની જેમ નિહાળી રહેતો એને હું જોતી ત્યારે એના મનના વિચારો જાણે કે હું વાંચી લેતી. પરદેશ માટેનાં આ કુતૂહલને ભીતરમાં આ દ્રવિડ સમાજ માટે એના મનમાં કેવો અણગમો ઉભરાતો હશે એ હું સમજી લેતી. જોકે પ્રતિમા સમા એના ચહેરા પરથી કોઈ ભાવ કળવા મુશ્કેલ હતા. પરંતુ તેના આર્ય સંસ્કારો આ અસંસ્કૃત રીતરિવાજોની કેવી હાંસી ઉડાવતા હશે એ સમજવું મુશ્કેલ નહોતું.

ગ્રીષ્મના તડકામાં કોઈ વાર સહજ આરામ લેવા તે અમારા ઘરના ઓટલા પર બેસતો અને કાગળની ચપતરીઓ પર લખ્યા કરતો; 'દેવી દેહકલી', 'કુલબાદ ઠાણુ', 'પાહી પંચાયત' 'નેપાલ...' જ્યારે જુઓ ત્યારે આ જ શબ્દો લખાએલા જણાતા. સરનામાના આ શબ્દોમાં તેના હૃદયનું સ્નેહનું સર્વ માધુર્ય જાણે કે ઠાલવી ના દેતો હોય! અહીંની શ્યામ કન્યાઓ જોઈ તેને તેની ગૌરાંગીની યાદ કેવી સતાવતી હશે એ આ શબ્દો કહેતા હતા. રાત્રિએ જ્યારે અંધકારની ભીષણ ચૂડ જડચેતન સૃષ્ટિને ભીંસી દેતી ત્યારે વ્હિસલ મારતો એ ક્વાર્ટર્સના રસ્તા પર ફરતો. એની વ્હિસલ-થી સહેજ ઝબકી જઈ પાછાં અમે જ્યારે એની હાજરીના ભાનથી નિશ્ચિંત નિદ્રામાં લપેટાઈ જતાં ત્યારે અર્ધભાનાવસ્થામાં પણ એના દેશ-ના હિમાદ્રિ જેવું ઉન્નત, વિરાટ તેનું વ્યક્તિત્વ આંખ સમક્ષ તરવરતું.

એવામાં અચાનક મારે 'દેશ' આવવાનું થયું. દક્ષિણ ભારતમાં રહેતાં અમે ગુજરાતીઓ 'ગુજરાત'ને માટે હમેશાં 'દેશ' શબ્દ વાપરીએ છીએ. કુટુંબનાં થોડાં લગ્ન-મરણોનાં પ્રસંગોમાં અટવાઈ જવાને લીધે પાછા વળતાં વિલંબ થઈ ગયો. પરંતુ પાછા આવ્યાનો પસ્તાવો થાય તેવા એ દિવસો હતા. રાષ્ટ્રભાષા તરીકે હિંદીના પ્રતિકારના એ દિવ-સોમાં અહીંની શાંત હવા અચાનક તુમુલ વંટોળમાં પલટાઈ ગઈ હતી. હિંદીભાષા પ્રત્યેની ધિક્કારની જ્વાળા તેની સાથે સંકળાએલા સૌકોઈને ભસ્મ કરવા ભભૂકી ઊઠી હતી. એ ભયાનક ક્ષણોની વિગતો મારા મનમાં ઘેરી અંકાએલી છે. ડૉ. સિંગના ઘરમાં એકઠાં થએલાં અમે સૌ ઉત્તર ભારતીયોની આંખો બંધ બારીની તિરાડમાંથી બહાર એક મોટા ટો-ળાને જોવા મથી રહી છે: 'હિંદી ઓળીગ, તમિલ વાળ્ગા'ના ચિત્કારો કાઢતો વિશાળ માનવસમૂહ મત્ત માતંગની જેમ ધસી આવતો હતો. ભયથી અમારા સૌનાં ગાત્રો થીજી ગયાં હતાં

ત્યાં અચાનક જ ગુરખો ક્યાંકથી આવી ટોળા સામે ઊભો રહી ગયો, પોતાની બલિષ્ઠ કાયા પણ આ બેકાબૂ ટોળાને મહાત કરવા સમર્થ નહોતી તે જાણવા છતાં ય! રુદ્રરૂપ મહાસમુદ્રની સામે ટક્કર ઝીલવા ઊભેલા ખડક સમો તેને જોઇને એવી એ ભયભીત પળોમાં પણ અમે હેરત પામી ગયાં.

ત્યાં તો એથી પણ મોટું કૌતુક જોયું. દૃષ્ટિભ્રમ તો નથી થયો, માની અમે સૌએ અન્યોન્યના ચહેરા તરફ નજર ફેરવી. ના, સત્ય જ હતું. સાચું જ હતું કે ધસી આવતું એ ટોળું અટકી ગયું હતું. તેણે વશીકરણ કરી જાણે કોઈ નજરપાશમાં એમને જકડી ના લીધા હોય! ભયથી સુકાએલી જીભને ભીની કરતાં મારી નજીકનું જ કોઇ ધીમેથી બોલ્યું: 'વાહ ગુરખા! ધન્ય તને અને તારા દંડાને!' સાચે જ, ગુરખાનો આ રૂઆબ અમારી સૌની કલ્પના બહાર હતો.

ત્યાં તો પેલા સ્થિર ટોળાની બાજુમાંથી એક મેલાઘેલા બાળકે બૂમ પાડી: 'ગુરખેશ અચ્ચા!' અને દોડી આવી તેને વળગી ગયું! આ એક જ નાની ચેષ્ટાએ ટોળાનો રહ્યોસહ્યો ઉન્માદ ઓગાળી નાખ્યો અને સૌ વિખેરાઈ ગયાં

પરંતુ નાના બાળકના એ બે શબ્દોએ અમારી ભ્રમણાને તો છિન્ન-ભિન્ન કરી નાખી. ત્યારે જ અમે સમજ્યાં કે ટોળાને મહાત કરનાર પેલો લોખંડી દંડૂકો નહોતો, પણ એથી યે ઘણું દૃઢ પ્રેમસૂત્ર હતું.

જરા ઝીણવટથી વિચાર્યું તો ગુરખાના આ અપભ્રંશ 'ગુરખેશ'ની પાછળ ગ્રામસમાજ સાથેના સ્નેહના અનેક તાણાવાણા ગૂંથાએલા જ-ણાયા. હા, વૉચમૅન તરીકે હજુ પણ તે અમારા કૉમ્પાઉન્ડનાં ફળ-ફૂલ તોડવા આવતાં એ ગ્રામ બાળકોને હાંકી મૂકે છે; પરંતુ સાંજે જ્યારે પોતાની નાની કોટડીમાં તે પાછો ફરે છે ત્યારે એ જ (અનુ. પૃ. ૨૬૭)

ભરતનાટયમ્‌ની શાસ્ત્રીય શૈલી સમજાવતી લેખમાળા (૨)


નૃત્ત નૃત્ય અને નાટય

—લેખક
સુનીલ કોઠારી

આજે આપણે જેને ભરતનાટયમ્‌ તરીકે ઓળખીએ છીએ તે નૃત્યપ્રકાર આજથી પાંચ દાયકા પૂર્વે દક્ષિણ ભારતમાં 'સદીર' નામે ઓળખાતો. ભરતનાટયમ્‌ નામ તો છેલ્લા ચારેક દાયકાથી જ પ્રચલિત થયું છે. પૂર્વે, 'સદીર', 'સદીરકચેરી', 'ચિન્નમેલમ્‌', 'ભરતમ્‌', 'દાસી આટ્ટમ' વગેરે નામે તે ઓળખાતો. આજે જે પ્રકાર પ્રચલિત છે તે પ્રકારને ઘાટઘૂટ આપ્યો તાંજોરના રાજા સરફોજી બીજાના સમયમાં તેમના દરબારમાં બિરાજતા ચાર વિખ્યાત સંગીતકાર અને નૃત્યકાર બંધુઓએ. ચિન્નૈયા, પોન્નૈયા, શિવાનંદ અને વડીવેલુ એ ચાર સંગીતજ્ઞ બંધુઓએ ભરતનાટયમ્‌ના સિદ્ધાંતો, ટૅકનીક, પ્રયોગ વગેરેની રીતસરની ગોઠવણી કરી. રાજા સરફોજી બીજાનો કાળ (૧૭૯૮–૧૮૨૪) તાંજોરમાં ભરતનાટયમ્‌ કળા તથા કર્ણાટકી સંગીતનો ઉત્તમ કાળ હતો. આ ચાર બંધુઓના વંશજોએ આજના અગ્રણી કળાકારોને નૃત્યશિક્ષણ આપ્યું છે.

ભરતનાટયમ્‌ મૂળ ભરતમુનિના 'ભરત નાટયશાસ્ત્ર'ના કેટલાક સિદ્ધાંતોને અનુસરે છે ખરું, પરંતુ એ ભરતનાટયશાસ્ત્ર પરથી એનું નામ ભરતનાટયમ્‌ પડયું છે તેવું કહી શકાય નહિ. બલ્કે, પૂર્વે 'ભરતમ્‌' નામે તે જે ઓળખાતું તે શબ્દ 'ભરતમ્‌'માં રહેલા અક્ષરો ભ=ભાવ, ર=રાગ ને ત=તાલ એ ત્રણ મૂળ ઘટકોના પ્રથમાક્ષરોથી બનેલા શબ્દમાંથી તે નામ ઊતરી આવ્યું છે અને આજે તે ભરતનાટ્યમ નામે ઓળખાય છે.


ભરતનાટયમ્‌ એક ટૅકનીક (શાસ્ત્રીય શૈલી)તરીકે અન્ય બે પ્રકારોને પણ લાગુ પડે છે: 'કુરવંજી' નૃત્યનાટિકા અને 'ભાગવતમેલા' નાટકને.



ભાવનિરપેક્ષ અલંકારાત્મ 'નૃત્ત' પ્રયોગોમાં અલ્લારિપુ, જતિસ્વરમ્‌ ને તિલ્લાનાનો સમાવેશ થાય છે. અહીં કે. ઍમ્બ્રોઝના પુસ્તક 'કલાસિકલ ડાન્સિઝ ઍન્ડ કૉસ્ચ્યુમ્સ ઑવ ઇંડિયા'માંથી અલ્લારિપુના કેટલાક અંગવિન્યાસ આપ્યા છે. ભરતનાટયમ્‌માં હમેશાં પ્રથમ 'અલ્લારિપુ' રજૂ થાય છે.



પ્રખ્યાત તમિળ પદ 'તાયે યશોદા'ના અભિનયનાં જે ચિત્રો અહીં આપ્યાં છે તે શ્રીમતી બાલાસરસ્વતીના અભિનય-કૌશલની ઝાંખી કરાવવા સમર્થ તો નથી; છતાં ભાવ-અભિનયની રંગછટા એમાં છતી થયા વિના રહેતી નથી. કૃષ્ણના તોફાનથી અકળાઈને ગોપીઓ યશોદાને ફરિયાદ કરે છે. એક ગોપી એ નટખટની અકળાવી મૂકે તેવી મસ્તી વિષે સલજ્જ કહે છે: 'મેં તો એ નાનો બાળક માની ઝડપીને તેડયો અને કેડે વળગાડવા ગઈ, પણ મારી અકળામણનો પાર રહ્યો નહિ! જાણે મારો પરણ્યો જ ન હોય એમ **એણે મને** મોં પર ચુંબન કર્યું! એ બાળક નથી, રે એ કોઈ નાનો બાળક નથી!' પ્રથમ ચિત્રમાંની ઉત્સાહભરી દૃષ્ટિનું પરિવર્તન બીજા ચિત્રમાં જુઓ, અને કૃષ્ણ મોં પર ચુંબન કરવા જાય છે **તે** પૂર્વેની ઉત્કટ ભાવમયતા નોંધો. આંખ ને મુખન ભાવના ફેરફારની પ્રત્યેક પળે ભાવની વાદળીઓ ચહેરા પર કેટલી **કુશળતાથી** આ કલાધાત્રી દોડાવી શકે છે! ત્રીજા ચિત્રમાંનો **'તાલી' અભિનય** સૂચવે છે કે જાણે લગ્ન **થઈ ચૂક્યાં** હોય અને એની હું પરણેતર હોઉં તેવી રીતે મારા પતિ તરીકે!' ડાબા હાથની મુઠ્ઠી વાળીને અંગૂઠો આપણા તરફ દેખાય છે તે મુદ્રા **પતિનું સૂચન** કરે છે, જ્યારે ગળા પાસે **ધરેલા જમણા** હાથના અંગૂઠ અને આંગળીની મુદ્રા, લગ્ન-ચિહ્ન—મંગળસૂત્ર વડે પતિ સાથે બંધાઈ હોવાનું સૂચન કરે છે. ચોથા ચિત્રમાં 'હાય! માડી **એણે** શું કર્યું?' નો ભાવ છે. **(નીચે) પાંચમા** ચિત્રમાંનો ડાબા હાથ પાસે મોં લાવવાનો અભિનય તથા જમણા હાથની મુદ્રા ચુંબન દર્શાવે છે. છઠ્ઠા ચિત્રમાં સમગ્ર દેહ, આ **પ્રમાણે સૌના** દેખતાં કૃષ્ણે ચુંબન કર્યું તેથી **લજ્જાભારે સંક્ષોભ** અનુભવે છે. ચિત્ર સાતમું **કહે** છે: 'એ કાંઈ નાનો કીકો નથી!' અને આઠમા ચિત્રમાં ભારપૂર્વક 'ના રે ના! એ બાળક **નથી સ્તો!'**નો અભિનય છે. ડાબા હાથ વડે હજી ભેટવાની **અવસ્થા** દર્શાવી છે અને જમણા હાથ વડે 'ના રે ના!'નો ભાવ દર્શાવ્યો છે. નૃત્યાંગનાઓનું અત્યંત માનીતું આ પદ **શ્રી** બાલાસરસ્વતી**એ અનેક** વેળા સુંદર રીતે 'સંચારી' ભાવની રમણા **મચાવી રજૂ** કર્યું છે. 'નૃત્ય' વિભાગમાં ભાવાભિનયને આધારે આવા પ્રયોગો રજૂ થાય છે. (**World Theatre** Vol. 5 No. 2માંનાં પૃષ્ઠ ૧૫૨-૫૩ પરનાં ચિત્રો: ડૉ. વી. રાઘવનના સૌજન્યથી)



શ્રીમતી સોનલ માનસિંગે રજૂ કરેલાં, 'તિલ્લાના'ની ગતિ અને સંકલનનાં કેટલાંક લાક્ષણિક ચિત્રો (ફોટો : ધીરજ ચાવડા)

તાંજોર નજીકના મેલટૂર ગામે ભાગવતમેલા નાટક નૃસિંહજયંતી નિમિત્તે નિયમિત રજૂ થાય છે; જ્યારે કુરવંજી નૃત્યનાટિકા તાંજોરના બૃહદીશ્વર મંદિરમાં આ સદીના પ્રારંભનાં કેટલાંક વર્ષો લગી ભજવાતી હતી. તે ઉપરાંત મેળપ્રાપ્તિ અને નવસંધિ જેવાં વિધિનૃત્યો મંદિરમાં રજૂ થતાં તેનો પણ સમાવેશ આ નૃત્ય ટેકનીકમાં થાય છે.

ભારતના બધા જ શાસ્ત્રીય નૃત્યપ્રકારોમાં જે સ્પષ્ટ વિભાગો જોઈ શકાય છે તે છે નૃત્ત, નૃત્ય અને નાટ્યના અંગોના. નૃત્તમાં કશા ભાવાભિનયની અપેક્ષા હોતી નથી 'ભાવાભિનયહીનં તુ નૃત્તમિત્યભિધીયતે', એ રીતે નંદિકેશ્વરે 'અભિનયનદર્પણ'માં નૃત્તની વ્યાખ્યા કરી છે. 'સંગીત રત્નાકર'માં 'નૃત્તં તાલલયાશ્રયમ્' એવો નૃત્ત વિષે ઉલ્લેખ છે. અંગઉપાંગનાં વિવિધ હલનચલનો દ્વારા થતું, ભાવાભિનય વિનાનું, પરંતુ તાલ ને લયાનુસારી નૃત્ત હોય છે. શિલ્પમાં જેમ ઘણી વાર મુખ્ય પ્રતિમાની આજુબાજુ પત્રવેલ, હાથીઓ તથા અન્ય પશુપંખીની અસંખ્ય અલંકારાત્મક હારમાળાનું નિરૂપણ હોય છે તેવું અલંકારાત્મક ચલન (મૂવમેન્ટ્સ) અને ગતિવાળું, શોભન માટેના પ્રયોજનવાળું નૃત્તનું કંઈક સ્વરૂપ હોય છે. ભરતનાટ્યમમાં નૃત્તના પ્રયોગો હોય છે : અલ્લારિપુ, જતિસ્વરમ્ અને તિલ્લાના. 'નૃત્ત'માં ચહેરા પર ભાવાભિનય દર્શાવવાનો હોતો નથી. માત્ર એક પ્રસન્ન મુખમુદ્રા જાળવવાની હોય છે. ગતિવાળાં સુંદર ચલનોની જ તેમાં અપેક્ષા હોય છે.

પણ 'નૃત્ય'માં ભાવાભિનયની અપેક્ષા રહે છે.જે તે પ્રયોગોમાં કલાકાર તેના સાહિત્યને આધારે નૃત્યમાં ભાવાંતર રજૂ કરે છે. શબ્દમ, વર્ણમ, પદમ્, જાવળી, શ્લોક વગેરે પ્રયોગોનો 'નૃત્ય'માં સમાવેશ થાય છે. પદને આધારે પંક્તિઓનું ભાવાભિનય સહિત કળાકાર નૃત્ય નિરૂપણ રજૂ કરે છે. તેમાં ઉપયોગમાં લેવાતી હસ્તમુદ્રાઓ અલંકારાત્મક ન રહેતાં અભિનય ભાવાંતર માટે ઉપયોગી તત્ત્વ બની રહે છે. ગીતને આધારે ચહેરા પર વિવિધ ભાવછટા દ્વારા અભિનયની રજૂઆત કળાકાર રજૂ કરે છે.

અભિનયના આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક એવા ચાર ભેદ જોવા મળે છે. ૧) હસ્તમુદ્રા, નેત્રવ્યાપાર, મુખાભિનય અને દેહના વિશિષ્ટ ભાવસૂચક વિન્યાસ દ્વારા આંગિકાભિનય સૂચવાય છે. ૨) વાચિકાભિનયમાં કલાકાર ખુદ ગાઈને અથવા સંવાદદ્વારા અભિનયને પુષ્ટિ આપે છે. ૩) આહાર્યાભિનયમાં વેશભૂષા, સન્નિવેશ વગેરેનો સમાવેશ થાય છે, જ્યારે ૪) સાત્ત્વિકાભિનયમાં રસાભિનયનો સમાવેશ થાય છે. જે જે અવસ્થાનું પાત્ર નિરૂપણ કરવાનું હોય છે તે તે અવસ્થાનું સાત્ત્વિકાભિનયમાં કળાકારે નિરૂપણ કરવાનું રહે છે. 'રસભાવ વ્યંજના દિયુતં નૃત્યમિતીર્યતે' એમ 'અભિનયદર્પણ'માં નૃત્યનો ઉલ્લેખ મળે છે.

નાટ્યવિભાગમાં ભરતનાટ્યમ્ ટેકનીકનો વિનિયોગ ભાગવતમેલા નાટક તથા કુરવંજી પ્રકારોમાં છે. ઉપર્યુક્ત બધા વિભાગોનો સમાવેશ કરીને એકથી વધુ પાત્રો દ્વારા કોઈ નાટ્યપ્રસંગનું વિસ્તારથી નિરૂપણ કળાકારો નાટ્યરૂપે રજૂ કરે છે. તે વિષે આગળ વિસ્તારથી જોઈશું.

ભરતનાટ્યમ્ અત્યારે જે રીતે રજૂ થાય છે તે તો એકમ નર્તન—સોલો ડાન્સ રૂપે. એમાં નૃત્ત અને નૃત્યને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. નૃત્ત અને નૃત્યના એ બે સ્પષ્ટ વિભાગો ઘણી વાર સમન્વયા પછી ભરતનાટ્યના વિવિધ પ્રયોગોની સમજૂતી અઘરી જણાતી નથી.

ભરતનાટ્યમાં 'નૃત્ત'ના ઘટકોમાં 'અડવુ'નો સમાવેશ થાય છે. આજે નૃત્તના જે પ્રસંગો અલ્લારિપુ, જતિસ્વરમ્ અને તિલ્લાનામાં આપણે જોઈએ છીએ તે 'અડવુ'ના મૂળ ઘટકોમાંથી રચાયા છે. 'અડવુ' એ શબ્દપ્રયોગ તમિળ છે અને તેના સમાંતર ઘટકનો નાટ્યશાસ્ત્રમાં 'કરણ' તરીકે ઉલ્લેખ જોવા મળે છે. આ કરણો ચિદમ્બરમ્, બૃહદીશ્વર અને કુંભકોણમનાં સારંગપાણિ મંદિરોની દીવાલો પર કોતરેલાં જોવા મળે છે. જો કે આજે તે જ સ્વરૂપે 'ભરતનાટ્યમ'માં નૃત્ત તથા નૃત્ય થતું જોવા મળતું નથી; પરંતુ તેમાં નિર્દિષ્ટ અંગ, ઉપાંગ અને હાથ-પગનાં ચલન વગેરે વિષે કંઈક સૂચનો મળી રહે છે ખરાં.

(ચાલુ)

ડેન્માર્કમાં ભારતીય નૃત્યબંધોની રજૂઆત માટે બે લેખકોએ કરેલી **જુગલબંધી**નો બીજો હપતો

ચર્ચાનું મંગલાચરણ

લેખક • ચન્દ્રવદન મહેતા

અમારી તૈયારી કમ નહોતી. 'નાટયગહરિયાં' માટેના એક વિવેચનમાં એક વિદ્વાન બન્ધુએ એવો સંશય વ્યક્ત કર્યો છે કે ચન્દ્રવદન લખે છે, પણ જે લખે છે તે બધું સાચું જ હશે કે કેમ એવી કદીક શંકા થાય છે. થાય; ક્યાંક કદીક ન જોયું-જાણ્યું હોય તો એવી શંકા થાય. પણ આ પ્રવાસમાં તો સુનીલભાઈ સંગાથે છે, મૃણાલિનીનો આખો કાફલો સંગાથમાં છે,—એ કાફલામાં રૂપાંદે, મીનળ દે, દર્શિની, કૈલાસ પંડયા, ચાટુની પાણિક્કર, ભાસ્કરકુમાર, સિતાંશુ બધાં છે;—એટલે કાં તો અમે બધાં ખોટાં, નહિ તો સંશયને સ્થાન આપવું અનુચિત, એટલી સ્પષ્ટતા કરી આગળ ચાલીએ.

ત્યારે આ ડેનમાર્ક: એક ઘણો ગવાએલો, વખણાએલો, નિંદાએલો પ્રદેશ. ભારતવાસી સામી છાતીએ કોઈ પણ પ્રકારની વિસા-છાપ લીધા વિના આ પ્રદેશમાં પ્રવેશી શકે, એટલી એમને ભારતીય સંસ્કૃતિ ઉપર શ્રદ્ધા. ઈંગ્લૅંડમાં પ્રવેશો તો તમે ચોર હો કે ન હો, પણ તમે ચોર. હવે યુનાઇટેડ સ્ટેટ્સ કે કૅનેડામાં પ્રવેશો તોપણ તમારા ઉપર ચાર ચોગું સોળ આંખના કૉડા ત્રાટકે! શંકા-સંશયથી કલુષિત દગે જ જુએ. ગજબની સૃષ્ટિ છે! સારું ગુજરાતી લખનાર, ને અંગ્રેજીનો કક્કો યે ન જાણનાર, ઓલિયા જેવા દેખાતા, લઘરવઘર વેશવાળા નારાયણ હેમચંદ્ર ગઈ સદીમાં દુનિયાને પ્રવાસે નીકળેલા અને ઘણા દેશોમાં ફરી આવેલા ત્યારે પાસપોર્ટ—વિસા કશું જ નહિ! અને એ પહેલાં ઈ. ૧૬૧૨માં પોતાની પાસે જાણે ન ધણિયાતી ધરતી હોય એમ માની, મારા વહાલા અંગ્રેજ, ફ્રેન્ચ, ડચ, પોર્ચુગીઝો અને ડેન વેપારીઓ—વેપારીઓમાંથી સૈનિકો, સૈનિકોમાંથી ગવર્નરો ને ગવર્નર-જનરલો બનીને એમાંના પોર્ચુગીઝ ફ્રેન્ચ અને અંગ્રેજો તો જાણે એમના બાપદાદાનો પ્રદેશ હોય એમ હિન્દીઓને હિન્દ બહાર જવા માટે પરવાના આપવાનો હક્કદાવો કરી બેઠા એ તો ગઈ કાલની વાત. અને હિન્દ છોડયા બાદ એ હવે હિન્દીઓને પોતાના દેશમાં દાખલ થનારાઓ માટે ખત-ખરીતા દસ્કત–દસ્તાવેજ માગે, એ હવે આજની વાત! છેને જમાનાની તાસીર? બને!

પણ એ બળાપા ક્યાં કાઢવા? બળાપા કાઢવા બેસીશું તો બીજા ઘણા પ્રસંગો આવશે. આપણા ભારતની એમ્બૅસીની વાત આવશે ત્યારે વળી ઓર જાણશો. હકીકત કહીએ તો એમ ન કહેતા કે અમને આપણું એટલું વસમું જ લાગે છે. નાહકની હાડમારી પડે તે અમારે જાહેર નહિ કરવાની?-'નાહક' શબ્દ વાપર્યો છે એનો અર્થ એ, કે એ સુધરી શકે તે સુધારવાની વૃત્તિ જ નહિ, સુધરે એવું ઇચ્છવાનું યે નહિ!

કોપનહૅગન શહેરમાં સૌથી મોટું આકર્ષણ એટલે ટિવોલી ગાર્ડન્સ. એ સ્થાન વિષે ઢગલાબંધ લખાયું છે. હોંસીલો કે રગસિયો, મોજીલો કે મૂજી, રસીલો કે રડમસિયો, ફતનદેવાળિયો કે કંજુસ, પંડિત કે બુધ્ધુ, વિદ્વાન કે વહી ગએલો—ગમે તે એકાદ વાર તો ત્યાં આંટો મારવાનો જ; અને જેને જે જોઇએ તેને તે પ્રકારનું મનોરંજન ત્યાં મળી જ રહેવાનું. વીસપચ્ચીસ રેસ્ટોરાં, હોડીની સફર, નાચગાન, જુગારના અડ્ડા, આંતરરાષ્ટ્રીય સંગીતની લ્હાણ, મૂક નાટકો, બાલે નૃત્ય, શાસ્ત્રીય પદ્ધતિનાં ગાણાં-બજાવણાં, મોકળાશથી ફરવાની જગ્યા…કેટલુંક મફત જોવાનું, ક્યાંક ટિકિટ; પણ જીવડો બહેલાવાય. બહેકી જવું હોય તો બહેકાયલી.

પણ આપણે ટીવોલી ગાર્ડન જોવા ડેનમાર્ક નથી આવ્યા. અમને યાદ છે કે તાજેતરમાં અમે માંગરોલ ગયા'તા, ત્યાં ફૂલ ગુલાબના નિષ્ણાતોમાંના એક મે જણા કહે કે સામેના બાગમાં હિંદનું મોટામાં મોટું ગુલાબના છોડનું પ્રદર્શન અને ગુલાબો છે; જઈ જુઓ. એક ફર્લાંગના ગાળામાં અમે ફરી વળ્યા. ગુલાબના છોડ પણ ગણ્યા. બસોના આંકે ન પહોંચ્યા. કોપનહૅગન શહેરમાંના રોઝનહૅવન સ્થળમાં બારહજાર ઉપરાંત ગુલાબનાં ફૂલ જોયાં. અને એની જાતભાત! રંગચમક! એક જ છોડ ઉપર જાતજાતનાં વૈવિધ્યવાળાં ફૂલોની ઉગાડેલી, નિપજાવેલી, સરજત! પણ આપણે થીએટર રીસર્ચ કૉન્ફરન્સમાં આવ્યા છીએ. ત્યાં જ જવું પડશે. ટિવોલી પણ પછી આપણે જોઈશું ખરા.

વ્યવસ્થા એવી કરવામાં આવી હતી કે કૉન્ફરન્સ શરૂ થાય એની આગલી રાત્રે શહેરના ફાલ્કોનેર થીએટરમાં આપણાં નૃત્યોનો કાર્યક્રમ રાખેલો. પ્રતિનિધિઓ પહેલાં નૃત્ય તો જુએ; પછી જ ચર્ચા-ચોતરો જામે. શહેરમાં જ, પણ મધ્યભાગથી જરા દૂર, ફાલ્કોનેર સેન્ટરના થીએટરમાં પ્રયોગ. એમાં શાકુન્તલમાંના દુર્વાસાના શાપના દશ્યથી નૃત્ય-નાટય શરૂ



ઋગ્વેદના પ્રયોગશીલ અભિનવ નૃત્યમાં (પહેલા ચિત્રમાં) ભાસ્કર, મીનળ અને રૂપાંદે, (બીજામાં) શ્રીમતી મૃણાલિની અને ચાતુન્ની પણિકર તથા (ત્રીજામાં) બધાં કલાકારો. શ્રીમતી મૃણાલિનીએ આ પ્રયોગમાં કથકલી પરથી સ્ફુરેલાં પદચલનો, કાષ્ઠવાદ્યોના આધારે સંગીત, રોજિંદા જીવનની વેશભૂષા વગેરે પરિસ્કરોનો વિનિયોગ કરી ઋગ્વેદની ઋચાઓના આધારે નૃત્યસંકલના દ્વારા પોતાની આગવી નૃત્યસૂઝ દર્શાવી હતી.





△ પ્રો. ચંદ્રવદન મહેતા ને સાન ફ્રાંસિસ્કોના એક પ્રતિનિધિ પ્રો. સારલોસ. (જમણી બાજુ) ફાલ્કેન થીએટરમાં કાર્યક્રમ પતી ગયા પછી એક ભોજન-સમારંભમાં રૂપા, એક પ્રતિનિધિ, દર્શિની અને પ્રોફેસર મોગેન્સ હિલેસ્ટેડ. (નીચે) નિવાસસ્થાને રમૂજની પળોમાં પ્રો. શ્રીમતી કારેન ક્રૉગ ભારતીય અંજલિ મુદ્રામાં અને એમને આશીર્વાદ આપતા લેખક ચં. ચી. મહેતા પતાકા હસ્તમુદ્રામાં (ત્રણે ફોટો : સુનીલ કોઠારી)

કરવામાં આવ્યું. કૈલાસ પંડયાએ દુર્વાસાનો પાઠ ભજવી શાપ આપ્યા બાદ દુષ્યંત અને શકુન્તલાનો આશ્રમ-પ્રસંગ, કન્યાવિદાય, દુષ્યંતનો સ્મૃતિભ્રંશ, પછી વીંટીની વાત—અને એમ નાટયકથાને ઘટિત નૃત્ય-કથામાં ઢાળી શરૂઆતમાં રજૂ કરેલા આ પ્રયોગે પ્રેક્ષકોનાં મન જીતી લીધાં. 'ડા કોગન ફોરસ્કાઈડર શકુન્તલા સ્પોરગર હું હામ. વીસ ઈક રિંગન એર બિવિસેટ પૉ વોર કમરલાઈડ વેડેર ડેન સા.'—આ રીતે ડૅનિશ ભાષામાં પ્રેક્ષકોએ વાંચીને બન્ધની ભાળ મેળવી લીધી હતી. પછી કુચિપુડી શૈલીમાં દર્શિની અને ભાસ્કરકુમારનું શિવના મંદિરમાંનું એક નૃત્ય. ત્રીજામાં ભરતનૃત્યનું 'વર્ણમ્' તે શ્રીમતી મૃણાલિની સારાભાઇએ રજૂ કર્યું. ચાતુન્ની પણિક્કરે કથકલી. પછી જયદેવના ગીતગોવિંદના રાધા અને કૃષ્ણના પ્રણયપ્રસંગો રૂપાંદે, મીનળ દે, દર્શિની અને મૃણાલિનીએ કથાબન્ધમાં રજૂ કર્યા. ત્યાર બાદ ઋગ્વેદમાંથી આધુનિક શૈલીમાં, મેઘ–વીજળી–ઉષાનાં પ્રતીકોનું દર્શન કરાવનારું નૃત્ય યોજી, વિવિધ શૈલીની રજૂઆત કરી. આખો પ્રયોગ બહુ સુંદરરીતે થયો અને ઘણા ઉત્સાહથી વધાવાયો. એ પછી નાનકડો ભોજન-સમારંભ ઊજવાયો.

આવા પ્રયોગો તો આપણે ત્યાં ઘણા થાય છે; પણ પરદેશમાં સર-સામાન લઈ જઈ, દસબાર કલાકારોનો સંઘ ઉતારી, નૃત્યપ્રયોગો રજૂ કરવા એ માત્ર સાહસ નથી—એક લગભગ અશક્ય ઘટના છે. અલબત્ત સરકારી સહાય હોય તો કામ સુતરું થાય. પણ એક તબલું કે મૃદંગ કે ડોક-કાનનું ઘરેણું લઈ જવામાં, 'એ સોનું છે? ચાંદી છે? ખરું છે કે ખોટું છે?—'એ બધાંની જકાત બારીઓ વટાવતાં પરસેવા ઊતરે છે. વળી પ્લેઈનમાં સામાન લઈ જવાનો હોય તો વજન! એનાં નૂર કોણ ચૂકવે?



એમાં આ વખત બન્યું તેમ—અને હિન્દમાં ઇન્ડિયન એર લાઈન્સમાં તો છાશવારે બને છે તેમ—પ્લેઈન છ કલાક મોડું પહોંચે (અને મોડું જ પહોંચ્યું) ત્યાં શું કરવું? શું થશે?—એ ચિંતાના ચગડોળે તો જે ચડે એને જ એ અનુભવનું ભાન થાય. 'કેટલી વીસે સો' તો શું કેટલે દશકે ડચકે સો થાય એનું જ્ઞાન થાય.

ચર્ચાને પહેલે દિવસે આપણી નૃત્યશૈલીનો ટૂંકમાં ઇતિહાસ આપ્યો; અને સાથે એ જુદીજુદી શૈલીઓનું આપણાં આ કલાકારો પાસે નિદર્શન કરાવ્યું. અફલાતુન થીએટરમાં નહિ, પણ રાજાના પોતાના એક જૂના લાકડાના ખાનગી થીએટરમાં. એ સ્થાન હવે સંગ્રહસ્થાનમાં ફેરવવામાં આવ્યું છે; અને એમાં દાખલ થાઓ, રંગમંચ ઉપર જાઓ, ને જરા અંદર જાઓ, ત્યાં વિપુલકાય નટ, જાડી ફૂંદવાળો, મૃચ્છકટિકનો વિદૂષક જોવા મળે. આબાદ કપડાં, ફેંટો, ચાંલ્લો, ઘરેણાંમાં સજ્જ! વર્ષો પહેલાં એ નાટક અહીં રજૂ થયું હશે ત્યાર બાદ આ પૂતળું બનાવી મ્યૂઝિયમમાં રાખ્યું છે. એવાં તો કંઈક પૂતળાં થીએટરો–મ્યૂઝિયમોમાં રાખવાં સાચ-વવાં એ તો આ પરિષદનું એક મહત્ત્વનું કામ. બીજી બાજુ જુઓ તો મશાલથી માંડી આજની ફ્લોરેસેંટ બત્તી રોશની આવી એ આખી સ-વિસ્તર ફાનસોની જમાત વર્ષ–સેંકાવાર ગોઠવેલી;–જોતા જ જાઓ. વિવિધ પ્રકારની દીવાબત્તીની પ્રકાશપ્રસારની યોજનાઓ—જૂનામાં જૂનીથી માંડી આધુનિક સુધી, આપણે છેલ્લાં દોઢસો વર્ષનાં થીએટરમાંનાં આવાં તોબરાં ક્યારે ગોઠવીશું? અને ક્યાં ગોઠવીશું?—અરે, ગોઠવીશું ખરા?

આમ, જેમ ભારત તરફથી છેક ભરતાચાર્યના જમાનાથી માંડી, ભરત-કથક-મણિપુરી-કથકલી-છાઉ આદિ વિવિધ નૃત્યોની શૈલીનો ઇતિ-હાસ તથા એ શૈલીઓમાંની કેટલીક મુદ્રાઓ, કેટલીક ભંગિઓ, કેટલીક બાંધણી તથા કેટલાક ટુકડાઓ તેની વિવેચના સાથે, ઉપરાંત લોકનૃત્યો-માંની થોડી વાનગીની પસંદગી રજૂ કરવામાં આવી, તેમ બીજી બાજુ યુરોપના નિષ્ણાતો તરફથી ઈ. ૧૮૯૪ થી ૧૯૧૨ સુધીમાં સિનેમામાં ડાન્સનો ઉપયોગ કેટલો અને કેવી રીતે થયો એની ચર્ચા; ઉપરાંત એની ફિલ્મોના ટુકડા પરદા ઉપર બતાવવામાં આવ્યા.

સિનેમા-ક્ષેત્રમાં ફિલ્મનું આયોજન કરનાર જ્યૉર્જ મૅલેએ એના જમાનામાં બનાવેલી એક નાનકડી ફિલ્મ અમને જોવા મળી. એનો રચયિતા મૂળ ફ્રાન્સનો રહેવાસી. એણે ઈ. સ. ૧૮૬૧ થી ૧૯૩૮ સુધી કામ કર્યું. ઈ. સ. ૧૮૯૪માં યુનાઈટેડ સ્ટેટ્સમાં પાથે બન્ધુઓએ વળી એનાથી આગળ જઈ એ ઘાટને સુધાર્યો. ઈ. ૧૯૦૩માં ડોનાલ્ડ કોલમેને જે 'મૅજિક લૅન્ટર્ન'નો ઉપયોગ કરેલો, તેમાં બે રંગલાઓને ધમાચકડી કરતા નાચતા બતાવ્યા. ઈ. ૧૯૦૭માં તો જુલે વર્નના પુસ્તક ઉપરથી સાગરપેટાળની જે ફિલ્મ બનાવવામાં આવી, એમાં સાગરની નીચે

હજારો માઈલના વિસ્તારમાં કૅપ્ટન નેમોસે કરેલા સફર દરમિયાન જાતજાતની માછલીઓનાં નૃત્યો ફિલ્મમાં ઉતારેલાં તે બતાવ્યાં. ઇ. ૧૯૦૧-માં મૅલેની વહુએ પોતાના એક મોટા ટેબલ ઉપર પૂતળાં નચાવેલાં ને એની ફિલ્મ પાડેલી તે બતાવી. ઈ. ૧૯૦૦ની સાલમાં સેંટ પીટર્સબર્ગ એટલે કે આજના લેનિનગ્રાડ શહેરના મૅરિન્સિક થીએટરમાં રજૂ થએલા એક બાલેની ફિલ્મ પાડવામાં આવી હતી તે પણ અમને બતાવી. એમાં સિન્ડરેલાના પાઠમાં પિયેરિના લેનાની નૃત્ય કરતી જોવા મળી. આમ જૂની પાથે ઋથર્સની એક 'કોપેલિયા' અને એક 'ગોલ્ડ બગ' નામની બે નૃત્યનાટિકાઓ જોવા મળી. આ બધા ટુકડાઓને યથોચિત સાંધી તેની એક ઐતિહાસિક દસ્તાવેજી ફિલ્મ બનાવી, કાળજીપૂર્વક સાચવી રાખવા માટે અમે બર્ટ વેસ્ટ્રાને ધન્યવાદ આપ્યા.

આ આખા સમારંભના મંત્રી મિ. મૉર્ગેન્સ હિલેસ્ટેડે વળી 'થાઈ થીએટર' ઉપર એક લાંબો નિબંધ વાંચ્યો. એની રજૂઆત તથા લખાણ અમને ગમ્યાં, પણ એનો 'ઍટિટ્યૂડ' અમને ન ગમ્યો. એ ભાઈને એમની સરકારે જાવામાં નૃત્યબંધ જોવા અને એનો અભ્યાસ કરવા સ્કૉલરશિપ આપેલી, એટલે એ બધુ ત્યાં જઈ જોઈ તો આવ્યા; પણ ઘટાવી એવું લાવ્યા કે જાવા ઉપર બીજા કોઈ પણ દેશની કશી અસર નથી! જાવાના મહાભારતની કથામાંનાં નૃત્યો, રામાયણમાંના ટુકડાઓ એ બધાં સ્વતંત્ર નૃત્યો છે, અને ત્યાંનાં મહાભારત અને રામાયણ તે જ સાચાં કથાનકો છે! ભારતની અસર એમણે તદ્દન નકારી હતી. એમણે પહેલી વાત કહી તે એ કે થાઇલૅન્ડમાં સૌથી પહેલો નૃત્યનો પ્રકાર ફક્ત પુરુષોએ જ રજૂ કર્યો હતો અને એનું નામ 'લાકોન જાત્રી'; એમાં નાયકનું નામ મનોહર. અમે કહીએ કે ભાઈ આ 'લાકોન જાત્રી' એટલે 'લંકાની જાત્રા', તો એ ભાઈ ભારતની અસર કબૂલે જ શાના? પોતાના લખાણમાં સાહેબે એવું વિધાન કર્યું કે 'જ્યારે નૃત્યનો સમારંભ યોજાય ત્યારે એક બાજુ ખૂણામાં ઋષિ ભરતની મૂર્તિ મૂકવામાં આવે, એની પૂજા કરવામાં આવે, કારણ નાટક-નૃત્યના સૌથી પહેલા પ્રણેતા ભરત હતા. એમનું બીજું વિધાન: 'આ નૃત્યશૈલી ઈ. ૧૪૦૦ની સાલમાં શરૂ થએલી અને ત્યારે થાઈલૅન્ડનું પાટનગર અયોધ્યા હતું. આજે હજુ અયોધ્યા નામનું ત્યાં શહેર છે.' આગળ ચાલતાં એણે અંગ્રેજીમાં એક કાવ્યનો અનુવાદ રજૂ કર્યો:

'નાંસાસિંગે હિરણ્ય કુશીપને માર્યો,
ક્રા કેન્સનો દાંત તૂટી ગયો,
ભુષભ મંદિરમાં પ્રવેશ્યો,
ક્રા રામે સાગર ઓળંગ્યો,
અને વાનરસેના ચલી.'

બીજું ધ્યાન ખેંચે એવું વિધાન: 'કોઈ પણ નાટકનો કરુણ અંત ન આવવો જોઈએ.' પછી તો અશોકવનની, સીતાની, નંદિ તથા નારાયણની વાતો આવી,...અને અમે બે ઊછળ્યા! ગરમાગરમ ચર્ચા જામી; પણ મારો વહાલો ભારતની કશી અસર કબૂલે જ નહિ, એટલું જ નહિ પણ પણ ઘાંટા પાડી કહે કે આ બે વ્યક્તિઓથી સંભાળજો, એમનાં વિધાનો યા મંતવ્યો માનશો નહિ! જાવા તથા થાઇલૅન્ડમાં કલા-નૃત્ય-નાટક સ્વયંભૂ જ વિકાસને પામ્યાં છે, એની ઉપર ભારતની કશી અસર છે જ નહિ!

અમે એને બોલવા જ દીધો. બીજે દિવસે સુનીલનો નિબંધ; કથક્લી, કાબુકી, અને નો નાટક ઉપર નિબંધો; અને બે જાપાનીઝ મહારથી અને અમે બે એમ ચાર જણનો ચર્ચાનો ચોતરો હતો; અને પ્રમુખ તરીકે નેધરલૅન્ડના વયોવૃદ્ધ ધીરગંભીર પંડિત બિરાજવાના હતા. અમારે કશી તૈયારી કરવાની તો હતી જ નહિ, પણ મિ. મૉર્ગેન્સના ટાઈપ થએલા નિબંધની બેત્રણ નકલો હાથ કરી લીધી. સાંજે અમારે ઉતારે જઈ અમે અમારી નોંધો તૈયાર કરવા માંડી. આમ શસ્ત્રોથી સજ્જ

લ ઘુ ક થા

બિંદી

ભાસ્કર રાજા

નિખિલ સોફા પર બેઠાબેઠા ધ્રુસકાં ભરતો હતો. સંધ્યા પણ પલંગ પર બેઠીબેઠી આંસુ સારતી હતી. ક્યારે ય નહિ ને આજે એણે નિખિલને એક-બે નહિ પણ ઘણા બધા તમાચા લગાવી દીધેલા, તેનું દુઃખ થતું હતું. મનીષના મૃત્યુ પછી કદાચ આજે પહેલી જ વાર એણે નિખિલને માર્યું હશે!

બન્યું હતું એવું કે આજે બધાંને એક સ્થળે લગ્નમાં જવાનું હતું. તે માટે સંધ્યાની નણંદ રેશમા તૈયાર થઈને આવી. સંધ્યાનાં સાસુ ગોમતીબેન હવેલીએ ગયાં હતાં. સંધ્યા અને નિખિલ તૈયાર થાય ત્યાં સુધીમાં દર્શન કરી પાછા આવવાનું કહી એ ગયાં હતાં.

રેશમાએ સાડીના મૅચિંગ કલરનો ચાંદલો કર્યો હતો. નિખિલ, કોણ જાણે કેમ, આજે જિદ્દે ચડયો. સંધ્યાને કહે: 'મમી, તું પણ ફઈની પેઠે આજે રંગીન ચાંદલો કર.' સંધ્યાએ ખૂબ જ સમજાવ્યો, પણ માને જ નહિ. જો સંધ્યા ચાંદલો ન કરે તો સાથે ન જવાની પણ એણે જિદ્દ કરી. અમેરિકામાં પાંચ વર્ષ રહેલી સંધ્યા સાસુજીની બીક ન હોત તો કદાચ નિખિલને ખુશ પણ કરત. પણ ગોમતીબેન ચાંદલો જુએ તો તો થઈ જ રહ્યું! વિધવા સ્ત્રીથી ચાંદલો થાય?...અને એણે નિખિલને ફટકાર્યો.

...પણ સંધ્યા નિખિલને રોતો ન જોઈ શકી. 'ચાંદલો સૌભાગ્યની નિશાની જ છે, માત્ર? તો પછી કુંવારકાઓ ચાંદલો કેમ કરે છે? વિધવા સેંથી ન પૂરે એ કદાચ સમજાય, પણ ચાંદલો શા માટે નહિ? પતિ મળતાં સ્ત્રીને સૌભાગ્ય મળ્યું; એ મરતાં બધું જ ચાલ્યું ગયું? જમાનો બદલાય, માન્યતા નહિ?

...અને એ ઊભી થઈ. ડ્રેસિંગ ટેબલ પર પડેલી રંગીન પેન્સિલ લઈ એણે ચાંદલો કર્યો. નિખિલ પાસે ગઈ. તેને તેડી લીધો. નિખિલ હસી ઊઠયો,—આનંદી ઊઠયો.

અને હવેલીથી પાછાં ફરેલાં ગોમતીબેન ઉંબરામાં જ થીજી ગયાં!

થઈ અમે બહાર ક્યાંક જમવા ઊપડયા, ત્યાં બે ગુજરાતી વર-બૈયરનો અનાયાસ ભેટો થઈ ગયો. એમને ત્યાં જ જઈને અમે જમ્યા—જરા દૂર. પૂરતા પૈસા નહિ તો પણ અમે ટૅક્સી કરી આસપાસનું શહેર જોયું. વાત એમ હતી કે તે સાંજે ભારતના એમ્બૅસેડર સાહેબે અમને ચા ઉપર નોતર્યા હતા, પણ એ પોતે તો અમારા જેવા બે મામૂલી પ્રતિનિધિઓ સાથે વાતો કરે જ શાના? એટલે એમના સેક્રેટરીના અન્ડર સેક્રેટરીના મદદનીશ મંત્રી કે કોણ—એમણે અમને ફોન ઉપર નોતરું આપીને, બસ નંબર ૩૧ લઈ, કાસ્ટ્રોપ પર ઊતરી, બીજી બસ નંબર ૨૮ લઈ, મહોલ્લા નંબર બાવનને માર્ગે...'

પછીનું તો અમારા મગજમાં બેઠું જ નહિ. અમે તરત પૂછ્યું કે 'એમ્બૅસીમાં મોટરો નથી? કોઈ પાસે ગાડી નથી?' તો જવાબ મળ્યો: 'છે; ઘણી છે; પણ બધી રોકાએલી છે.' તો આપણે બન્દાએ વિચાર્યું કે ડેનમાર્કમાં અમદાવાદ અને મુંબઈના બે વિદ્યાર્થીઓને ત્યાં હાથે રાંધેલાં દાળભાત રોટલી જમવા ટૅક્સી હંકારવી એ બહેતર? કે બસોમાં ઘસડાતા, અફળાતા ત્યાં એમ્બૅસૅડર સાહેબને ત્યાં ભારેખમ મોઢે 'યસ-નો' કરવા જવાનું બહેતર?—અને અંતે અમે જનાર્દન ઉપાધ્યાય ભાઇને ત્યાં પહોંચ્યા, જ્યાં એમનાં પત્ની સૌ. કુમુદિનીબહેને સરસ ગુજરાતી રસોઈ ખવડાવી.

(ચાલુ)

અનંત આકાશના ગૂઢ કોયડાસમ ક્વાસર

લેખક ડૉ. સુશ્રુત પટેલ

ઈ. ૧૯૪૯માં રેડિયો-દૂરબીન અને સાદા પ્રકાશીય દૂરબીનની સંયુક્ત સહાયથી સૂર્યમંદિરની પાર રેડિયો-તરંગો ઉત્સર્જિત કરતાં એક આકાશીય સ્રોત મળી આવ્યો. પૃથ્વીથી એનું અંતર ૫૦પ્રકાશવર્ષ(લગભગ ૫૮,૮૦,૦૦,૦૦,૦૦.૦૦૦ × ૫૦ માઈલ) જેટલું આંકવામાં આવ્યું ને તેને '૩સી-૪૮' એવી સંજ્ઞા અપાઈ. ('૩સી' એટલે થર્ડ કૅમ્બ્રિજ કૅટલૉગ ઑવ રેડિયો સે.સિંગ્ર' અને '૪૮' તે આ ખાસ સ્રોતની ઓળખનો આંક.) તે પછી ઇ. ૧૯૬૦માં ઍલન આર. સૅન્ડેજ નામના એક અમેરિકન ખગોળજ્ઞે આ '૩સી-૪૮'ના ફોટો લીધા તેમાં સ્પષ્ટ જણાયું કે આ રેડિયોસ્રોત પાછળ કોઈ તારો કારણભૂત હશે. વળી, તારાના વર્ણપટ (સ્પેક્ટ્રમ) કરતાં આનો વર્ણપટ તદ્દન ભિન્ન હોવાનું પણ જાણવા મળ્યું. આમ, રેડિયો-તરંગો પ્રસારતો આ કોઇ વિશિષ્ટ તારો હોવાનાં એંધાણ મળ્યાં.

ત્રણ વર્ષ પછી માર્ટિન શ્મિડ્ટ નામના એક ડચ-અમેરિકન ખગોળ-વેત્તાએ અગાઉના કરતાં યે વધુ તેજસ્વી તારા જેવો એક પિંડ '૩સી-૨૭૩' નામના રેડિયોસ્રોતમાં અલગ તારવી બતાવ્યો. આ પછી તો આવી જ લાક્ષણિકતાવાળા બીજા પિંડો પણ મળ્યા. એ બધા તીવ્ર રેડિયોતરંગોનું ઉત્સર્જન કરતા હતા, પણ નરી આંખે કે દૂરબીનથી-જોતાં એ અતિશય ઝાંખા દેખાતા હતા. એમને માટે કોઈ ખાસ નામ ન સૂઝવાથી એમને 'ક્વાસી સ્ટેલર સોર્સિઝ' (ટૂંકમાં 'ક્વાસર્સ') કહે છે.

શ્મિડ્ટે '૩સી ૨૭૩'ના પ્રકાશનું વર્ણક્રમમાપક (સ્પેક્ટ્રોમીટર) દ્વારા વિશ્લેષણ કરી તેમાં હાઇડ્રોજન તત્ત્વની રેખા શોધી કાઢી. પણ આ રેખા આસમાની (નીલા) વર્ણન સ્થાને હોવી જોઇએ તેના બદલે લાલ વર્ણ તરફ ખસેલી હતી.

શિફ્ટ

આપણે જાણીએ છીએ કે જ્યારે કોઈ ધ્વનિસ્રોત અતિવેગે આપણા-થી દૂર ખસતો હોય ત્યારે એના તરંગો લાંબા જણાય છે. પ્રકાશસ્રોત અંગે પણ આમ જ થાય છે. જ્યારે પ્રકાશતરંગો દર્શકથી દૂર જતા હોય અથવા દર્શકની નજીક આવે ત્યારે વર્ણપટમાં મળતી રેખાઓમાં એમનું સ્થાન પરિવર્તન (શિફ્ટ) થતું જોવા મળે છે. ઈ. ૧૮૪૨માં ઑસ્ટ્રિયન ભૌતિકશાસ્ત્રવિદ્ ક્રિશ્ચિયન ડૉપ્લરે આ તથ્યની શોધ કરેલી. તેથી આ સંસરણને 'ડૉપ્લર પ્રભાવ (ઇફેક્ટ)' કહે છે.

આમ, જ્યારે કોઈ પ્રકાશસ્રોત દર્શકની તરફ આવી રહ્યો હોય ત્યારે તેના પ્રકાશતરંગો પણ નજીક આવવાથી વર્ણપટમાંની રેખાઓ ડાબી બાજુ જાંબલી રંગ તરફ ખસે છે જેને 'બ્લ્યૂ શિફ્ટ' કહે છે એથી ઊલટું પ્રકાશમાન પદાર્થ દર્શકથી દૂર જતો હોય ત્યારે તેના પ્રકાશતરંગોની લં-બાઈ વધી જઈ ને વર્ણપટમાં રેખાઓ જમણી બાજુ એટલે કે લાલ રંગ તરફ ખસે છે, જેને 'રેડ શિફ્ટ' કહે છે. ખગોળશાસ્ત્રમાં આ રેડશિફ્ટનું ઘણું મહત્ત્વ છે. કારણ કે એનાથી દૂરવર્તી પદાર્થ કેટલા વેગે આપણાથી દૂર નાસી રહ્યો છે તે જાણી શકાય છે. તારાવિશ્વોના આવા રેડ શિફ્ટ પરથી જ આપણે જાણી શક્યા છીએ કે એ બધાં આપણાથી દૂર બહાર-ની તરફ દોડી રહ્યાં છે, મતલબ કે બ્રહ્માંડનો વિસ્તાર થઈ રહ્યો છે.

અત્યાર સુધીમાં શોધાએલા ક્વાસરો પૈકી કોઈને ય રેડ શિફ્ટ ૧૬ ટકાથી કમ નથી. ૩સી-૪૮ ક્વાસરનું લાલ તરફનું સંસરણ તો ૩૭ ટકા છે. તો અમુક ક્વાસરના રેડ શિફ્ટ ૨૦૦ ટકા જેટલે પણ પહોંચ્યા છે.

૩સી-૨૭૩ ક્વાસરનો રેટ શિફ્ટ ૧૬ ટકા જેટલો છે. એટલે કે આ ક્વાસર એક સેકંડે ૨૮૦૦૦ માઈલના પ્રચંડ વેગે આપણાથી દૂર જઈ રહ્યો છે. આજે એ ક્વાસર આપણાથી ૧૫૦ કરોડ પ્રકાશવર્ષ જેટલો દૂર હશે તેમ અનુમાની શકાય. બીજા કેટલાક ક્વાસર તો દસ અબજ પ્રકાશ-વર્ષ જેટલા પણ દૂર હશે.

ક્વાસર


ક્વાસર અસામાન્ય તેજસ્વિતા ધરાવે છે; તીવ્ર રેડિયોતરંગોનું ઉત્સર્જન કરે છે અને ઘણા જ મોટા પ્રમાણમાં રેડ શિફ્ટ ધરાવે છે. પણ તે ઉપરાંત એક બીજી લાક્ષણિકતા પણ તેમનામાં જોવા મળી છે. તે એ કે એમની તેજોમયતામાં ઝડપી વધઘટ થતી રહે છે. દા. ત. ૩સી-૩૫૫ની તેજસ્વિતામાં કોઈ અઠવાડિયે ૪૦ ટકા જેટલો ઘટાડો તો અમુક મહિને ૩૦૦ ટકા જેટલો વધારો પણ જોવા મળે છે.

આ લાક્ષણિકતાઓએ ક્વાસર્સને આપણી સમીપના ઝાંખા પ્રકાશ-વાળા તારાઓથી તદ્દન અલગ એવી, પૃથ્વીથી સૌથી વધુ દૂર આવેલા અત્યંત તેજસ્વી તારાઓની એક નવી જ શ્રેણીમાં મૂકી દીધા. ધારો કે આટલે અંતરે કરોડો તારાઓવાળા કોઈ તારાવિશ્વ (ગૅલૅક્સી)ને મૂકી દઈએ તો એમાંથી આપણા સુધી આવતો પ્રકાશ ક્વાસરના પ્રકાશ કરતાં ઘણો જ મંદ જણાશે, યા કદાચ એવું પણ બને કે ક્વાસર જેટલું દૂર મૂકેલું તારાવિશ્વ આપણને દેખાય જ નહિ. તાત્પર્ય એ કે ક્વાસર સમગ્ર તારાવિશ્વ કરતાં પણ વધુ તેજસ્વી સાબિત થયા છે.

આ જ્ઞાનથી તો ખગોળશાસ્ત્રીઓમાં હલચલ મચી ગઈ. એમણે પોતાનું બધું લક્ષ ૩સી-૨૭૩ પર કેન્દ્રિત કર્યું અને એના વધુ અભ્યાસથી જણાયું કે એના વર્ણપટમાં હાઈડ્રોજનની ત્રણ પૈકીની પ્રમુખ વર્ણરેખા 'એચ આલ્ફા' તો દેખાતી જ નહોતી. શું એ ખસતીખસતી લાલ રંગથી પણ આગળ નીકળી ગઈ? આટલા વિપુલ પ્રમાણમાં રેડ શિફ્ટ સંભવી શકે? અને એમ હોય તો પછી હબલના નિયમાનુસાર ક્વાસર ૩સી ૨૭૩-ની તેજસ્વિતા તથા આપણાથી તેનું અંતર કેટલું બધું વધારે હશે? એટલે હવે વૈજ્ઞાનિકોએ ક્વાસરના વર્ણપટમાંના લાલ રંગથી આગળ હાઇડ્રોજનની ખોવાએલી રેખા શોધવા માંડી. અને અંતે બીવર્લી ઓકેએ તે રેખા ખોળી પણ કાઢી. વિખ્યાત વિજ્ઞાનપત્ર 'નેચર'માં એનો સ-ચિત્ર અહેવાલ પ્રકટ થયો ને ફરી સનસનાટી મચી ગઈ.

આપણે જાણીએ છીએ કે આકાશમાં આજે જે કોઈ તારા કે અવ-કાશીય પિંડનો પ્રકાશ દેખાય છે તે તો વર્ષો, સદીઓ કે યુગો પહેલાંનો હોય છે. દા. ત. સૂર્યનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચે તે દરમિયાન આઠ મિનિટ જેટલો સમય વીતી ચૂક્યો હોય છે. એટલે કે આપણે જે જોઈએ છીએ તે હકીકતે તો આઠ મિનિટ પહેલાંની સૂર્યની સ્થિતિ હોય છે. સૂર્ય પછી આપણી વધુમાં વધુ નજીકનો તારો આલ્ફા સેન્ટોરી ('જય') છે. તેનો પ્રકાશ આપણા સુધી પહોંચતાં ૪⅓ વર્ષ લાગે છે; એટલે કે આ-પણને આજે દેખાય છે એ તો એની બાવન માસ પહેલાંની સ્થિતિ છે. આમ, વર્તમાનમાં રહી આપણે ભૂતકાળને જોઈએ છીએ. આજે દેખાતા ક્વાસર તો એમનું કરોડો વર્ષ પહેલાંનું દર્શન છે.

સમગ્ર તારાવિશ્વ કરતાં યે વધુ દેદીપ્યમાન આ પ્રકાશપિંડોની સહાયથી નિષ્ણાતો બ્રહ્માંડની ઉત્પત્તિ, એનો વિકાસ અને એના લય સંબંધી અત્યાર સુધી અગોચર અને અજ્ઞાત પ્રશ્નોનાં રહસ્યો ઉકેલવા સમર્થ નીવડ્યા છે. બીજી રીતે કહીએ તો કરોડો વર્ષ પહેલાં, જ્યારે બ્રહ્માં-ડની વય આજે છે એથી ઘણી ઓછી હતી અને જ્યારે આપણો સૂર્ય તથા એનું આ ગ્રહમંડળ હજી પેદા પણ નહોતું થયું અને આજે દેખાતાં અનેક તારાવિશ્વો પણ હજી બાલ્યાવસ્થામાં હતાં એ કાળના ઇતિહાસ-નાં ગુપ્ત પ્રકરણો આપણે હવે ઉકેલી શકતા થયા છીએ.



બ્રહ્માંડના અકલ્પ્ય વિસ્તારનો એક ખયાલ અગાઉ 'કુમાર'ના ૫૪૮ અંકમાં આપ્યો હતો. પણ ક્વાસરની શોધ પછી તો બુદ્ધિ બહેર મારી જાય એવું એ પરિમાણ એથી યે વધુ વિસ્તર્યું છે. ઉપરની ચાર આકૃતિઓમાં એ સમજાવવાનો પ્રયત્ન છે. સૂર્ય પૃથ્વીથી આઠ પ્રકાશમિનિટ અથવા ૯ કરોડ ૩૦ લાખ માઈલ દૂર છે. પણ સમગ્ર સૂર્યમંડળનો વિસ્તાર તો એથી યે અનેક ગણો છે. છતાં એક પ્રકાશવર્ષના અંતરનો તો એ હજારમો ભાગ કહી શકાય. આપણા તારાવિશ્વમાં આ સૂર્ય-પરિવાર તો એક અંશ સમાન છે. આ તારાવિશ્વમાં આપણી વધુમાં વધુ નજીકનો તારો પણ ૪-૧/૩ પ્રકાશવર્ષ દૂર છે. એક કલાકે દસ લાખ માઈલના પ્રચંડ વેગે જો કોઈ રૉકેટ છોડવામાં આવે તો એ તારા સુધી પહોંચતાં એને ૩૦૦૦ વર્ષ વીતી જાય! એકબીજાથી આથી એ વધુ દૂર એવા તો કરોડો તારાઓ આપણા (આકાશગંગા) તારાવિશ્વમાં છે. (આકૃતિ ૨) અવકાશમાં તો આવાં અસંખ્ય તારાવિશ્વો છે, જેમાંનું 'દેવયાની' તારાવિશ્વ આપણાથી નજીકમાં નજીક હોવા છતાં લગભગ ૨૦ લાખ પ્રકાશવર્ષ (૫૮,૮૦,૦૦,૦૦,૦૦,૦૦૦ × ૨૦,૦૦,૦૦૦ માઈલ) દૂર છે. બ્રહ્માંડમાં આકાશગંગા અને દેવયાની તારાવિશ્વો સાથે મળીને જે વિસ્તાર થાય તે પણ જેની સરખામણીમાં કંઈ વિસાતમાં નથી એટલા દૂરના અંતરે ક્વાસરો આવેલા છે. ૩સી-૧૪૭ ક્વાસર આપણાથી ૬૦૦ કરોડ પ્રકાશવર્ષ દૂર છે.

બ્રહ્માંડની ઉત્પત્તિ

બ્રહ્માંડની ઉત્પત્તિ અંગે પણ ત્રણ મુખ્ય પરિકલ્પનાઓ છે:

૧) સ્થિર દશાનો સિદ્ધાંત (સ્ટડી સ્ટેઈટ). ટૉમસ ગોલ્ડ, હરમાન બૉન્ડી અને ફ્રેડ હૉઈલની કલ્પના છે કે બ્રહ્માંડની વસતિ એકસરખી જ રહે છે. એટલે કે જ્યાં સુધી પ્રાચીન તારાવિશ્વો નષ્ટ ન થાય ત્યાં સુધી નવાં તારાવિશ્વો રચાતાં નથી. તારાવિશ્વોમાં હાઈડ્રૉજનનું સતત ઉત્પાદન થતું જ રહે છે અને આ તારાવિશ્વો એકબીજાથી અલગ, એમના કેન્દ્રથી દૂર તરફ ધસતાં જાય છે. આમાં જ્યારે ગંજાવર તારાનો વિસ્ફોટ થઈ અભિનવ તારો (સુપર નોવા) બને ત્યારે એમાંનાં તત્ત્વોનું વમન થાય છે, જે આકાશમાં ઉદ્ભવતા પદાર્થો સાથે સંયોજાય છે. અંતે આ બધું નવા બનેલા તારા દ્વારા એકઠું થાય છે. ટૂંકમાં બ્રહ્માંડ હમેશાં ફેલાતું રહે છે પણ એમાં કશી વધઘટ નથી. એ જેમ હતું એમ જ રહે છે, અને રહેશે. પ્રારંભ, મધ્ય કે અંત વિનાની અનેક ઉપકથાઓ સાંકળી લેતું આ એક નાટક અનંતકાળથી સતત ભજવાતું રહ્યું છે.

૨) પ્રલયંકર પ્રથમ વિસ્ફોટનો સિદ્ધાંત (બિગ બૅંગ અથવા કૉસ્મિક એગ થીઅરી). બેલ્જિયમના ઍબે લેમેઈટ્રે નામના એક પાદરી નિષ્ણાતે ૧૯૨૭માં આ પરિકલ્પના રજૂ કર્યા પછી ૧૯૬૧માં કેમ્બ્રિજના રેડિયો-ખગોળજ્ઞ માર્ટિન રાઈલે આ વાદનું સમર્થન કર્યું. એમના મત મુજબ દસ અબજ વર્ષ પૂર્વે અત્યંત સઘન પદાર્થોના કોઈ 'આદિ પરમાણુ'માં થએલા અપૂર્વ એવા મહાપ્રચંડ વિસ્ફોટમાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ. એ વિસ્ફોટમાં વેરવિખેર થઈ ગએલો ભંગાર કોઈ કારણથી સઘન થયો જેમાંથી કાળાંતરે, વાદળમાંથી વરસાદનાં ટીપાં બને એમ તારા અને તારાવિશ્વો રચાયાં, જે બધાં એકમેકથી અને પેલા વિસ્ફોટ કેન્દ્રથી દૂર ફંગોળાયા કરે છે. કેટલાક નિષ્ણાતોના મતાનુસાર આ દૂર ભાગવાની પ્રવૃત્તિ અટકી જશે ત્યારે ગુરુત્વાકર્ષણને કારણે એ બધાં જ પુનઃ એકમેક પ્રત્યે ખેંચાઈ જઈને ફરી એક પ્રચંડ ધડાકા સાથે બ્રહ્માંડનો અંત આવશે. આ તર્ક પ્રમાણે બ્રહ્માંડ પરિમિત માત્રાના પદાર્થોનું બનેલું હોઈ એમાં માત્ર સીમિત તારાવિશ્વો જ આકાર લઈ શકે અને અંતે બ્રહ્માંડના સઘળા તારાઓ પોતાનું બળતણ પૂરું થતાં છેવટે રાખ થઈ જશે.

પણ આ વાદમાં એક મોટી ઊણપ છે. લેમેઈટ્રેના કહેવા પ્રમાણે જો એક જ મહાવિસ્ફોટ થયો હોય તો આજે બ્રહ્માંડમાં જોવા મળતાં સઘળાં રાસાયણિક તત્ત્વો એક સાથે ને એક જ સમયે પેદા થયાં હોવાં જોઈએ. પણ એ સંભવિત નથી; કારણ કે હેલિયમ તેમજ તેની આગળનાં તત્ત્વો આ રીતે બની શકે નહિ તે સત્ય આપણે જાણીએ છીએ.

૩) દોલન સ્પંદમાનનો– સિદ્ધાંત (પલ્સેટિંગ થીઅરી). આ વાદ મુજબ કોઈ અજ્ઞાત લયબદ્ધ તાલને અનુસરીને સમગ્ર વિશ્વ પહેલાં વિસ્તરે છે અને પછી સંકોચાય છે. આમ, સતત ચાલતા રહેતા આ ક્રમમાં બ્રહ્માંડનો આદિ કે અંત જ નથી. આવા એક વખતના વિસ્તરણ-સંકોચનનો સમય આઠ સહસ્ર કરોડ—૮૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦—વર્ષ જેટલો મનાય છે. જેમાંના અર્ધા કાળમાં બ્રહ્માંડ વિસ્તરે છે અને બાકીના અર્ધામાં સંકોચાય છે. આ મુજબ મહા વિસ્ફોટ પછી હજી માત્ર એક હજાર કરોડ વર્ષનો ગાળો જ વીત્યો છે અને ફરી વિસ્ફોટ થવા માટે હજી સાત સહસ્ર કરોડ વર્ષ બાકી છે. આવાં કેટલાંક સ્પંદનો બાદ, જ્યારે વધુ વિસ્તરણ-સંકોચન માટે બ્રહ્માંડમાં શક્તિ જ નહિ રહી હોય ત્યારે એનો અંત આવશે. પણ ઘણા વિજ્ઞાનીઓ આ તર્કને સ્વીકારતા નથી, જ્યારે બીજી તરફ રશિયન વિજ્ઞાનીઓ આ વાદમાં રસ લેતા હોવાનું જણાયું છે.

ક્વાસરની વય અને અંતર અત્યંત વધુ હોવાથી એટલું તો સ્પષ્ટ થયું છે કે જ્યારે બ્રહ્માંડ નવજાત હતું ત્યારે એમની સંખ્યા અધિક હતી, અને હવે એ લુપ્ત થઈ રહ્યા છે. હૉઈલનો સ્થિર દશાનો સિદ્ધાંત આની વિરુદ્ધ જાય છે. પણ પ્રયોગો દ્વારા ક્વાસરોની ગતિ પહેલાંની અપેક્ષાએ ઘટતી જતી જણાઈ છે. આ હકીકતે તો સ્થિર દશાના સિદ્ધાંતને હચમચાવી દીધો ને એના સૌથી મોટા પ્રવર્તકો ફ્રેડ હૉઈલ અને જયંત વિષ્ણુ નાર્લીકરે પોતે જ પોતાનાં મંતવ્યોને ભૂલભરેલાં કબૂલ્યાં.

ખગોળવિદ્યા ઉપરાંત ભૌતિક વિજ્ઞાનમાં પણ ક્વાસરે હલચલ મચાવી છે. કદમાં વામન એવા ક્વાસર તારાઓ કઈ ક્રિયા દ્વારા આટલી પ્રચંડ શક્તિ પેદા કરે છે કે જેનાથી એમનો પ્રકાશ કરોડો પ્રકાશવર્ષનું અંતર કાપીને છેક પૃથ્વી સુધી પહોંચી શકે છે? ક્વાસર કરતાં યે કદમાં અનેકગણા વિશાળ તારાવિશ્વના કરોડો તારાઓનો સમગ્ર પ્રકાશ એકઠો કરીએ તો તે પણ ક્વાસરના પ્રકાશ કરતાં સોમા ભાગનો થાય! આ તારાવિશ્વોમાં કેટલાક તારાઓ તો આપણા સૂર્ય કરતાં યે અનેકગણા તેજસ્વી છે અને છતાં એ બધાનો સંયુક્ત પ્રકાશ પણ ક્વાસરની તેજસ્વિતાને આંબી શકતો નથી. ક્વાસરની આ પ્રચંડ તેજોમયતાનું રહસ્ય પણ હજી અસ્પષ્ટ છે.

ધૂમલીના વિકાસનાં ત્રણ સોપાન

લેખક મણિભાઈ વોરા

પશ્ચિમ સૌરાષ્ટ્રે, સમુદ્રથી બાર ગાઉ દૂર, બરડા ડુંગરનાં ઉન્નત શિખરોની તળેટીમાં જેઠવાઓની રાજધાની ધૂમલીનાં ખંડેરો આવેલાં છે. પંખા આકારે વસેલા ખર્પર પ્રકારના આ કિલ્લેબંધ વિશાળ વસવાટમાં અતીતની જાહોજલાલીના અસંખ્ય અવશેષો છુપાએલા છે. આ અવશેષો માંહેનાં ત્રણ મહત્ત્વનાં સોપાનો, ધૂમલીનો કાળક્રમે વિકાસ અને વૈભવ બતાવી આપનારાં, અહીં રજૂ થયાં છે.

૧) જાનુઝરની માનવ સર્જિત ગુફાઓ : ધૂમલીની પશ્ચિમે, મોખાણા ગામની દક્ષિણે જાનુઝર નામની એક ઝર છે. એ ઝરમાં બે માનવ સર્જિત ગુફાઓ આવેલી છે. દરેકને ૫ × ૨½ ફૂટનું દ્વાર છે. ગુફાઓ અંદરથી ૧૦ × ૬ ફૂટ અને ઊંચાઈમાં ૬½ ફૂટ છે. અંદર જતાં સામી ભીંતે, ડાબી બાજુ ૬ × ૨ ફૂટની સાધક માટેની આસનપીઠ છે, જે ભોંયતળિયેથી ૨½ ફૂટ ઊંચે કોતરેલી છે. આ ગુફાઓને કુદરતી ખડકથી ઢંકાએલી પરસાળ હશે, જે કાળક્રમે નાશ પામી છે. આ બન્ને ગુફાઓ ધૂમલીમાં પ્રાપ્ત ક્ષત્રપકાલીન અવશેષો છે. (જુઓ નીચે ફોટો : ૧)

૨) સોન કંસારી મંદિરસમૂહ : ધૂમલીની પશ્ચિમે આશાપુરાના ટેકરા પાસે, 'સોનઘડો' નામથી ઓળખાતા ટેકરા ઉપર સોન કંસારી મંદિર સમૂહ આવેલો છે. વચ્ચે નાનકડા સુંદર કાસારની બન્ને બાજુ મંદિરો છે. આ સમૂહમાં સૌથી મોટું અને સૌથી પ્રાચીન મંદિર ઉત્તર બાજુએ પૂર્વાભિ-



ચિત્ર : ૧ જાનુઝરની માનવસર્જિત ગુફા (ફોટો : નરોત્તમ પલાણ)



સોનકસારી સમૂહનું મૈત્રકકાલીન મંદિર (ફોટો : કાંતિલાલ શર્મા)

મુખ આવેલું છે. (ફોટો : ૨) ૬૦ × ૩૬ ફૂટની જગતી ઉપર બંધાએલા આ સાંધાર મંદિરનું ચંદ્રશાલા યુક્ત શિખર, દક્ષિણના દ્રાવિડ અને ઉત્તરના નાગર મંદિરની શૈલીનું મિશ્રણ ધરાવે છે. મંદિરની જગતીના અધિષ્ઠાનમાં ખુરક, કુંભ, કલશ, કપાતપટ્ટી, અંતરપટ તથા ચંદ્રશાલા યુક્ત કપોત–આ સૌ અંગો જોઈ શકાય છે. ચોરસ ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા–માર્ગ અને આગળ ગૂઢ મંડપ ધરાવતા આ મંદિરનો મંડપ, તેનાં છજાં, સ્તંભ કે દીવાલ આજે રહ્યાં નથી. પ્રદક્ષિણામાર્ગને ફરતી બહારની દીવાલમાં શિલ્પયુક્ત બારીઓ મૂકેલી છે. ઉત્તર તરફની બારી સાવ સારી સ્થિતિમાં છે, જેમાં મકરમુખ તોરણ અને શૂરસેનકમાં કુબેરની સુંદર મૂર્તિ છે. આ મંદિર ધૂમલીના દ્વિતીય કાળનો નિર્દેશ આપી જાય છે. મૈત્રક-સૈંધવ કાળને દર્શાવતું આ મંદિર ધૂમલીની તે સમયની અપૂર્વ શોભાસમૃદ્ધિનું પ્રતીક છે. 'સોન કંસારીના મંદિર' તરીકે ઓળખાતું આ સ્થળ,

---

ક્વાસરની શક્તિનું રહસ્ય

સામાન્યતઃ ક્વાસરનો વ્યાસ દસેક પ્રકાશદિન જેટલો હોવાનું મનાય છે. એના આ નાના કદમાં જ એના પ્રકાશની તીવ્રતાનું રહસ્ય છે. ધારો કે ક્વાસરનો વ્યાસ વધુ મોટો હોય તો એનાં વિભિન્ન સ્થાનોએથી નીકળેલો પ્રકાશ જુદેજુદે સમયે પૃથ્વી પર પહોંચે; અને આમ, એક જ સ્રોતમાંથી નીકળેલો પ્રકાશ વહેલોમોડો દેખાવાને કારણે આપણને ક્વાસરનું એક ધૂંધળું ચિત્ર જ સાંપડે, યા કદાચ એ દેખાય જ નહિ. પરંતુ એમ થતું નથી. આથી એવું તારવી શકાય કે ક્વાસરોનાં કદ નાનાં હોવાથી જ એના પ્રકાશની તીવ્રતા વધુ છે. આ એક સંભવિત ખુલાસો છે.

ક્વાસરની શક્તિનું રહસ્ય સમજાવતાં ફ્રેડ હૉઇલે કહેલું કે આજે તો ક્વાસરો બળીને હોલવાઈ ગએલા ભારે તારાઓ છે જે હાઇડ્રોજન સમાપ્ત થતાં સંકોચાઈ રહ્યા છે અને એ સંકોચન દ્વારા જ તેઓ આટલી પ્રચંડ શક્તિ મેળવતા હશે. પણ આટલા બધા અધિક સંકોચન માટે ગુરુત્વાકર્ષણ બળ પ્રચંડ હોવું જોઇએ. ને એ બળ જો એટલું પ્રબળ હોય તો તો એમાંનો પ્રકાશ પણ બહાર ન જઈ શકે. જ્યારે ક્વાસરને આપણે આટલે દૂરથી યે જોઈ શકીએ છીએ. એટલે હૉઈલનો આ તર્ક પણ સ્વીકાર્ય બની શકતો નથી.

બીજી બાજુ સ્વીડનના ભૌતિકશાસ્ત્રી હાન્સ એલ્વેને એક જુદી જ વાત કહી. પ્રૅાટોન, ન્યૂટ્રોન વગેરે જેવા, પદાર્થના અતિ સૂક્ષ્મ કણોના પ્રતિકણ (ઍન્ટી પાર્ટિકલ્સ) મળી આવ્યા છે. કણ અને પ્રતિકણ એક બીજાના વિરોધી હોઈ ભેળા થતાં જ વિસ્ફોટ થાય છે, જે બંનેની ખુવારી તો સર્જે જ છે પણ તે પ્રક્રિયાથી પ્રચંડ શક્તિ પેદા થાય છે. આ જ રીતે પદાર્થ (મૅટર) અને પ્રતિપદાર્થ (ઍન્ટી મૅટર) વચ્ચે પણ હા–નાનું વેર છે. એ બંને પણ સામસામે આવતાં પ્રચંડ શક્તિ પેદા થાય છે. અલબત્ત, પૃથ્વીની આસપાસ આવા કોઈ પ્રતિપદાર્થનું અસ્તિત્વ હજી સુધી તો સાંપડ્યું નથી, પણ આટલા વિરાટ બ્રહ્માંડમાં તેનું અસ્તિત્વ નકારી શકાય નહિ. આ ખયાલ યુક્તિસંગત છે, એટલે એવું તારવી શકાય કે ક્વાસરમાં પદાર્થ અને પ્રતિપદાર્થ વચ્ચેના થતા સંઘર્ષમાંથી એની આ પ્રચંડ શક્તિ ઉદ્ભવતી હશે.

ક્વાસરની ઉત્પત્તિ અને પ્રચંડ શક્તિ ઉત્સર્જિત કરવાની તેની





ઉપર ચિત્ર નં. ૩ ધૂમલીનું વિહંગ દૃશ્ય અને ચિત્ર નં. ૪ નવલખા મંદિરના કંદોરામાં 'બ્રહ્માબ્રહ્માણી'. (ફોટો: કાંતિલાલ શર્મા)

સોન કંસારી નામની વ્યક્તિ કરતાં તો ચારસો-પાંચસો વર્ષ જૂનું છે. પાછળથી આવા કોઈ ધાર્મિક સ્થળમાં સોન સતી થઈ હશે અને એ બનાવની યાદમાં આ પ્રાચીન સ્થળને સોનનું નામ મળ્યું હશે.

૩) ધૂમલીનું નવલખ-મંદિર: ધૂમલીમાં મારુ-ગુર્જર શિલ્પસ્થાપત્ય શૈલીનું આ નવલખા મંદિર કુમારપાળના સોમનાથ મંદિરનું અનુજ અને સેજકપુરના નવલખા મંદિરનું સહોદર છે. બારમી સદીનો આ પ્રાસાદ તેના રૂપમંડનને કારણે અનન્ય છે. સ્થાપત્ય પાછળ ખર્ચેલી અઢળક ધનસંપત્તિ મંદિરમાં મૂકેલા અનેક સ્તંભ અને અગણિત મૂર્તિઓને કારણે એ 'નવલખા' મંદિર કહેવાયું હશે. ગુજરાતભરનાં સોલંકી સ્થાપત્યોમાં સૌથી વધારે ઊંચી જગતી આ મંદિર ધરાવે છે. ૧૫૦ × ૧૦૦ ફૂટની જગતીની અગાશી ઉપર આ મંદિર રચાયું છે. ઉપાન થર ઉપર અલંકાર-જગતી, રત્નમંડિત જાડ્યકુંભ, પદ્મ, ક્ષેપણ, કળશ, અંતરપટ અને તેની ઉપર કીર્તિમુખબંધ આવેલાં છે. તે પછી ગજથર અને નરથર ઉપર મંડોવર શરૂ થાય છે. (ફોટો: ૩) મંદિરની ત્રણે બાજુના ભદ્રગવાક્ષો-ની નીચે બે સુંદર હાથી સામસામે સૂંઢમાં સૂંઢ પરોવી ગેલ કરતા નજરે ચડે છે. ભદ્ર ગવાક્ષોમાં દેવયુગ બિરાજેલો છે. ઉત્તરે લક્ષ્મી-વિષ્ણુ, પશ્ચિમે શિવપાર્વતી અને દક્ષિણે બ્રહ્મા-બ્રહ્માણી આવેલાં છે.

બારમી સદીમાં ધૂમલી સમૃદ્ધિની કેવી ટોચે પહોંચ્યું હશે તેની સાબિતી તરીકે આજે આ નવલખા મંદિર ઊભું છે. અનેક પ્રકારે સમૃદ્ધ એવું આ મંદિર ગુજરાતની શિલ્પકલાના કળશ સમું છે.

આમ ઈ. સ. ની પહેલી સદીથી બારમી સદી સુધીનો ધૂમલીનો વિકાસક્રમ આ ત્રણ વિશિષ્ટ ફોટોગ્રાફોમાં જળવાએલો જોઈ શકાય છે.

ક્ષમતા સંબંધી બીજી પણ અનેક પરિકલ્પનાઓ રજૂ થઈ છે. કૅલિફૉર્નિયા યુનિ૦ના જ્યૉર્જ ફીલ્ડનું કહેવું છે કે ક્વાસર્સ એ વિસ્તરતાં તારાવિશ્વો છે. પ્રથમ વાયુનું બનેલું એક વિશાળ વાદળ સંકોચાયું હશે ને એને પરિણામે વાયુના કણો ભેળા થયા હશે તથા પછી ધીરેધીરે ગુરુત્વાકર્ષણનું બળ એટલું બધું વધી ગયું હશે કે એ સંકોચાતાં આ વાદળની સમગ્ર દ્રવ્ય-સંહતિ એના કેન્દ્ર ભણી ભાંગી પડી હશે. આ અસાધારણ પ્રક્રિયાને ખગોળશાસ્ત્રીઓ 'ગુરુત્વાકર્ષણ-પાત' (ગ્રેવિટેશનલ કૉલૅપ્સ) કહે છે. ક્વાસરની શક્તિ આ પ્રક્રિયામાંથી પણ પેદા થઈ હોય.

ક્વાસરની ઉત્પત્તિ માટે કૉર્નેલ યુનિ૦ના ટૉમસ ગોલ્ડ પરસ્પર પ્રચંડ ટક્કર (કૉલાઈઝન)નો સિદ્ધાંત રજૂ કરે છે, તો મેક્સિકો ઇન્સ્ટિ. ઑવ માઇનિંગ ઍન્ડ ટૅક્નૉલૉજીના સ્ટર્લિંગ કૉલગેટ વળી એક અન્ય વધુ અથડામણની કલ્પના કરે છે. જ્યારે લૉસ આલ્મૉસ સાયન્ટિફિક લૅબો-રેટરીના જેઈમ્સ ટેરેલ એવો વાદ રજૂ કરે છે કે આપણા પોતાના જ તારાવિશ્વના કેન્દ્રમાં કૉલૅપ્સની ઘટના જ આ ક્વાસર્સના ઉદ્ભવનું કારણ છે. આ ઘટના ૫૦,૦૦,૦૦૦ વર્ષો પહેલાં બની હશે. એવું એમનું અનુમાન છે. એમના મતે ક્વાસરો અત્યારે આપણાથી ૧૦,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. જ્યૉફ્રે બર્બિજ અને ફ્રેડ હૉઈલ પણ આને મળતો અભિપ્રાય રજૂ કરતાં કહે છે કે આ ઘટના આપણા નહિ પણ નજીકના બીજા કોઈ તારાવિશ્વમાં બની હશે.

આમ, અનેક તર્કવિતર્કો પછી યે ક્વાસર્સ એ ખગોળશાસ્ત્રનો એક ગૂઢ કોયડો જ રહ્યો છે. એટલે જ થોડાં વર્ષ અગાઉ સુપ્રસિદ્ધ વિજ્ઞાન-લેખક અને ભૌતિકશાસ્ત્રી જ્યૉર્જ ગૅમૉવે રમૂજમાં પેલા જાણીતા બાળ-કાવ્યનું એક પ્રતિકાવ્ય રચેલું—

Twinkle, twinkle, quasi-star
Biggest puzzle from afar,
How unlike the other ones
Brighter than a billion suns,
Twinkle twinkle quasi-star
How I wonder what you are!

પણ આ વિકટ સમસ્યામાં ઉમેરો થવાનો હોય તેમ હવે વળી ક્વાસરને

મળતા આવતા 'ફ્લિટર લોપર્સ' (ધૂમ્રણિયા) અને 'બ્લ્યૂ સ્ટેલર આબ્જે-ક્ટ્સ' નામે ઓળખાતા અવકાશી પિંડ મળી આવ્યા છે. પ્રબળ રેડ શિફ્ટ ધરાવતા પણ નબળા રેડિયો સ્રોતવાળા આ પિંડો ક્વાસર્સ જેવા ગુણ-ધર્મોવાળા હોવા છતાં કદાચ ક્વાસર્સ ન પણ હોય.

અત્યાર સુધીમાં સોએક ક્વાસર્સ મળ્યા છે, પણ હજી બીજા હજારેક મળવાનો સંભવ છે. મનાય છે કે સૌથી દૂરનો ક્વાસર આપણાથી આઠસો કરોડ પ્રકાશવર્ષ જેટલા અંતરે હોવો જોઇએ. આટલા અંતરે કોઈ પિંડ મળી આવે એવી કલ્પના પણ પહેલાં આપણે કરી શકતા નહોતા.


ક્વાસર્સનો વધુ અભ્યાસ નિઃશંક બ્રહ્માંડની ઉત્પત્તિનો ભેદ ખોલશે અને સંશોધનનાં વળી નવાં ક્ષેત્રો ઊભાં થશે. ક્વાસરોથી યે દૂરસુદૂર અનંતમાં વિસ્તરેલા બ્રહ્માંડનાં બીજાં ગોપિત રહસ્યો પ્રકટ કરવામાં પણ ક્વાસરો સહાયક બની રહેશે. □

ટિકિટ સંગ્રહ



આ વર્ષે મ્યુનિખમાં ઑલિમ્પિક રમતોત્સવ નિમિત્તે જર્મનીએ બહાર પાડવા ધારેલી આ ચાર ખાસ ટપાલ ટિકિટોમાં (ઉપર) કુસ્તી, યાચ હંકારવાની હરીફાઈ, કવાયતી કૌશલ (જીમ્નેસ્ટિક્સ) અને તરણસ્પર્ધાનો નિર્દેશ કરતાં ચિત્રો આપ્યાં છે. નીચેની ચાર ટિકિટોના શિટમાં ઑલિમ્પિક રમતોના સ્થળનો સમગ્ર ખયાલ આપતા મૉડેલનું ચિત્ર છે. આમાંની ચારે ટિકિટો તેના પરફોરેશન પરથી અલગ તારવી શકાશે.

(પ્રેષક: નવીન લોધાણી–રાજકોટ)



અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

૬

નૉર્મન વિજય પછી: મધ્યકાલીન સાહિત્ય

ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં ઈ. ૧૦૬૬ની સાલ મહત્ત્વની છે. એ વર્ષમાં ફ્રાન્સના નૉર્મન પરગણાના ઠાકોર વિલિયમે ઇંગ્લૅન્ડના રાજા હૅરલ્ડને હેસ્ટિંગ્ઝના યુદ્ધમાં પરાજિત કરીને ઇંગ્લૅન્ડની રાજગાદી કબજે કરી. પરિણામે એ પછીનાં વર્ષોમાં નૉર્મન પ્રજાનાં ભાષા–સાહિત્ય–સંસ્કારનો ત્યાં પ્રસાર થવા માંડ્યો. નૉર્મનોની ભાષા ફ્રેંચ હોઈ વિજેતા વિલિયમે ઇંગ્લૅન્ડમાં ફ્રેન્ચને મહત્ત્વનાં ક્ષેત્રોમાં અધિકૃત ભાષા બનાવી દીધી. તેના પ્રભાવ હેઠળ કેટલાક દાયકા સુધી અંગ્રેજી ભાષા દબાઈ ગઈ. અને અંગ્રેજી સાહિત્ય બંધિયાર બની ગયું. જોકે સામાન્ય પ્રજાજનના વહેવારની ભાષા અંગ્રેજી જ હતી, છતાં તેનું ગૌરવ ઝાંખું પડી ગયું હતું. અંગ્રેજી ભાષા સાહિત્યની આવો અપ્રતિષ્ઠા લગભગ દોઢ સેકા સુધી રહી. એ પછી અંગ્રેજોના સદ્‌ભાગ્યે એક મહત્ત્વની રાજકીય ઘટનાએ અંગ્રેજી સાહિત્યનાં સ્થગિત જળને ફરી વહેતાં કર્યાં.

આ ઘટના ઈ. ૧૨૦૪માં બની. ઇંગ્લૅન્ડના રાજાના હાથમાંથી નૉર્મન્ડી જતું રહ્યું અને ઈ. ૧૨૪૪માં ઉમરાવો નૉર્મન્ડી અને ઇંગ્લૅન્ડ બંને પ્રદેશોમાં એકસાથે જમીનજાગીર રાખી શકે નહિ એવું શાહી ફરમાન પ્રગટ થયું: આના પરિણામે ઘણા બધા ઉમરાવોએ પોતાની નૉર્મન્ડીની જમીનજાગીર કાઢી નાખીને ઇંગ્લૅન્ડને જ વતન બનાવી ત્યાંની પ્રજા સાથે નાતો બાંધ્યો અને તેમની સાથેનો સંપર્ક વધારવા માંડ્યો. ઈ. ૧૨૫૦ પછી તો અંગ્રેજી ભાષામાં સારી પેઠે ઉમેરણ થવા માંડ્યું. ફ્રેંચ ભાષાથી ટેવાઈ ગએલા અમીર-ઉમરાવો પણ હવે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવા માંડ્યા. પચાસેક વર્ષમાં તો એ વલણ વ્યાપક બની ગયું અને ચૌદમા સેકા સુધીમાં તો અંગ્રેજી ભાષા બધાં જ વ્યાવહારિક પ્રયોજનો માટે સર્વમાન્ય બની રહી.

મધ્યકાલીન અંગ્રેજી સાહિત્ય: ચાર તબક્કા

સાહિત્ય વિવેચક આલ્બર્ટ બૉ (Albert Baugh) એ મધ્યકાલીન અંગ્રેજી સાહિત્યના ચાર તબક્કા, સમયની દૃષ્ટિએ, પાડ્યા છે: ૧) પહેલો સમયગાળો ઈ. ૧૨૫૦ સુધીનો છે. આ સમય દરમ્યાન અંગ્રેજી ભાષા-સાહિત્ય નિસ્તેજ ને નિર્માલ્ય હતાં. ફ્રેંચ ભાષા બોલનારા ઉમરાવોનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે કવિઓએ રોમાન્સ તથા અન્ય સાહિત્યપ્રકારો ફ્રેંચ ભાષામાં રચવાનું વલણ દાખવ્યું અને અંગ્રેજી ગૌરવહીન બની ગઈ. જોકે કેટલાક ધર્મગુરુઓએ પ્રજાને ધર્મોપદેશ કરવા માટે થોડીક રચનાઓ અંગ્રેજીમાં કરેલી. તેમાં 'Ormulum' (ઓર્મુલમ) પ્રતિનિધિરૂપ ધાર્મિક રચના છે. ૨) ઈ. ૧૨૫૦ પછી ઉચ્ચ સ્તરે અંગ્રેજી ભાષા પ્રયોજાવા માંડી એટલે સાહિત્યના વિવિધ પ્રકારો પણ ખેડાવા માંડ્યા. ધાર્મિક ઉપરાંત બિનસાંપ્રદાયિક મનોરંજક સાહિત્ય પણ રચાવા માંડ્યું. ૩) ઈ. ૧૩૫૦ પછી કોર્ટ કચેરી અને પ્રજાના સમસ્ત વહેવાર માટે અંગ્રેજી ભાષા નિશ્ચિત થઈ ચૂકી, ભાવિ સર્જકોને પ્રેરણા અને ઉદાહરણરૂપ નીવડે તેવા પ્રયોગો થવા માંડ્યા અને ૪) ઈ. ૧૩૫૦ થી ૧૪૦૦ના સમયગાળામાં તો ચૉસર, (Chaucer) વીક્લિફ (Wyclif), લૅન્ગલૅન્ડ (Langland) જેવા અનેક સમર્થ સર્જકો ઝળકી ઊઠ્યા અને સોળમા સેકાની મહાન સાહિત્યિક પુનઃ જાગૃતિ માટેની ભૂમિકા રચાવા માંડી.

સમગ્ર મધ્યકાલીન સાહિત્યની લાક્ષણિકતાઓ

ચૉસરના આગમન પૂર્વે રચાએલા મધ્યકાલીન સાહિત્યની કેટલીક લાક્ષણિકતાઓ સાહિત્ય વિવેચકોએ નોંધી છે. તેમાં પહેલી નોંધપાત્ર હકીકત એ છે કે આ સર્વ રચનાઓ અનામી છે. કૃતિઓમાં જવલ્લે જ કવિનું નામ મળતું હોય છે. બીજી વાત એ કે આ બધી રચનાઓ હસ્તલિખિત હતી, એટલે તેમાં સભાનપણે કે અભાનપણે સુધારા થયા કરતા. લહિયાઓનો હસ્તક્ષેપ પણ થતો. પરિણામે એક કૃતિના અનેક પાઠ મળે એ સ્વાભાવિક ઘટના હતી. તદુપરાંત એ સમયે મૌલિકતાનો આગ્રહ લેખકોને નહોતો. વાર્તાસામગ્રી સાર્વજનિક મિલકત મનાતી. કોઈ પણ કવિ નિરાંતે પોતાના પુરોગામીઓમાંથી વસ્તુ–સામગ્રી ઉપાડીને એના પર પોતાની કૃતિની ઈમારત ચણતો; એમાં કોઈને કશું અજુગતું લાગતું નહિ, બલકે એ સ્વાભાવિક શિરસ્તો હતો. આવા વ્યાપક વલણને કારણે અનુવાદ પણ મૌલિક કૃતિની જેમ જ ગૌરવભરી સ્વીકૃતિ પામતો.

સમગ્ર મધ્યકાલીન સાહિત્યમાં ધર્મનો પ્રવાહ પણ ખાસ ધ્યાનપાત્ર ગણાય. એ યુગમાં ધર્મગુરુઓનો પ્રજા ઉપર પ્રબળ પ્રભાવ હતો. લોકોમાં આવતા ભવનું ભાથું બાંધવાની તીવ્ર અભીપ્સા રહેતી. આ જગતનાં ક્ષણભંગુર સુખોની ઉપેક્ષા કરવાનો બોધ સતત તેમના કાને અથડાતો એટલે મહદંશે સાહિત્ય પણ લોકોની આ ભાવનાનો પુરસ્કાર કરે તેવા સ્પષ્ટ પ્રયોજનસર રચાતું. શુદ્ધ ધર્મલક્ષી સિવાયના સાહિત્યમાં પણ નીતિબોધ અથવા ધર્મોપદેશ સ્પષ્ટ તરી આવતા. જ્ઞાનલક્ષી (Literature of Knowledge) અને કલ્પનાલક્ષી (Literature of Power) એવા સાહિત્યના બે ભાગ તો દ ક્વિન્સીએ પાછળથી પાડ્યા. આ સર્વ સાહિત્ય વાંચવા માટે નહિ પણ સાંભળવા માટે હતું. પંદરમા સેકા સુધી અક્ષરજ્ઞાન ઉચ્ચ સ્તરે પણ વિરલ હતું. તો નીચલા થરના સમાજની વાત જ શી? કવિ અથવા ગાયક શ્રોતાવૃંદ સમક્ષ કૃતિ ગાઈ સંભળાવતો અને કર્ણોપકર્ણ કૃતિ પ્રજામાં પહોંચતી. આ સાહિત્ય બહુધા પદ્યમાં રચાય તે સહજ હતું. અત્યારના કલાધોરણે તો આ સાહિત્ય ખૂબ ઊણું ઊતરે–કોઈ ઉચ્ચ સર્જન ભાગ્યે જ નજરે પડે છે.*

અંગ્રેજી સાહિત્ય પર નૉર્મન પ્રભાવ

વિજેતા નૉર્મનોએ અંગ્રેજી સાહિત્યને દોઢસો વર્ષ સુધી પશ્ચાદ્‌ભૂમાં ધકેલી દીધું ને એના વિકાસને સ્થગિત કરી દીધો; તેમ છતાં આ ફ્રેંચભાષી પ્રજાએ અંગ્રેજી સમાજ અને સાહિત્ય માટે નવી ભેટોની પણ નવાજેશ કરી. બારમી સદીમાં ફ્રેંચ સાહિત્ય ઉન્નતિના શિખરે પહોંચ્યું હતું. વિષય, રીતિ, સરળતા, જોમ વગેરે બાબતમાં સમગ્ર યુરોપમાં તેની નામના હતી. અંગ્રેજ સર્જકોને તેણે સારી એવી પ્રેરણા–સામગ્રી પૂરી પાડી. મબલખ ફ્રેંચ શબ્દો અંગ્રેજીમાં પ્રવેશ્યા, અભિવ્યક્તિની વિવિધ છટાઓ પણ સર્જકોને સાંપડી. ફ્રેંચ સાહિત્યનાં વલણો અંગ્રેજી સાહિત્યમાં પ્રસરવા માંડ્યાં. અંગ્રેજી સાહિત્યમાં રોમાન્સનો પ્રકાર વ્યાપક બન્યો તે ફ્રેંચ સાહિત્યસંપર્કનું મહત્ત્વનું પરિણામ લેખાય.

નૉર્મનોના વિજય પછી ઇંગ્લૅન્ડમાં સાહિત્ય ત્રણ ભાષા—લૅટિન, ફ્રેંચ અને અંગ્રેજી—માં રચાતું રહ્યું. ઍંગ્લો-સૅક્સન કાળથી જ વિદ્વાનોએ લૅટિનને જ્ઞાનની ભાષા તરીકે પ્રમાણી હતી. નૉર્મન યુગમાં પણ લૅટિનમાં ધર્મલક્ષી અને જ્ઞાનલક્ષી સાહિત્યનો પ્રવાહ વહેતો રહ્યો. ઇતિહાસ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનાં અનેક પુસ્તકો લૅટિનમાં રચાતાં રહ્યાં.

* મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પણ આ જ લાક્ષણિકતાઓ નથી?

લૅટિન સાહિત્ય જો કે અંગ્રેજી સાહિત્યનો ભાગ નથી; તેમ છતાં એમાં રચાએલા એક મહત્ત્વના ગ્રંથનો નિર્દેશ કરવો આવશ્યક છે.

જ્યૉફ્રે ઑાવ મન્માઉથ (Geoffrey of Monmouth) નામના લેખકે જે Historia Regum Britanniae નામે ઇતિહાસનો ગ્રંથ રચ્યો છે એમાંથી અનેક અંગ્રેજ સર્જકોને વિષય વસ્તુની પ્રેરણા લાધી છે. બારમા સૈકાના ત્રીજા દસકામાં લખાએલા આ ઇતિહાસમાં લેખકે ઍંગ્લો સૅક્સન આક્રમણ સામે પીછેહઠ કરતા બ્રિટનવાસીઓની આંખે નિહાળેલું ચિત્ર આલેખ્યું છે. એમાં ભવિષ્યના કલ્પિત સાહિત્યમાં અધિનાયક (hero) તરીકે ભૂમિકા ભજવનારા મહાન પુરુષોના પ્રભાવક ચિત્રો મળે છે. શેક્સપીઅરની કૃતિઓ 'રાજા લીઅર' અને 'સીમ્બેલીન'ની કથાઓ પણ પહેલવહેલી અહીં જ પ્રાપ્ત થાય છે. રાજા આર્થરનાં પરાક્રમોની સળંગ કથા પણ આ ગ્રંથમાં જ સંઘરાઈ છે. આમ અનેક દૃષ્ટિએ વિદ્વાનોએ આ ઇતિહાસગ્રંથને મૂલ્યવાન ગણ્યો છે.

વેઈક (Wace)નામના લેખકે આ ઇતિહાસગ્રંથનો જે અનુવાદ કર્યો તેમાં પોતાના તરફથી પણ સારું એવું ઉમેરણ કર્યું. એ અનૂદિત ગ્રંથ રોમન દ બ્રૂત (Roman de Brut) નામથી જાણીતો છે. એ અનુવાદકે પણ આર્થર રાજા વિષેની અનેક કથાઓ જુદાજુદા પ્રવાહોમાંથી પ્રાપ્ત કરીને આ ગ્રંથમાં વર્ણવી છે. એ ગ્રંથનો લાયામને (Layamon) અંગ્રેજીમાં અનુવાદ કર્યો અને આર્થર રાજાની કથા પહેલવહેલી અંગ્રેજી સાહિત્યમાં તેરમા સૈકામાં પ્રાપ્ત થઈ.

અંગ્રેજી સાહિત્યને પ્રાસ અને છંદની ભેટ પણ નૉર્મનોએ આપી. એમના પ્રભાવ હેઠળ અંગ્રેજ સર્જકોએ ઍંગ્લો સૅક્સન કાળથી પ્રચલિત વાગ્મિતા અને અલંકારવૈભવ વિસારીને સાદી સરળ ભાષા અને રોજિંદા વહેવારનાં દૃષ્ટાંતો પોતાની કૃતિઓમાં પ્રયોજવા માંડયાં. આ નવી રીતિનું એક જાણીતું ઉદાહરણ વિદ્વાનોએ 'Poema Morale'માં નિહાળ્યું છે. દુનિયાદારી અને નશ્વર સુખોનો ત્યાગ કરીને આત્મકલ્યાણનો માર્ગ અપનાવવાનો કવિનો ઉપદેશ એમાં રાબેતા મુજબનો છે, પરંતુ આ કૃતિમાંનો સચ્ચાઈનો રણકો વિવેચકોને સ્પર્શી ગયો છે. આ કવિ-ધર્મોપદેશક આત્મતિરસ્કારથી કાવ્યનો આરંભ કરે છે. પોતે ઈશ્વરનું ચિંતવન કર્યા વિના જ જુવાની વિતાવી અને વૃદ્ધાવસ્થા આવી રહી, લોકોને તે કયામતના દિનનું સતત સ્મરણ કરવાની વિનંતી કરે છે. જોકે સ્વર્ગનું તેણે આલેખેલું ચિત્ર કેટલાક રસજ્ઞોને વાગ્રચ્ય લાગ્યું છે; છતાં વિવિધ પ્રકારની યાતનાઓનાં સુરેખ વર્ણનો દ્વારા નર્કના ચિત્રને તેણે બરાબર ઉપસાવ્યું છે: આત્માઓ નર્કમાં અગ્નિજ્વાળામાં અને હિમની શીતળતામાં વારાફરતી સબડે છે તેનું વર્ણન વિવેચકોને સ્પર્શી ગયું છે. નૉર્મનોએ અંગ્રેજ પ્રજાને પ્રાસની જે ભેટ ધરી તેનો અહીં કવિએ બરાબર ઉપયોગ કર્યો છે. ઍંગ્લો સૅક્સન વાગ્મિતાને સ્થાને સરળતા અહીં ખાસ ધ્યાન ખેંચે છે. કવિ સહજ-સ્વાભાવિકપણે કહે છે: 'જેની પાસે રૂપિયો છે, તેને સ્વર્ગ મળશે અને જેની પાસે માત્ર પૈસાનો સિક્કો છે તેને પણ સ્વર્ગ મળશે. આવો અદ્‌ભુત વ્યાપાર ક્યાંય કોઈએ જોયો?

Each man with what he hath may buy him heaven,
Both he that hath more and he that hath less;
This one with his penny, the other with his pound,
'Tis the most wondrous bargain that any man found.

ઘુવડ અને બુલબુલ

તેરમા સૈકામાં રચાએલી એક બીજી કૃતિ—'ઘુવડ અને બુલબુલ'-The owl and the Nightingale – નવીન પ્રયોગ તરીકે વિવેચકોએ પ્રમાણી છે. અંગ્રેજી કવિતા સાહિત્યમાં પ્રથમ સંવિવાદ (debate). કાવ્ય તરીકે તે વિશિષ્ટ ગણાઈ છે. સાહિત્યિક દૃષ્ટિએ પણ એ જૂની પરંપરાઓથી જુદું પડીને નવી કેડી પાડનારું છે. આવા સંવિવાદ પ્રગટ કરતાં કાવ્યોનાં કાચાં-પાકાં દૃષ્ટાંત આઠમા-નવમા સૈકામાં મળે છે ખરાં, પરંતુ 'ઘુવડ અને બુલબુલ'માં કાવ્યજ્ઞોએ કળાની ઉત્તમ પ્રતીતિ નિહાળી છે. તેમણે આ બે પંખીઓમાં જીવનના બે ભિન્ન માર્ગનાં પ્રતીક જોયાં છે.

નવપલ્લવિત શાખા પર બેસીને બુલબુલ, સામેના વૃક્ષ પર વિરાજેલા ઘુવડને ઉશ્કેરે છે: 'મહાશય! ઊડી જાઓ અહીંથી! તમને જોતાં મને ત્રાસ થાય છે. તમારું ભયંકર બદસૂરીલું ગીત સાંભળ્યા પછી તો મને ગીત ગાવાને બદલે થૂંકવાનું મન થાય છે. તમારી બદસીકલ મારા ગીતને ગૂંગળાવી નાખે છે. તમારી ટૂંકી ગરદન, મોટું મસ માથું, સાવ ઢંકડું શરીર—તમારું દર્શન જ અભદ્ર! જ્યાં તમે જાઓ ત્યાં અપશુકન!' એમ નિંદા કરીને બુલબુલે પોતાનું સૂરીલું ગીત છેડ્યું. ઘુવડને તો, જાણે પોતે દેડકો ગળ્યો હોય તેવી બેચેન સ્થિતિમાં તે સાંભળ્યે જ છૂટકો રહ્યો.

પછી બુલબુલના ગીતથી છંછેડાએલું ઘુવડ સામો આક્ષેપ કરે છે: 'તારા ગીતમાં નરી નિર્માલ્યતા છે. નરનારીની પ્રેમવાસનાને તે ઉશ્કેરે છે; તેમને પાપકર્મમાં પ્રેરે છે. હવે જોયું જોયું તારું ગીત!' બુલબુલ સામો સપાટો લગાવે છે: 'તારાં હજારો ગીત કરતાં મારું એક ગીત ચડિયાતું છે. પ્રભાત ઉદય પામે છે ને ધર્મગુરુઓ, સંતો, શ્રેયાર્થીઓ મંગલ ગીત ગાય છે તેમાં હું સહાયરૂપ બનું છું. મારા ગીતથી તેમનામાં ચેતન પ્રગટે છે. વિશ્વનું સનાતન સંગીત શોધવામાં મારું ગીત તેમને પ્રેરણા આપે છે.'

ખૂબ ઉશ્કેરાઇને ઘુવડ બોલે છે: 'જા, જા, રે જૂઠડા! તારું જૂઠાણું તો આલમની અજાયબી રૂપ છે, કોણ તારા ગીતને પ્રેરણાદાયી ગણે છે? અરે, એકલાં ગીતો લલકારવાથી સ્વર્ગ મળતું નથી. માણસજાતે પોતાનાં પાપનું સ્મરણ કરીને આંસુ સાથે તેનો પશ્ચાત્તાપ પણ કરવો પડે છે, સમજ પડી? મારું શોકભર્યું ગીત તેમને પ્રાયશ્ચિત્તની પ્રેરણા આપે છે. મારા ગીતથી માનવજાતનું કલ્યાણ થાય છે. મને મારું ગીત મુબારક છે!'

પછી બુલબુલ પોતાના પક્ષકારો લઈ આવે છે, દલીલો તીવ્ર બનતી જાય છે, વાદવિવાદ મારામારી સુધી પહોંચે છે, પરંતુ છેવટે નિકોલસ નામના પંડિતને આ પ્રશ્નની લવાદી સોંપવાનો નિર્ણય કરવામાં આવે છે. અલબત્ત ચુકાદો અધ્યાહાર જ રહે છે.

કેટલાક વિવેચકોએ આ કાવ્યને રૂપક તરીકે ઘટાવીને તેમાં બુલબુલ અને ઘુવડ વચ્ચેના સંવિવાદમાં વિલાસ અને તપશ્ચર્યા, કળા અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ જોયો છે; તો કેટલાક નવી પેઢીના વિવેચકોને તેમાં નવી પ્રેમલક્ષી કવિતા અને જૂની ધર્મલક્ષી બોધપ્રધાન કવિતા વચ્ચેનો મતભેદ દેખાયો છે. બુલબુલ કળા વિલાસનું પ્રતીક છે અને ઘુવડમાં પરંપરાગત (traditional) માર્ગનો પ્રતિનિધિ પ્રગટ થાય છે.

આ કાવ્યનો કર્તા 'નિકોલસ' હોવાની સંભાવના, એમાં આવતા એના નામોલ્લેખોને લક્ષમાં રાખીને કેટલાકે કલ્પી છે. કર્તા ગમે તે હોય, પરંતુ એક સમર્થ ઊર્મિકવિની શક્તિનો એમાં આહ્લાદક પરિચય મળી રહે છે. એ કૃતિમાં રજૂ થએલાં દૃશ્યો એ યુગના ગ્રામજીવનની સુરેખ તસવીર પ્રગટ કરે છે તે પણ એની એક વિશેષતા છે. કાવ્યનાં રોજિંદા વહેવારનાં વર્ણનો ને ઘરગથ્થુ દૃષ્ટાંતો પણ વાચકોને સ્પર્શી ગયાં છે. અત્યાર સુધીની કવિતામાં પ્રકૃતિનાં રુદ્ર-ભવ્ય તત્ત્વોનું નિરૂપણ પ્રચલિત હતું; અહીં કદાચ પહેલી વાર લલિતકોમળ તત્ત્વોનું કવિએ મનોહર ચિત્રણ કર્યું છે. તદુપરાંત સંવિવાદને નાટ્યાત્મક કક્ષા સુધી લઈ જવામાં પણ કવિને સારી એવી સફળતા મળી છે. જે. ડબલ્યુ. એચ. ઍટકિન્સે કૅમ્બ્રિજના સાહિત્ય-ઇતિહાસમાં નોંધ કરી છે તે પ્રમાણે આ કાવ્ય, તેમાં પ્રગટતી સ્વાતંત્ર્યની વિચારધારા, છંદની છટા, સ્વાભાવિક સુંદર પદાવલિ, આકર્ષક નવીન રીતિ, પ્રેમ વિષેની મુક્ત વિચારણા—એમ અનેક દૃષ્ટિએ રસપ્રદ છે. વિશેષમાં કવિ સારા પ્રવાસી છે, પરદેશોમાં તે ફર્યા છે અને મધુકરવૃત્તિ તેમણે બરાબર દાખવી છે.

(ચાલુ)

કલાવાર્તા

ભોપા રબારીનું લીપણ અને ચીતર

કુ. સુચેતા ભાડલાવાળા

જેવા હોય તેવા પોતાના રહેણાકને એક યા બીજી રીતે શણગારવાની વૃત્તિ તો માણસ છેક ગુફાઓમાં વસતો હતો તે કાળથી ઊતરી આવી છે. ઘર બહારના ભારે કામની જવાબદારી પુરુષે ઉપાડી લીધી, તો ઘર સાથે સતત સંકળાએલી સ્ત્રીએ એને સ્વર્ગથી યે અદકું ગણી પોતાની લાગણીના ઊભરા એને શણગારીને વ્યક્ત કરવા માંડયા. એના ભાવુક હૃદયમાં ઘર અને કુટુંબીઓનાં ક્ષેમ ને શાતા માટે જે ભાવોર્મિઓ જાગે તેને તેણે દેવદેવીઓની પ્રાર્થનામાં, ભરત-ગૂંથણ કે ચિતરામણમાં યા ગીતોમાં વ્યક્ત કરવા માંડી. આ માટે એને સાધનસામગ્રીની અછત નડતી નથી, કે નથી પડી એને ભણતરના ઓપની જરૂર. હૈયાના હરખમાંથી સીધા નીતરતા એ ઉમળકાનું કલાસ્વરૂપ તે લોકકળા.

ગામડા ગામની નારી પોતાની નાનીશી ઘોલકીની આસપાસ પણ મોકળે મને એને પાથરે છે. લીપણ પણ એવી એક કળા છે. એ લીપણમાં કાટખૂણે કે સીધી દોરીછંટ સપાટી ભલે ન દેખાય. પણ ગારમાટીની એ થાપમાં હાથની હથેળીથી પાડેલી ઓકળી, આંગળાં દાબીને કરેલી ભાત, કે ઉપસાવીને આલેખેલાં ચીતરમાં એની લાગણીનો અને અંતરમાંથી પ્રકટેલી કળાનો જે ભાવ પ્રકટે છે તેમાં એ ઘર અને એમાં રહેતા લોકોનું એક આગવું ગૌરવ વ્યક્ત થાય છે.

કચ્છની લીપણકળા તો છેક ન્યૂ યૉર્ક સુધી પ્રતિષ્ઠા પામી આવી છે. સૌરાષ્ટ્રમાં પણ એ ઠેરઠેર જોવા મળે છે. મુખ્યત્વે ચારણ, રબારી, આયર, ગરાસિયા વગેરે જાતિઓનાં લીપણમાં સવિશેષ આકર્ષણ જોવા મળે છે. લીપણની એ કળાને 'માંડણાં' પણ કહે છે. પણ રાજસ્થાનનાં ભીંત પરનાં ચિતરામણ કરતાં આ તદ્દન ભિન્ન છે. આમાં તો તાજા લીપણ પર હથેળીની હીંસ ને આંગળાનાં ટેરવાંથી અવનવી ટાબકડીબક કરીને જે ભાત ઉપસાવાય છે તેમાં નથી કોઈ બીજું સાધન વપરાતું કે નથી વપરાતો રંગ. અને છતાં ભાતીગળ શોભન અને ખડીથી શોભાવેલાં એ કૂબા ગામડા ગામની એક અનોખી રોનક જેવા બની રહે છે.

સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લાના ભોપા રબારીઓએ લીપણના આ કસબને પેઢીઉતાર કલાવારસાની પેઠે હજી યે જાળવી રાખ્યો છે. 'કંકુ વિનાના કપાળ'ની જેમ લીપણનાં માંડણાં વિનાનું ઘર પણ વરવું લાગે એમ તેઓ માને છે.





આજુબાજુ કોઠી ને વચ્ચે મન્જૂસ પરનું આભલાં-જડિત લીંપણ; નીચે : ઓસરીની ભીંત પરનાં રંગીન ચીતર ને (જમણી બાજુ) એ ચીતરમાં 'ખગલો' ને 'આંબો' (ફોટો : કુ. એન. એ. દુરાની)


એમના આ લીપણની ગાર પણ નોખી. ખૂબ કૂટીને ચાળેલી બારીક ધોળી માટી તથા છાંયે સૂકવીને ચાળી લીધેલી ઘોડાની લાદને સરખે ભાગે પાણીમાં ખૂબ ગૂંદી-મસળીને પહેલાં તો એનું ગારિયું કરે, ને પછી એના નાના નાના વાટા વાળીને ગારમાટીની થાપવાળી ભીંત ઉપર ચતરસૂત્ર પ્રમાણે અવનવી ભાત ઊપસાવે. વચ્ચેવચ્ચે વળી તેમાં ખાંપ-આભલાં કે રંગીન કાચ યા બબરખના કટકા ચોંટીને એની શોભા વધારે. કોડી, ચણોઠી ને મોતીની ટાબરટીબક પણ કરે. આ ભોપા રબારી મૂળ કચ્છના, ને જામ રાવળની સાથે તેઓ સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલા એમ મનાય છે. અને એટલે જ કદાચ એમની ભાત અને આલેખનમાં કચ્છી આકારોની સ્પષ્ટ અસર જોવા મળે છે.

એમનું આ લીપણ ને આ માંડણાં માત્ર ઘરની ભીંત પૂરતાં મર્યાદિત નથી. કોઠી, કોઠલા, મન્જૂસ, પાણિયારાં ને ચૂલા સુધ્ધાંને ભોપી રબારણો પોતાની આ કળાથી શણગારે છે. એ કોઠીકોઠલા ને મન્જૂસ પણ તેઓ જાતે જ બનાવી લે છે. એ માટે વાંસની ખપાટોનું માળખું કરી રોજ તેના પર થોડી થોડી ગાર ચડાવતા જઈ, જોઇતો ઘાટ ઊભો કરી દે છે. આ માટેની ગારમાં આઠ ભાગ માટી ને બે જ ભાગ લાદ વપરાય છે. ચારેક દિવસ એને પલાળી, ખૂબ ખૂંદીગૂંદીને એના પિંડા વાળી લઈ ગાર કરતી જાય છે. કોઠી કે મન્જૂસ મોટાં હોય તો તો ઘરમાં જ એ ઊભાં કરે; નહિતર બહાર ફળિયામાં કરીને પછી અંદર ગોઠવે.

બધું બરાબર સુકાઈ રહે પછી એના પર પેલું શોભાનું લીપણ ચડાવે અને એને શણગારે. ખાંપ આભલાં ચોડયા પછી બધું સુકાઈને પાકું થાય ત્યારે ઉપર ધોળ કરે, અને છેલ્લે ભીના લૂગડા વડે આભલાં વગેરે લૂછીને એના પરનો ધોળ કાઢી ચોખ્ખુંચણક બનાવી દે. ક્યારેક વળી થોડી રંગચટક પણ મૂકે. એ માટે હળદરનો પીળો, ગેરુનો રાતો ને ગળીનો ભૂરો રંગ જ વાપરે. લીલા રંગ માટે પીળોભૂરો ભેળો







વૈષ્ણવ મંદિરોમાં ઋતુઋતુ અને સમાસમાના સાજશણગાર ફેરવાતા રહે છે. તેમાં ઉષ્ણકાળમાં મંદિરના ગર્ભાગારનાં ધાતુના પતરે મઢયાં કે કેવળ કાષ્ઠનાં દ્વાર હોય તે ઉતારીને ત્યાં ચંદનનાં દ્વાર ચડાવાય છે. પાટણના દ્વારકાધીશના મંદિરમાં એની ખોટ હતી તે ગયા વર્ષે પુરાઇ, અને જે ચંદનદ્વાર ત્યાં મૂકવામાં આવ્યાં, તેમાં નિરૂપેલાં શ્રીકૃષ્ણ બાળલીલાનાં વિવિધ દશ્યોની કોતરણીવાળી આ આઠ તકતીઓ છે. ત્યાંના જ મિસ્ત્રી કાંતિલાલ પંચાલે અત્યંત ભાવનાથી એ કોરી છે. સામાન્યતઃ આ પ્રકારનું કામ ધીરેધીરે લુપ્ત થઈ રહ્યું છે ત્યારે આ કારીગરીને આ રીતે પ્રોત્સાહન મળતું રહે તે આવકાર્ય છે. —ભોગીલાલ અ. પરીખ

કરે. કોરી ભીંત હોય તો તેમાં કેટલીક વાર 'ચીતર' પણ આલેખે. સાવજ (સિંહ), મોર, આંબો, ફૂલબુટ્ટી, પોપટ વગેરેનાં એ ચીતરના રંગ પણ પેલા જ. આછા રંગોને એમાં સ્થાન નહિ. રંગ લેવા તો પૂરી ભભકમાં લેવા; શોભા કરવી તો પૂરી કરવી; આ જાણે એમના ગૃહજીવનની એક ફિલસૂફી લાગે છે. એમનું જીવન એટલે જ ભર્યું ભર્યું લાગે છે. શહેરી સંસ્કૃતિથી હજી એ બોટાયું નથી ત્યાં સુધી એમની આ લીપણની કળા— અને અન્ય બધી લોકકળા સલામત છે.

પૂઠામાંનાં ફોટોચિત્રો

આ અંકના પૂઠાની અંદર આપેલાં બે ફોટોચિત્રમાં પ્રકૃતિનાં બે ભિન્ન રૂપ જોવા મળે છે. પહેલા ચિત્રમાં હિમાલયની પહાડીનું વિશાળ-વેરાન રૂપ છે, તો બીજામાં શંકુદ્રુમ વૃક્ષોની સમૃદ્ધિ. પહેલામાં દર મોસમે પીગળીને વહેતા બરફ તથા પવનના મારથી ખવાતા જતા પહાડનું વિસર્જન છે, તો બીજામાં સંવર્ધન. એકના દર્શનમાં ભવ્યતા છે, બીજામાં આહ્લાદકતા. ફોટોગ્રાફરે બંનેની લાક્ષણિકતાઓને કુશળ રીતે ઝડપી છે.

અનુસંધાન] **ગુરખો** [પૃષ્ઠ ૨૫૨થી

બાળકોના ખોબાઓને સસ્તી મીઠાઈ કે બોરથી ભરી દે છે. હજુ પણ પરોઢીએ એ ગાયત્રીમંત્રના જાપ ઉચ્ચ સ્વરે જપે છે. પરંતુ બાજુના મંદિરના ઉત્સવ સમયે જ્યારે વરઘોડો નીકળે છે ત્યારે 'સ્વામી'ની પાલખીને પોતાના સશક્ત ખભે ટેકો દે છે. ગામની શરમાળ નવવધૂઓ પણ આ 'નારાયણ સ્વામી'ને, વછૂટીને ભાગતા વાછરડાને કાબૂમાં રાખવા હાકોટા દે છે. આ પરદેશી ગુરખો ગ્રામ સમાજના અંગેઅંગમાં એકરૂપ થઈ સ્વદેશ-સ્વજન-પિપાસા સંતોષે છે. અને અમે હજુ પણ સૌથી અળગાં રહી, 'વિશ્વપ્રેમ'ની વાતો કરી 'લિબરલ' હોવાનું ગૌરવ લઈએ છીએ. □

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો : મનોમંથન · ૨૬ રશિયા-જાપાન યુદ્ધ

[એશિયાઈ રાષ્ટ્રોમાં નવા પ્રાણનો સંચાર]

પઠાણો અને મુઘલો આગળ હારેલા આપણે મહારાષ્ટ્રમાં 'હિંદવી સ્વરાજ્ય'નો જરાક અનુભવ લેતા હતા, ત્યાં સાત સમુદ્રની પેલી પારના ટોપીવાળાઓ આવ્યા—પોર્ચુગીઝ, ફ્રેંચ ને અંગ્રેજ. એમાં બીજા બધા કરતાં અંગ્રેજોની કુનેહ ફાવી ગઈ અને એમણે આ મહાન દેશમાં પોતાનું રાજ્ય મજબૂતપણે 'આ સેતુ હિમાચલ' સ્થાપ્યું. હિંદુ-મુસલમાનોએ ભેગા થઈ ને એમને હાંકી કાઢવાનો એક પ્રયત્ન (૧૮૫૭માં) કર્યો એમાં આપણે હાર્યા, એટલું જ નહિ પણ તે જ કારણે અંગ્રેજોનું આ દેશ પરનું સામ્રાજ્ય એવું તો મજબૂત થયું કે ગોરાઓ આગળ આપણું કશું ચાલવાનું નથી એમ આખા દેશે, રાજાઓએ તેમજ સમસ્ત પ્રજાએ, પૂરા હૃદયથી માની લીધું. આ તો થઈ આપણા દેશની વાત. પણ એમણે જોયું કે ટોપીવાળાઓ એશિયા અને આફ્રિકાના બીજા બધા દેશોમાં પણ ફાવી ગયા હતા. આ ગોરાઓને ભગવાનનું ખાસ વરદાન છે એવો નિર્ણય તમામ રંગીન પ્રજાઓએ જાણે સ્વીકારી લીધો હતો.

એટલામાં ઈ. ૧૯૦૫માં એકાએક રશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ ફાટ્યાના સમાચાર આવી પહોંચ્યા. પ્રથમ તો માન્યામાં જ ન આવે કે એશિયાની કોઈ પ્રજા યુરોપના ગોરાઓ સામે ઊભી થઈ શકે; અને તે યે, અંગ્રેજો પણ જેમનાથી હમેશાં ડરેલા રહે છે એ રશિયા સામે—એટલે કે આખી દુનિયામાં સૌથી મોટી લશ્કરી શક્તિ સામે! છેલ્લાં કેટલાંય વર્ષોથી આપણે જોઈ શકતા હતા કે અંગ્રેજોની બધી બુદ્ધિશક્તિ રશિયાનું ભારત પરનું આક્રમણ ટાળવા માટે વપરાતી હતી.

એવા એ રશિયા સામે ઊભા થએલા જાપાની લોકોનું રાજ તે કેવડુંક મોટું હશે એ નકશા પર તપાસવા જતાં બેવડું આશ્ચર્ય થયું. એશિયાને છેક છેડે, ચીની સામ્રાજ્યની પૂર્વે આવેલા માત્ર ચાર ટાપુઓ એ આ લોકોની જન્મભૂમિ. જેમ યુરોપની પશ્ચિમે સમુદ્રમાં બ્રિટન અને આયર્લૅન્ડ એમ જ રશિયાની પૂર્વે આ જાપાનનું રાજ્ય.

બધાના મનમાં તો એમ જ કે જંગી રશિયા આગળ ટચુકડા જાપાનની શી વિસાત? પણ આશ્ચર્ય એ થયું કે એણે તો રશિયન શક્તિને પડકાર કર્યો અને લડવા માટે તૈયાર થયું.

પછી તો અમે રોજ 'જ્ઞાનપ્રકાશ' લઈ ને લડાઈના સમાચાર વાંચીએ. લડાઈ જાપાનમાં નહિ પણ સમુદ્રની આ બાજુ રશિયન સામ્રાજ્યની ભૂમિ ઉપર થતી હતી! જાપાનીઓ જહાજમાં પોતાની ફોજ લઈને સમુદ્ર આળંગીને રશિયા સામે એમના જ દેશમાં જઈ લડતા હતા!!

તે વખતે 'પોર્ટ આર્થર' એ સૌથી મોટું લશ્કરી મથક હતું. જાપાનીઓ એ બંદર પોતાના કબ્જામાં લેવા માટે આગળ વધતા હતા. વચમાં વચમાં 'યાલુ નદી'નું પણ નામ વાંચતા. અને છાપાંઓના નકશાઓમાં એ નદી ક્યાં છે એ શોધી કાઢતા. ભારતના પ્રમાણમાં એ આખો દેશ નકશામાં તુચ્છ જેવો લાગતો હતો. ત્યાર પછી 'મુકડેન'માં ભારે યુદ્ધ થયું. જાપાનીઓ તરફથી 'ઍડમિરલ ટોગો' નૌકા-સેનાપતિ હતો. રશિયાની બાજુ રૉડ ઝેસ્ત્વેન્સ્કી હતો.


યુદ્ધ ઠીક ઠીક ચાલ્યું. શો અમારો તે વખતનો ઉત્સાહ! યુરોપના સૌથી મોટા સામ્રાજ્ય સામે એશિયાનું એક નાનકડું રાજ ફાવતું જાય એ વસ્તુ કલ્પનાને પણ સાચી ન લાગત! પણ રોજના સમાચાર જે યુરોપનાં તટસ્થ રાષ્ટ્રો તરફથી આવતા જાય, એના રિપોર્ટ તો માનવા જ રહ્યા. કેવળ ભારતને જ નહિ પણ એશિયાનાં બધાં જ રાષ્ટ્રોને લાગતું હતું કે આ જાપાની લોકો એશિયાની આબરૂ પોતાના હાથમાં લઈને લડે છે અને ફાવતા લાગે છે. દરેક ઘરમાં આનંદ આનંદ વ્યાપી રહેતો—જાણે પોતે જ લડાઈમાં જીતતા હોય એમ.

એટલામાં સમાચાર આવ્યા કે રશિયા અને સ્વીડન નૉર્વે વચ્ચેના સમુદ્રમાં રશિયાનું જે વિશાળ આરમાર (નૌકાસૈન્ય) છે એ જાપાન સામે લડવા ઊપડ્યું છે. આવડું મોટું આરમાર ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ વચ્ચે થઈને આંટલાંટિક મહાસાગરમાં જાય, ત્યાંથી દક્ષિણ આફ્રિકા ખંડ ઓળંગી, હિંદી મહાસાગર ઓળંગી, પ્રશાંત મહાસાગરમાં થઈને ઉત્તરે જાપાન ઉપર ચડાઈ કરવા જાય એ મહા આશ્ચર્યની વાત હતી. અમે કહેતા કે દુનિયાના આખા ઇતિહાસમાં આવડી મોટી નૌકાસેનાએ ત્રણ મહાસાગરની આટલી લાંબી મુસાફરી કોઈ કાળે ભાગ્યે જ કરી હોય.

ત્યારે જાપાનીઓ તો એટલું જ કહેતા કે 'અમે રશિયન આરમારના સ્વાગત માટે તૈયાર છીએ.' આખી દુનિયાનાં બધાં હૃદયો એ મહા નૌકાયુદ્ધનાં વર્ણનો સાંભળવા તલપાપડ હતાં. અને શું આશ્ચર્ય! 'સુશીમા' સામુદ્રધુનીમાં જાપાને એક જ લડાઈમાં રશિયાનું એ આખું આરમાર ખલાસ કરી નાખ્યું! કલ્પનાને યે સાચું ન લાગે!? પણ પ્રત્યક્ષ બનેલો બનાવ માન્યે જ છૂટકો હતો!

રુસો-જાપાની યુદ્ધ આગળ ચાલ્યું. પણ હવે એમાં રસ રહ્યો નહિ. જાપાનીઓ ફાવી ગયા છે અને એની આગળ રશિયાની હાર થઈ છે એટલું દુનિયા સમજી ગઈ.

અને જાપાને એશિયાની ઉદારતા બતાવી. હારેલો દેશ હાર કબૂલ કરી શાંતિ માટે, સુલેહ માટે, અરજી કરે તેને બદલે વિજયી જાપાને જ શાંતિ ને સુલેહનામા માટે કહેણ મોકલ્યું કે 'રશિયાએ યુદ્ધ બંધ કરવું જોઈએ. નકામા મનુષ્ય-સંહારમાં અમે માનતા નથી. એટલે અમે જ સુલેહનામાની વાત છેડીએ છીએ.'



ઈ.સ. ૧૯૦૪માં રશિયા-જાપાન યુદ્ધમાં ઝાર નિકોલાસે ૫૦ જેટલાં યુદ્ધજહાજોનો જંગી કાફલો ૧૬૦૦૦ માઈલ દૂર લડવા મોકલ્યો, પણ જાપાનના નાનકડા નૌકાદળે માત્ર પોણા કલાકમાં એને છિન્નભિન્ન કરી નાખેલો. આ સદીનું એ પ્રથમ યુદ્ધ હતું, જેની ઇતિહાસ પર ઘણી અસર પડી.

ઈ. ૧૯૦૫ની આ વાત. જાપાનની જીત થઈ. પૂર્વ તરફના સમુદ્ર પર જાપાનનાં જહાજો છૂટથી ફરવા લાગ્યાં. ખખડધજ ચીની સામ્રાજ્ય પર રશિયાની બીક તોળાતી હતી તે ઓછી થઈ. ચીની પ્રજાએ પોતાના બાદશાહ સામે પોતાની શક્તિ અજમાવવાનો નિશ્ચય કર્યો અને આખી દુનિયાનું રૂપ ફરી ગયું. એશિયાની પ્રજામાં નવા પ્રાણનો સંચાર થયો અને અમે કૉલેજના વિદ્યાર્થીઓ જાણે નવું હૃદય મળ્યું હોય એમ પોતાની જિંદગીનો અને પોતાના દેશનો નવેસરથી વિચાર કરવા લાગ્યા. □

સાહિત્યસંપર્ક

ભારતીય અસ્મિતા

કોઈ પણ પ્રજા અસ્મિતાની સભાનતા વગર પ્રગતિ કરી શકતી નથી. કાળબળે એવું બને ખરું કે અસ્મિતાની વિસ્મૃતિ થઈ જાય; પરંતુ એની પુનર્જાગ્રતિ ભાવિ પથને વધારે સમૃદ્ધ બનાવવા અચૂક સમર્થ નીવડે. ભારતીય અસ્મિતાની સભાનતાનાં આવાં ચઢાણ-ઉતરાણ આવ્યાં છે. સવિશેષે તો પાશ્ચાત્ય સંસ્કૃતિ ને સભ્યતાના જોરદાર ઘસારાથી આ અસ્મિતાની સ્મૃતિ અને શ્રદ્ધા હલબલી ઊઠી હતી. એવે ટાણે ભારતીય અસ્મિતાને પુનર્જાગ્રત કરવાના પ્રયત્નો અનેક મહાનુભાવોએ કરેલા. એ અસ્મિતાનો અ-ક્ષર ખયાલ આ દળદાર ગ્રંથમાં સ્પષ્ટ કરવાનો પ્રયાસ થએલો છે.

આ ગ્રંથને 'ઐતિહાસિક પરંપરા', 'લલિતકલાઓની ઉપાસના', 'દાર્શનિક પરંપરા', 'શિક્ષણ-સંસ્કાર જગત', 'વિજ્ઞાન અને શાસ્ત્રીય પર્યેષણા', 'ભાષા અને સાહિત્ય', 'સમૃદ્ધિ અને વ્યાપાર-વૈભવ', 'સમાજદર્શન', 'રાજકારણના પ્રવાહો', 'નગરો-તીર્થધામો,' 'વિશિષ્ટ તેજસ્વી પ્રતિભાઓ', એમ નવ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. લગભગ પ્રત્યેક વિભાગમાં અધિકારીઓને હાથે લખાએલી સામગ્રી રજૂ કરવામાં આવી છે એ આનંદની વાત છે. છતાં કેટલેય સ્થાને વિષયની રજૂઆત અને છણાવટ જોઇએ તેટલી ચોટદાર થઈ શકી નથી તે ખૂંચે છે. ભારતીય અસ્મિતાનાં મોટા ભાગનાં અંગોને આવરી લેવાયાં છે, પરંતુ એનું આયોજન વધુ વ્યવસ્થિત થયું હોત તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાત. 'મધ્યયુગીન ભારતનું સંસ્કૃતિ દર્શન' વધુ વિસ્તારથી આપી શકાયું હોત. એ જ રીતે 'ભારતની સ્ત્રી-લેખિકાઓ'ની સૂચિ હજુ અધૂરી લાગ્યા વગર નહિ રહે. 'સામાજિક કાર્યકરો'ની સૂચિમાં પણ હજુ કેટલાં બધાં નામો ગણાવી શકાય! આમ છતાં ય ગ્રંથના સંપાદક શ્રી નંદલાલ બી. દેવલુકે એકલે હાથે કરેલો આ પુરુષાર્થ દાદ માગી લે તેવો છે. એમાં અપાએલી છબીઓ ગ્રંથની મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે, તો એની છપાઈ એના સૌન્દર્યને બરાબર ઊપસાવી શકી નથી એનો રંજ પણ રહે છે. લગભગ પાનેપાને આવતી જોડણીની અશુદ્ધિ અને ઠેરઠેર વર્તાતી પ્રૂફ-રીડિંગની ખામી આવા ગ્રંથમાં કોઈ પણને ખટક્યા વગર નહિ રહે.

અનેક જાહેરખબરો સાથે અને અનેક આર્ટપ્લેઈટ્સવાળો લગભગ ૧૨૫૦ પૃષ્ઠનો આવો સંદર્ભ ગ્રંથ માત્ર રૂ. ૩૬માં જ આપી શકાયો છે. વળી, ખાસ વિશેષતા ન હોવા છતાં અનેક માહિતી એકસાથે અહીં મળી રહે છે એ એનું ગુણપાસું છે. (સંપાદક : નંદલાલ બી. દેવલુક; પ્ર. યોગેશ ઍડવર્ટાઈઝિંગ સર્વિસ, ભાવનગર-૨.)

નવાં પ્રકાશનો

વૈયક્તિક વ્યવસ્થાપન : આજના ઔદ્યોગિક યુગમાં મનુષ્ય વિષયક ઔદ્યોગિક સંશોધનો થયાં છે અને તે દ્વારા ઉક્ત વિષયના મૂળભૂત સિદ્ધાંતો પણ રચાયા છે. એ દૃષ્ટિએ કામદારની પસંદગી, ઔદ્યોગિક નીતિ, એનું કાર્ય, સહકાર્યકરોના પારસ્પરિક સંબંધો વગેરેનો અહીં સમતુલિત વિચાર કરવામાં આવ્યો છે. ઉદ્યોગ સાથે સંકળાએલી પ્રત્યેક વ્યક્તિને માટે આવશ્યક એવા એ વિષયનું તજ્જ્ઞ લેખક જયશ્રી બી. ઠાકોરે આ પુસ્તકમાં યોગ્ય નિરૂપણ કર્યું છે. (પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; કાચું પૂઠું; પૃ. ૨૧૮; રૂ. ૬-૫૦.)

ધનપ્રાપ્તિમાં પ્રવર્તતા નિયમો: આજની સમાજરચનામાં ધન વગર વ્યવહાર ચલાવવો કલ્પનાતીત છે એ વાતનો તો સૌકોઈ સ્વીકાર કરે છે, ત્યારે ધન કેમ પ્રાપ્ત થાય છે એના પણ પરાપૂર્વથી ચાલ્યા આવતા નિયમો છે તેનો ઘણાને ખયાલ નથી. ધન નહિ મેળવનાર નસીબને દોષ દઈ પુરુષાર્થ માંડી વાળે છે એ તરફ લેખકે અહીં ગંભીર ચેતવણી ઉચ્ચારી છે. ધનપ્રાપ્તિના પુરુષાર્થને કઈ રીતે સફળતા સુધી પહોંચાડવો એ જો માણસ વ્યવસ્થિતરીતે જાણે અને આચરણમાં મૂકે તો ભૌતિક સુખના પરમ સાધન જેવી ધનસંપત્તિ એને સરળતાથી સુલભ થાય છે. આ હકીકતને વર્ષો પહેલાં વિદ્વાન વિચારક છોટાલાલ જીવનલાલ 'વિશ્વવંદ્ય' શબ્દબદ્ધ કરી હતી. ધનપ્રાપ્તિમાં પ્રવર્તતા નિયમોની સ્પષ્ટ સરળ અને સચોટ રજૂઆત કરતું, ઘરગથ્થુ દૃષ્ટાંતોથી સભર અને રસળતી શૈલીમાં લખાએલું આ પુસ્તક લેખકના વિશાળ અને ઊંડા અનુભવનો પરિપાક છે તેની

શબ્દકથા: એકું · દૂ · તેરી

આંકના પાડા કે ગડિયા (ઘડિયા) બોલવાની જૂની પદ્ધતિમાં આપણે ત્યાં પ્રદેશે પ્રદેશે કેટલોક તફાવત છે. મને પરિચિત પ્રકારમાં એકવચનમાં 'એકુ, દૂ, તેરી, ચોક, પંચુ, છક, સત્તુ, અઠ્ઠુ, નવ્વુ, દાણુ', અને બહુવચનમાં 'એકા, દૂ, તેરી, ચોક, પંચા, છક, સત્તા, અઠ્ઠા, નવ્વા, દાણુ' એમ બોલાય છે, જેમ કે 'એક એકુ એક', 'ત્રણ દૂ છ', એક પંચુ પાંચ', 'બે પંચા દસ' વગેરે.

આમાં 'એકુ', 'પંચુ' વગેરેનું બહુવચન 'એકા' 'પંચા' છે તે દર્શાવે છે કે શિષ્ટ ઉચ્ચારણ પ્રમાણે આ 'એકું', 'પંચું'—'એકાં, 'પંચાં' એમ હોવાં જોઈએ. ઘણી સ્થાનિક બોલીઓમાં અંત્ય અનુનાસિક ઉચ્ચારાતો નથી. પરંતુ આ શબ્દો નપુંસકલિંગ છે, નહિ કે પુંલ્લિંગ. આખા ગડિયાનો નિર્દેશ કરવો હોય ત્યારે 'પંચા બોલ', 'તેં સત્તા લખ્યા?', 'હવે અઠ્ઠા બોલી જા' એ રીતના સ્થાનિક પ્રયોગોમાં પણ માન્ય ઉચ્ચારણ પ્રમાણે 'પંચાં', 'સત્તાં', 'અઠ્ઠાં' છે. અને સમગ્રપણે ગડિયાઓ માટે 'એકા' બહુવચનમાં વપરાય છે તે પણ 'એકાં'ને બદલે છે.

પણ જોડણીકોશ આ શબ્દોને પુંલ્લિંગ ગણે છે. કોશકારોએ એને 'ઘડિયો'ના વિશેષણ માન્યા લાગે છે. પણ આ સમજ સાચી નથી. વ્યુત્પત્તિને આધારે આનો સ્પષ્ટ નિર્ણય મળી રહે છે.

સંસ્કૃતમાં સમૂહવાચક 'એકક', 'દ્વિક', 'ત્રિક', 'ચતુષ્ક', 'પંચક', 'ષટ્ક', 'સપ્તક', 'અષ્ટક', 'નવક', (તથા 'શતક') એવા નપુંસકલિંગ શબ્દો છે. બેનો સમૂહ તે 'દ્વિક', પાંચનો સમૂહ તે 'પંચક' વગેરે તેમના અર્થ જાણીતા છે. એમના ઉપરથી જ 'એકું', 'પંચું' વગેરે બન્યા છે. 'ચતુષ્ક' ઉપરથી પ્રાકૃત 'ચઉક્ક' દ્વારા 'ચોક' અને 'ષટ્ક', ઉપરથી 'છક્ક' દ્વારા 'છક' બન્યા. તેમનો સ્વાર્થિક પ્રત્યય 'ક' વડે વિસ્તાર થઈને 'ચોકું' અને 'છક્કું' પણ બન્યા છે; તો 'દ્વિક' ઉપરથી 'દુઅ' દ્વારા 'દૂ' અને 'ત્રિક' ઉપરથી 'ત્રિઅ' દ્વારા 'ત્રી' 'તરી' કે 'તેરી' બન્યા. આમ 'એક સત્તું સાત' એટલે 'સાત વસ્તુનો એક સમૂહ તે સાત' અને 'બે સત્તાં ચૌદ' એટલે 'સાત વસ્તુઓના બે સમૂહ બરાબર ચૌદ' એવા અર્થ છે.

કોશે 'દૂ', 'તરી', 'ચોક', 'અગિયારા' વગેરે શબ્દોને વિશેષણ ગણ્યા છે, તો 'છક'ને નપુંસકલિંગ નામ ગણ્યું છે. હકીકતે ઉપર્યુક્ત શબ્દો નપુંસકલિંગ નામ છે. કોશે 'ચોકુ' અને 'એકા' એવાં રૂપ આપ્યાં છે, પણ 'એકું', 'ચોકું', 'પંચું' વગેરે અને 'એકાં', 'ચોકાં', પંચાં' વગેરે સાનુનાસિક રૂપ જ આપવાં જોઈએ. 'ઊઠું' વગેરે પણ વિશેષણ નથી, અને તેમનાં એકવચનનાં રૂપ 'ઊઠું' વગેરે તો બહુવચનમાં 'ઊઠાં' 'અઢિયાં', 'ઢૂંચાં' વગેરે જ આપવાં જોઈએ. તે જ પ્રમાણે 'અગિયારાં', 'બારાં', 'સોળાં', 'વીસાં' વગેરે.

શતક ઉપરથી 'સેંકું' થયો છે, અને તે 'સો વરસોનો સમૂહ' એવા અર્થમાં મર્યાદિત બન્યો છે. 'સોનો સમૂહ' એવા અર્થ માટે 'સેંકડો' એવું રૂપ બન્યું છે.

હરિવલ્લભ ભાયાણી

પ્રતીતિ વાચકને થયા વગર રહેશે નહિ. ધન-પ્રાપ્તિના ચમત્કારિક ઉપાયો નહિ, પરંતુ વ્યાવહારિક અને માનસશાસ્ત્રીય નિયમોની જ લેખકે વ્યવસ્થિત રજૂઆત કરી છે એ એની શ્રેયતામાં ઉમેરો કરે છે. (પ્ર. જગન્નાથ પૂનાલાલ ડૉક્ટર, ૨૨, ગોવાળિયા ટૅંક રોડ, મુંબાઈ-૨૬; પાકું પૂઠું; પૃ. ૧૯૮; રૂ. ૪.)

સૂક્ષ્મ જીવોની સૃષ્ટિ : યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણ બોર્ડ સામાન્ય માનવીમાં વિજ્ઞાનની સમજ સુદૃઢ થાય અને વૈજ્ઞાનિક ભાવના ફેલાય એ આશયથી શરૂ કરેલી 'વિજ્ઞાન પરિચય ગ્રંથશ્રેણી'ની આ બીજી પુસ્તિકાના લેખક કૃષ્ણલાલ બી. કોટડાવાળાએ નરી આંખે જે દેખાતા નથી એવા સૂક્ષ્મ જીવોની સૃષ્ટિનો અછડતો પરિચય આપ્યો છે, જેમાં સૂક્ષ્મ જીવો, ફુગ, જીવાણુઓ, ખમીર, ખોરાકનું સંરક્ષણ વગેરે વિષે રસિક હકીકતોની વિશદ છણાવટ કરી છે. (પ્ર. સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ., મુંબાઈ-૧૪, કાચું પૂઠું; પૃ. ૪૮; રૂ. ૨-૭૫.)

ભગવદ્ગીતાનો યોગ : પૌરસ્ત્ય તેમજ પાશ્ચાત્ય સમાજમાં એક અદ્ભુત આધ્યાત્મિક ગ્રંથ તરીકે ગીતાની પ્રતિષ્ઠા અદ્યાપિ અવિચલ રહી છે. અનેક વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ, ભક્તો, સાધકો વગેરેએ પોતપોતાની દૃષ્ટિથી અર્થઘટન કરવાનો પુરુષાર્થ કર્યો છે. પરંતુ સંત શ્રીકૃષ્ણપ્રેમે સમાજ, દેશ-કાલ, સંપ્રદાયથી નિરપેક્ષ રીતે એ ગ્રંથમણિની જે અનુભૂતિ કરી છે તે વિશદ અને નિર્વ્યાજ રીતે એમના અંગ્રેજી ગ્રંથ 'ધ યોગ ઑવ ધ ભગવદ્ગીતા'માં અભિવ્યક્ત થઈ છે. એ પોતાને સ્પર્શી જતાં કિશનસિંહ ચાવડાને એનો અનુવાદ કર્યો છે.

શ્રીકૃષ્ણપ્રેમે ગીતાના અધ્યાયોમાં અભિવ્યક્ત થએલા અને અવિભક્ત રહેલા શ્રીકૃષ્ણના 'યોગેશ્વર' સ્વરૂપને આત્મસાત્ કરી અન્યને એ સુલભ કરાવવાનો આમાં સફળ પ્રયાસ કર્યો છે. આશા છે કે એમની જેમ જીવનયોગની સાધનાની સમ્યક્ પગદંડી આ ગ્રન્થના ભાવકને મળી રહેશે. મૂળ અંગ્રેજી ભાષાશૈલીને, વિચારના સ્પષ્ટીકરણ માટે, ક્યાંક ક્યાંક એવી જ રીતે અનુવાદમાં ઉતારવા જતાં ક્લિષ્ટતા આવી ગઈ છે તે તો અનુવાદકે પણ સ્વીકાર્યું છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું; પૃ. ૨૩૨; રૂ. ૨૦.)

સૌરાષ્ટ્રની વીરગાથાઓ : પ્રેમ, શૌર્ય, ત્યાગ, ચારિત્ર્ય, વચનપાલન આદિ જેવી લોકહૈયાના ભાવોને બિરદાવતી દસ લોકવાર્તાઓનો આ સંગ્રહ માનવજીવનની ખુમારી સાથે તેની અંધારી-અજવાળી બાજુઓને રસમય રીતે રજૂ કરે છે. (લે. હરિલાલ ઉપાધ્યાય; પ્ર. વોરા ઍન્ડ કંપની; ૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨; કાચું પૂઠું; પૃ. ૧૦૪; રૂ. ૨.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી મનસુખરામ જોબનપુત્રા

જન્મ : તા. ૧-૩-૧૮૯૭, રાજકોટ પાસે લોધીકામાં. ઇ. ૧૯૦૨ આસપાસ વ્યવસાયાર્થે કરાચી જઈ વસેલા પિતાનું ૧૯૦૮માં અવસાન થતાં માતાની હૂંફે ઊછરી, યુનિવર્સિટીની કેળવણી પૂરી કર્યા વિના, ૨૧ વર્ષની વયે એક સિંધી માધ્યમિક શાળા 'હિંદુ ઍકૅડેમી'ના ગુજરાતી વિભાગનું સંચાલન કરવાનું આવતાં, જીવનશિક્ષણના પ્રયોગોની દિશા ઊઘડી. અસહકાર વેળા સરકાર-આશ્રિત એ શાળા ત્યજી માત્ર ૨૦૦ રૂપિયા અને પ્રબળ સંકલ્પની મૂડીથી કરાચીના બાગમાં રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા 'શ્રી ભારત સરસ્વતી મંદિર'ની સ્થાપના કરી, જેને ૧૯૩૨માં સરકારે જપ્ત કરી એમને છ માસની જેલ આપી. તે પછી 'શ્રી શારદામંદિર' સ્વરૂપે એ સંસ્થાનું પુનર્નિર્માણ કર્યું. દેશના ભાગલા થતાં ૧૯૪૯માં સૌરાષ્ટ્રમાં માંગરોળ નજીક 'શ્રી શારદાગ્રામ' સ્વરૂપે તેનું નવનિર્માણ કર્યું. આજે એ એક અદ્વિતીય સિદ્ધિ બની રહી છે.

૧ આપે આખું આયખું કેળવણી પાછળ ગાળ્યું છે. સાચી કેળવણીની આપની માન્યતા?

ઉ. કેળવણીનું લક્ષ્ય જીવનનાં સર્વશ્રેષ્ઠ તત્ત્વોને પરિપક્વતાએ—પૂર્ણતાએ પહોંચાડવાનું રહે છે. એના પ્રયત્નમાંથી પ્રકટતી સાચી કેળવણીથી નિષ્ઠાવાન શિક્ષક પોતે જે કંઈ મેળવે છે તેનાં જ પ્રતિબિંબ એના શિષ્યોમાં પડે છે.

૨ આપના સૂત્ર 'બાલ દેવો ભવ'ની પાછળનું તાત્પર્ય કહેશો?

ઉ. ઉચ્ચ માનવીપદનું બીજ સર્જનહારે બાળકમાં મૂક્યું છે. શિક્ષકે એ બીજના યથોચિત ઉછેરના માળી બનવાનું છે. બાળકને દેવતુલ્ય ગણીને જ તેના દૈવતને વિકસાવી શકાય.

૩ વ્યક્તિની પ્રગતિ માટે શું શું જરૂરી છે?

ઉ. મંગલમય પ્રસન્નતા આપનારું પ્રેમતત્ત્વ.

૪ 'શારદામંદિર' અને 'શારદાગ્રામ'ની સ્થાપનાના આપના પુરુષાર્થથી આપને સંતોષ છે?—કે નવું સ્વપ્ન સેવી રહ્યા છો?

ઉ. વિકાસથી માણસ સંતોષ લઈને આગળ પ્રયત્ન ન ધપાવે તો વિકાસ અટકી જાય. 'સન્તુષ્ટો હિ ક્લિન્નષ્ટઃ'. પૂર્ણતા પ્રતિની ગતિ જીવનના છેલ્લા શ્વાસ સુધી અટકવી ન જોઈએ.

૫ સ્વચ્છતા—તનની, મનની ને સંસ્થાની—ના આપ આગ્રહી છો. એવું સ્વચ્છ જીવન પ્રાપ્ત કરવા માટે શાની આવશ્યકતા છે?

ઉ. 'Cleanliness is next to Godliness' એ સૂત્રને ફેરવીને, સ્વચ્છતાને ખુદને પ્રભુતા ગણીને તેને પાયાનું સ્થાન આપ્યું છે, કેમ કે પ્રભુતા તરફ પહોંચવા મથતા સાધકે તન, મન અને પોતાની આસપાસનું સર્વ વિશેષ ને વિશેષ સ્વચ્છ—સુઘડ—સુરૂપ રાખવાનો પુરુષાર્થ સાધવો જોઈએ.

૬ સંસ્થા-સંચાલનમાં કોઈ વાર કરડાકી રાખવી પડે છે ખરી?


ઉ. કોઈ પણ સંસ્થાના સંચાલનની સિદ્ધિના પ્રયત્નમાં જાગૃતિ અને મધુર દૃઢતાભર્યો આગ્રહ આવશ્યક છે. સંસ્થાના સંચાલકે સૌનો પ્રેમ જીતવા પુષ્પથી ય કોમળ રહેવા સાથે કદાચિત્ વજ્ર જેવા કઠણ પણ થવું પડે. એવી પ્રેમસભર શુદ્ધ ભાવભરી કડકાઈ સહવી કોઈને કઠણ લાગતી નથી એ અનુભવ છે.

૭ આટઆટલી સેવા, સાધના, શ્રમ અને જીવનસાફલ્ય પછી પણ આપ ખરેખરા સુખી છો?—કે કોઈ અજંપો રહે છે?

ઉ. સેવાધર્મ જ એવો છે કે એ દિશામાં જેટલી અપૂર્ણતા એટલો અજંપો રહે. એવી સેવાસાધના અને એનો શ્રમ એ જ જીવનને પોષતો સાચો ખોરાક છે. એ જેમજેમ વધે તેમતેમ અજંપો દૂર થાય છે.

૮ ગ્રામજીવનને વિકસિત કરવા માટે આપ ટૂંકમાં શું શું સૂચવો?

ઉ. એનો ફકેલ આજે ફાટેલા આભને થીગડાં દેવા જેવો છે. નગરો તરફની ગ્રામપ્રજાની દોડથી બંનેનું બગડ્યું છે. એટલે વહેલામાં વહેલી તકે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ઔદ્યોગિક વિકાસનાં સર્વ તત્ત્વો ગ્રામજીવનમાં સર્વાંગ સંપૂર્ણ નહિ વિકસે તો નગર અને ગ્રામજીવનનું ભારે દુઃખદ પતન થશે.



ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૩૪] —કરાવનાર · જલન માતરી



આદમ મુસા પટેલ

ગુજરાતી ગઝલ-સાહિત્ય હવે તો સમૃદ્ધ બની ગયું છે. એક પછી એક નવા તેજસ્વી શાયરોના ઉમેરાએ એની શોભામાં ખૂબ જ વધારો કરી દીધો છે. ભાઈશ્રી આદમ મુસા પટેલ પણ નવયુવાન શાયરોમાંના એક તેજસ્વી શાયર છે અને ગઝલ-સાહિત્યમાં 'અદમ' ટંકારવીના તખલ્લુસથી ખ્યાતનામ છે.

એમની કલમ પરંપરામાં રહીને ગઝલમાં નવા પ્રયોગો કરતી રહે છે. છેલ્લાં દસ વરસથી ગઝલની એકધારી સેવા કરીને એમણે દાદને પાત્ર ગઝલોનું સર્જન કર્યું છે.

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે તા. ૨૭-૯ ૧૯૪૦ના રોજ જન્મેલા આ શાયર અંગ્રેજી સાથે એમ.એ. થએલા છે અને હાલ વલ્લભવિદ્યાનગરની એચ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઑવ ઇંગ્લિશ-માં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવા બજાવી રહ્યા છે. એમને ગઝલમાં પ્રયોગો કરવાની ટેવ છે. નવાં પ્રતીકો અને પ્રતિરૂપો યોજનારા આ શાયરને કવિ બોદલેયરનું આકર્ષણ વધારે છે. એમનો ગઝલ-સંગ્રહ માર્ચ ૧૯૭૧માં 'સંબંધ'ના નામે પ્રગટ થયો છે.

કેવળ દવાથી રોગ નહિ મટે માટે એમાં સંબંધને પણ ઉમેરીને સારવાર કરવાની પ્રિયજનને વિનંતી કરી રહેલા, મૃગજળમાં એકેય પગલું ન જણાતાં હરણને શોધવું શી રીતે એની દ્વિધામાં પડેલા, સમયની ડાળ પર બેસી ગયા હોવાથી ખરી પડવાનો હરદમ ભય સેવી રહેલા આ નવયુવાન પ્રયોગશીલ શાયરના શે'રોનો આસ્વાદ લઈએ :

જોતાં જ કેમ આટલાં વિહ્વળ બની ગયાં?
પાણીથી કૈં વિશેષ હતું અશ્રુધારમાં?
કેવળ દવાથી રોગ અમારો નહીં મટે,
સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં.

આ મૃગજળમાં એકે ય પગલું નથી,
નિશાની વગર ક્યાં હરણ શોધીએ?
ગયું ઓગળી ઊંટની આંખમાં,
ધરા પર હવે ક્યાંથી રણ શોધીએ?

જંગલ છલાંગ મારી હરણ થૈ ગયું હશે,
પગલું પડ્યું પડ્યું જ ચરણ થૈ ગયું હશે.
સઘળી રૂપાળી ચીજનું તમને દીઠા પછી,
પરદાઓ પાળવાનું વલણ થૈ ગયું હશે.

એક જ દિશામાં વેગથી આગળ વધ્યું હતું,
છૂટ્યા પછીથી તીર સાવ આંધળું હતું.
હાલી ઊઠ્યા 'તા એથી હવાઓના કાંગરા,
કહેવામાં ફક્ત પાંખથી પીછું ખર્યું હતું.

કોઈ માને કે ન માને, સત્ય છે,
ચાંદ જોયો છે અમે ડાઘા વિના.
જાય છે ક્યાં ઘરની દીવાલો બધી,
આજ અમને કાંઈ પણ પૂછ્યા વિના!
કોણ અચાનક આવિયું ઘરમાં અદમ,
કેમ અજવાળું થયું દીવા વિના?

ખરી પડવાનો ભય હરદમ રહે છે,
સમયની ડાળ પર બેસી ગયો છું.
સમંદરને નિરર્થક દોષ દેવો,
તરાપામાં જ હું ડૂબી ગયો છું.

ભરબપોરે શેરીઓમાં કાગડા,
સૂર્યને લઈ ચાંચમાં ફરતા હતા.
એ સમય વીતી ગયો જ્યારે અદમ,
રસ્તાઓ દીવાલથી ડરતા હતા.

થાય વહાણું તો તિમિર કચડાય છે રસ્તા ઉપર,
ભર બપોરે સૂર્ય ઊગી જાય છે રસ્તા ઉપર.
જોઈ એના રૂપનું અજવાળું મનમાં થાય છે,
કોક વેળા ચાંદ ઊગી જાય છે રસ્તા ઉપર.
વાત કહેવી હોય તે ઘરના ખૂણે લઈ જઈ કહો,
કોઈને પણ ક્યાં કશું સમજાય છે રસ્તા ઉપર!
ખુદકશી કરવા સમંદર તક જવું પડતું નથી,
સાંભળ્યું છે લોક ડૂબી જાય છે રસ્તા ઉપર.

લોકો તો ઝાંઝવાં કહી જોતા રહી ગયા,
સળગી રહી હતી કોઈ ઝરણાની આરઝૂ
પાંપણ નહિ તો આટલી ભારે નહીં બને,
ચોંટી રહી હશે કોઈ સપનાની આરઝૂ.

ક્યારે એ આવશે કદી બતલાવતો નથી,
સદીઓથી કોઈ વાત છુપાવે છે કાગડો.
જગનો કરીને ત્યાગ સિધાવી ગયો અદમ,
નાહક હવે તો શોર મચાવે છે કાગડો.

મળે તક તો નિશાની ઓઢણી ભીની નિચોવી લઉં,
ઘુવડની આંખ ખોદીને તિમિરકણને ય કાઢી લઉં.

મારો જીવનપંથ પડ્યો છે,
તારાં બે પગલાંની વચ્ચે.

થોભી જરી અનોખી આ મહેફિલને જોઈ લઉં,
તમરાંઓ ગાય છે અને નાચે છે અંધકાર.
એ પી ગયો છે ચાંદની હદથી વધુ અદમ,
ઢંઢોળવા છતાંય ક્યાં હાલે છે અંધકાર?

આવીને થંભી જાય છે યાદોના કાફલા,
પળવારમાં એક શહેર વસી જાય છે દિલમાં.
જખ્મો ગણી જુઓ પછી વિશ્વાસ આવશે,
ભેટો બધી ય આપની સચવાય છે દિલમાં.

નીચું કરીને મસ્તક શું નાવ કહી રહી છે,
આ કાન દૈ કિનારા શું સાંભળી રહ્યા છે?
જો જાગતું જ હો તો મુજ પાસ આવી બેસે,
ત્યાં એકલા સિતારાઓ શું કરી રહ્યા છે?

ક્યારેક તો જંજીરથી જકડી શકાય ના,
ક્યારેક એક વાળથી બંધાય જિન્દગી.
ઝરણું બનીને પ્રેમ વહે કોઈનો અદમ,
તરણું બનીને એમાં વહી જાય જિન્દગી.

કદી એ જ આવીને માથે પડી છે,
કદી આફતોને અમે નોતરી છે.
શું તાકી રહ્યા શેખ શીશા તરફ ત્યાં,
અમે કેદ જન્નતની હૂરો કરી છે.

એ આવતાં જ વીજ ઝબૂકી એ યાદ છે,
એ તો ખબર નથી રહી કેવું મિલન હતું.
કેવી પ્રબળ હશે અદમ ઊડવાની આરઝૂ?
પંખીની એક પાંખમાં આખું ગગન હતું.

તે સમે ખંડેર દિલ પડઘાથી રહે છે ગુંજતું,
કોઈ વીતેલી ઘડીને મેં પુકારી હોય છે.
આપણે મળવું જ હો તો ખાસ કંઈ વિઘ્નો નથી,
આપણી વચ્ચે ફક્ત દુનિયા બિચારી હોય છે.
શબ્દ કરતાં પણ વધારે વાત કહી દે છે અદમ,
એમના નાજુક અધર પર જે ગુજારી હોય છે.

કૈં એ રીતે ચમકતો રહ્યો ચાંદ આભમાં,
જાણે તમારું નામ હૃદયની કિતાબમાં.
સંધ્યા કહો કે એને કહો મોતનો પ્રસંગ,
કિરણો મરી દટાઈ ગયાં આફતાબમાં.

બહેલાવી ના શક્યો કદી દિલ આપના વગર,
ચીજોની આ જગતમાં ભલા ક્યાં કમી હતી?
અફસોસ કે દુનિયાએ બનાવી હજાર વાત,
નહિતર અમે તો એક બે વાતો કરી હતી.

હમણાં જ ગયાં તો ય મને એમ થાય છે,
તમને દીઠાને એક જમાનો વહી ગયો.
પળવાર તો થયું કે મુલાકાત થઇ ગઈ,
તારો ખયાલ આજ મને છેતરી ગયો.
તારા જ દીવાના નહીં બદલાયા આજ તક,
સાચું કહું તો આખો જમાનો ફરી ગયો.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

જુલાઈ ૧૯૪૭ • સળંગ અંક ૨૮૩

પચ્ચીસવર્ષ પહેલાં આવેલા ચરિત્રની ઝાંખી:



મદ્રાસના એક અણજાણ ખૂણામાં ગરીબ કુટુંબમાં તેમનો જન્મ થયો. નહોતી લક્ષ્મીની વરદ કૃપા કે નહોતી ઉચ્ચ શિક્ષણની ડિગ્રીઓ. છતાં પણ આત્મશ્રદ્ધાની મૂડી પર તેમણે પોતાનું જીવન શરૂ કર્યું અને પોતાના ઘોર પરિશ્રમ, અખંડ તપશ્ચર્યા, પ્રબળ સંકલ્પશક્તિ, અદ્વિતીય બુદ્ધિમત્તા અને તેજસ્વી ચારિત્ર્ય વડે આપબળે જ તેમણે પોતાના જીવનને એવું તો ઘડ્યું કે દેશમાં તેમની કીર્તિ અમર થઈ ગઈ.

- માત્ર ૧૪ વર્ષની વયે એમણે અંગ્રેજીમાં તેજસ્વી લેખો લખવા માંડ્યા...
- ૧૮મે વર્ષે તો એ 'વિઝાગા સ્પેક્ટેટર' પત્રના તંત્રી બન્યા...
- ૧૯ની ઉમરે લખનૌ કૉંગ્રેસમાં પહેલું ભાષણ કરી સૌને મુગ્ધ કરી દીધા...
- એ ઊગતા જુવાનનું ઔદ્યોગિક પ્રશ્નો વિષેનું અગાધ જ્ઞાન જોઈ મદ્રાસના ગવર્નરે તેને ઇકૉનૉમિક કૉન્ફરન્સમાં આમંત્ર્યા...
- ૩૦મે વર્ષે અલ્લાહાબાદના નવા અંગ્રેજી દૈનિક 'લીડર'ના તંત્રી બની, તેને એક દશકામાં તો હિંદનું અગ્રિમ વર્તમાનપત્ર બનાવી હિંદી પત્રકારત્વનો એક ઉજ્જ્વલ સીમાસ્તંભ એમણે રોપ્યો...
- રાજકારણની મીમાંસા કરવાની તેમની અસાધારણ શક્તિ જોઈ ભારત-મંત્રી મૉન્ટેગ્યુએ તેમને 'સેક્રેટરી ઑવ સ્ટેઇટ'માં સભ્યપદ આપવાની દરખાસ્ત કરી (જે એમણે નકારી)...
- એવી જ અસાધારણ બુદ્ધિમત્તા અને અગાધ વિદ્વત્તાને લીધે યુક્ત પ્રાંતના પ્રધાનમંડળમાં એ શિક્ષણ ને ઉદ્યોગ ખાતાના પ્રધાન નીમાયા...
- અને માત્ર મૅટ્રિક જ પાસ થએલા એ પ્રતિભાવંતા પત્રકારને હિંદની બે મોટી યુનિવર્સિટીઓએ 'ડૉક્ટરેટ'ની પદવીથી નવાજ્યા ને સરકારે 'સર'નું બિરુદ અર્પી એમનું બહુમાન કર્યું.

આ સત્ત્વશીલ તેજસ્વી પત્રકાર તે સર સી. વાઈ. ચિંતામણિ. પત્રકારત્વના ક્ષેત્રમાં તેમણે જે ઉત્તુંગ સીમાસ્તંભ રોપ્યો છે તે હિંદી યુવાનોને હમેશ પ્રેરણા આપતો રહેશે. એમના જેવી તત્ત્વનિષ્ઠા, પ્રામાણિકતા અને સમતોલવૃત્તિ ભાગ્યે જ બીજે જોવા મળે. એમના જેવા પ્રથમ પંક્તિના પીઢ પત્રકાર જ નહિ પણ નિષ્ણાત શિક્ષણશાસ્ત્રી, સમતોલ બુદ્ધિના નીડર આલોચક, દીર્ઘ દૃષ્ટિવાળા ઉદારમતવાદી અગ્રણી, પ્રખર સમાજસુધારક તથા તીવ્ર દેશદાઝવાળા ઉત્સાહી સમાજસેવક પણ મળવા વિરલ છે.

આ સમાસની વનસ્પતિનો પરિચય આપતી ત્યાં આવતી લેખમાળા 'આપણી વનસ્પતિ'માં ધોળા ચંપાનો પરિચય શ્રી જયંતીલાલ દેવશંકર ઓઝાએ આપેલો તે જાણવા જેવો છે:

સોનેરી ઝાંયવાળાં સુંદર ધોળાં ફૂલના ફુવારા ઉડાડતું આ વૃક્ષ, જેને સામાન્યરીતે આપણે 'ખડચંપો' કહીએ છીએ, તેનું મૂળ શુદ્ધ સંસ્કૃત નામ તો 'ક્ષીરચંપક'. એ ઝાડના કોઈ પણ ભાગમાં છેદ પડવાથી દૂધ જેવો ચીકણો રસ ઝરે છે, તે પરથી સંસ્કૃતમાં એ 'ક્ષીર–ચંપક' (ક્ષીર=દૂધ) કહેવાયો, ને મરાઠીમાં 'ખેરચંપા' તથા આપણે ત્યાં 'ખડચંપો' થયો. અંગ્રેજીમાં તે 'પૅગોડા ટ્રી' કે 'ટેમ્પલ ટ્રી'ના નામથી ઓળખાય છે. મોટે ભાગે દેવમંદિરો આગળ એ ઉગાડાતું હોવાથી એ નામ પડ્યું હશે; કેમ કે વરસનો મોટો ભાગ દેવપૂજા માટેનાં ફૂલ તે અર્પે છે.

મૂળ તો એ વૃક્ષ મેક્સિકો અને ગ્વાટેમાલાનું વતની. એ ૧૫થી ૨૦ ફીટ ઊંચું ઊગે છે અને તેની શાખાઓ વિસ્તારથી ફેલાએલી હોય છે. તેની છાલ રંગે રાખોડી ને ખરબચડી હોય છે; અને તેનાં લીલાં લાંબાં પાન, તેની શાખાઓની ટોચ ઉપર ફુવારો ફૂટતો હોય તેમ સમૂહમાં હોય છે. એ પાન તોડતાં પણ દૂધ નીકળે છે.

નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન વૃક્ષ પરથી બધાં પાન ખરી પડે છે ને છેક વર્ષાઋતુના આરંભ સુધી નવાં પાન દેખાતાં નથી. (જોકે કુમળાં વૃક્ષ પર પાન આખા વર્ષ દરમિયાન રહે છે.) છતાં તેના પર ફૂલો તો મહોરે જ છે. ફૂલોનો ઉદ્ભવકાળ ફેબ્રુઆરીથી ઑક્ટોબર સુધી હોય છે, છતાં લગભગ આખા વર્ષ દરમિયાન તેના પર ફૂલો રહે છે. પાનની બહાર હોય છે ત્યારે તો આ ઝાડ સુંદર દેખાય જ છે; પરંતુ પાન ખરી પડે છે ત્યારે તેનું વાંકુંચૂંકું થડ અને સૂજી ગએલી શાખાઓ પણ ચિત્રાત્મક લાગે છે.



ઉપર: ધોળા ચંપાની ફૂલવાળી ડાળી; ડાબી બાજુ: તેનું પાંદડું.

ફૂલો પણ શાખાઓની ટોચે ફુવારાની ધારો પેઠે ઊભાં ઝૂમખાંમાં પ્રકટે છે. જામી ગએલા વૃક્ષમાં તો આ ઝૂમખાં એટલાં મોટાં હોય છે કે એકેક ઝૂમખામાં લગભગ વીસવીસ ફૂલ થાય છે. દરેક ફૂલ ગળણીના આકારનું અને સફેદ હોય છે. તેનો મધ્ય ભાગ સોનેરી પીળો અને બહારને ભાગે આછી ગુલાબી ઝાંય હોય છે. ખાસ કરીને રાત્રે તેની મધુરી સુવાસ મ્હેકી રહે છે.

સુંદર મધુર પુષ્પો આપતું આ વૃક્ષ બીજી રીતે પણ બહુ ઉપયોગી છે. તેમાંથી નીકળતો ધોળો રસ કપુર અને ચંદનના તેલ સાથે ખસખુજલીનાં દર્દોમાં વપરાય છે. ઈરાની લોકો તેની છાલનો ઉપયોગ પરમાનું દર્દ મટાડવામાં કરે છે. આંતરિયા તાવ પર કેટલાક તેની છાલનો ઉપયોગ કરે છે. કોંકણમાં તેની છાલ નાળિયેર, ઘી અને ચોખા સાથે મરડામાં વપરાય છે. તેની છાલનો ઉકાળો રેચક ગણાય છે. તેનાં પાનને

ગરમ કરી સોજા પર પોટીસ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તેનાં ફૂલની કળીઓ નાગરવેલના પાન સાથે જ્વરવિનાશક ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે અને તેનાં બી (મળી શકે તો) દૂધની સાથે ઉકાળીને સર્પદંશના કેસોમાં દંશવિનાશક ઔષધ તરીકે આપવામાં આવે છે.

ત્યારે શ્રી રતિલાલ મો. ત્રિવેદીએ કરાવેલો 'ભાગવતનો રસાસ્વાદ' પણ માણવા જેવો છે:

રામાયણ, મહાભારત, ભાગવત અને હિંદી રામચરિતમાનસ એ આપણી સંસ્કૃતિના ચાર મહાન ગ્રન્થો છે. આપણને જો સાધુચરિત સ્ત્રીપુરુષો થવાની અભિલાષા હોય તો રામાયણનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરવો; જો મનુષ્યજીવનના વિવિધ પ્રશ્નો અને મનુષ્યસ્વભાવની અનેક ગૂંચવણો સમજવી હોય તો મહાભારતનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવું; જો પ્રેમસ્વરૂપ પરમાત્માની શીતલ ચંદ્રિકા અંતરમાં ને જગતમાં સુહાવવી હોય તો ભાગવત વારંવાર વાંચવું; અને રામચન્દ્રજીનું રસમય જીવન ભરપૂર ભક્તિથી નીરખવું હોય તો તુલસીદાસજીના રામચરિતમાનસનું અનેક વાર મનન કરવું.

શ્રીમદ્ ભાગવત એ સત્યધર્મનો અને નિરતિશય ભક્તિનો અપૂર્વ ગ્રન્થ છે. એમાં પરમપુરુષ વિષ્ણુરૂપ પરમાત્માની અવતારલીલાનું પ્રધાનપણે વર્ણન છે. પરમાત્મા આ સંસારમાં અને મનુષ્યના અન્તરમાં નિરંતર અવતરે છે, એના જીવનને સુંદર ને ભવ્ય પ્રકાશ આપે છે, ને જીવનની મધુરતા વિસ્તારે છે. પ્રભુ મનુજહૃદયમાં ને વિશ્વમાં પ્રતિક્ષણ પ્રકટ થયા કરે છે એ ભાગવતકારનું અવતાર-લીલાનું રહસ્ય છે.

અવતારવાદનું અથવા અવતારભક્તિનું એક અધિક રહસ્ય પણ છે. જ્યારેજ્યારે ધર્મની ગ્લાનિ થાય ત્યારેત્યારે પણ એનું વિશેષ પ્રાકટ્ય થાય છે. અધર્મના વિનાશ માટે અને ધર્મના અભ્યુત્થાન માટે પરમાત્મા વિશેષરૂપે પ્રકટ થાય છે ને સત્યધર્મની પુનઃસ્થાપના કરે છે. શ્રીકૃષ્ણચન્દ્રનું 'અવતારશરીર' એ આનું મહાન તેમજ ઉજ્જ્વલ ઉદાહરણ છે. આ 'અવતારશરીર'ને અનેક ભક્તો ભજે છે.

શ્રીકૃષ્ણને આપણે પરમાત્મારૂપે ભજીએ છીએ, એના લીલાસ્વરૂપનું શ્રવણ, કીર્તન અને સ્તવન કરીએ છીએ. એની મધુર મનોહર છવિને આપણે મનથી નીરખીએ છીએ. પ્રભુ દૂર છતાં પણ સમીપ છે. મનુષ્ય જે રૂપે એને ભજે છે તે રૂપે એ તેની સમક્ષ પ્રકટ થાય છે. પ્રભુ આ વિશ્વની પાર રહેલો છે અને સાથે સાથે આ વિશ્વમાં સભર ભર્યો છે, એ સમજણથી જ મનુજઆત્મા સંતૃપ્ત થતો નથી; એને તો પરમાત્માને વધુમાં વધુ નિકટ લાવવો છે. એને એનો હૃદયનાથ કરવો છે. આ જગતનાં અનેક સ્ત્રી-પુરુષો (ગોપ અને ગોપિકાઓ) એ અનન્ત પુરુષને અન્તરના અન્તરતમ ઊંડાણમાં ઉતારવા તલસે છે. પરમાત્મા માટે મનુજ આત્માનો આવો તલસાટ છે. એ તલસાટ ભાગવતમાં વ્યક્ત થયો છે.'

બીજા મહાયુદ્ધ પછી ઈ. ૧૯૪૭માં ઇંગ્લૅંડ ગએલા આપણા દેશના એક વેપારીના પત્રમાંથી:

'ઇંગ્લૅંડની પ્રજા અત્યારે ખૂબ ભીડમાં છે. પણ જેટલી ભીડમાં છે તેથી યે વધારે પ્રયત્ન એ તેનાથી છૂટવા માટે કરે છે. એક જણે મને કહ્યું કે 'Harder we are pressed, higher we shall rise.' આવો ભગીરથ તેમનો પુરુષાર્થ, દેશપ્રેમ અને શિસ્ત છે. આટલા દિવસમાં મેં કોઈ બે જણને રસ્તામાં કે ઑફિસમાં કે બસમાં કે એવે કોઈ ઠેકાણે નકામાં ગપ્પાં મારતા જોયા નથી. પ્રજા સામે અનેક કપરા પ્રશ્નો અને સમસ્યાઓ પડયાં છે. પણ હૃદયનું દૌર્બલ્ય કોઈનામાં યે પ્રવેશી શક્યું નથી. ખોરાકની તંગી છે, લંડનમાં જ હજી હજારો મકાનો બિસ્માર થઈ ખંડિયેર બની ઊભાં છે. નથી લોઢું, નથી કોલસો, નથી કપડાં, છતાં સમસ્ત પ્રજા દાંત ભીંસીને પુનરુત્થાનના કામમાં લાગી છે. કામ, કામ ને કામ સિવાય બીજી કોઈ વાત કરતું નથી. મોટાં મોટાં પોસ્ટરો લગાડ્યાં છે: 'We work or we want'; 'A challenge to British Grit' વગેરે. કારખાનાં જે માલ તૈયાર કરે છે તેમાંનો મોટો ભાગ પરદેશ નિકાસ માટે જ જાય છે ને દેશમાં નજીવી રકમનો માલ રખાય છે. ભાવ પણ નિકાસના ઓછા અને દેશ માટે વધારે; ને અમુક માલમાં તો ક્વૉલિટી પણ નિકાસની દેશ માટેના માલો કરતાં ઊંચી. એટલે બ્રિટનમાં બનેલી ચીજો જેટલી સહેલાઈથી હિંદમાં મળી શકે છે તેટલી સહેલાઈથી લંડનમાં મળી શકતી નથી.

શતરંજ

છેલ્લા તેર અંકમાં આપણે શતરંજના ભારતીય પદ્ધતિના કોયડા જોયા. વાંકાનેરના શ્રી છોટાલાલ મા. કામદાર પાસેથી મને વાંચવા મળેલા, એક સો વર્ષ પહેલાં અમદાવાદથી પ્રસિદ્ધ થએલા રસિકવિહારી કૃત 'શતરંજ વિનોદ'માંથી એ તારવેલા. એ પુસ્તકમાં આવા ૧૦૦ કોયડા છે. એમાંના અમુક કોયડા સમજવા ભારતીય પદ્ધતિના જાણકાર બિકાનેરના શ્રી આશકરણ ગોસ્વામી અને લે. કર્નલ મોહનસિંહને પુછાવતાં શ્રી ગોસ્વામીએ શ્રી દેવકીનંદન શર્મા કૃત 'શતરંજ-સરોજ' નામે પુસ્તક મોકલેલું. થોડા કોયડા તેમાંથી પણ આપેલા. આ બધા કોયડાના મૂળ રચનારનું બંને પુસ્તકમાં નામ નથી એ ખેદજનક છે. આ સૌનો તથા શ્રી આર. પાલનીયપ્પનનો હું આભારી છું. આ છપાશે તે દરમિયાન રેકજેવિન (આઈસલૅન્ડ)માં હાલના વિશ્વવિજેતા રશિયન ખેલાડી બૉરિસ સ્પાસી તથા અમેરિકાના યુવાન ખેલાડી રૉબર્ટ (બૉબી) જે. ફિશર વચ્ચે વિશ્વવિજેતાના પદ માટેની ૨૪ રમતની ચૅલેંજ મેચ શરૂ થઇ ગઈ હશે. આ નિમિત્તે એ સ્પર્ધા વિષેની ઐતિહાસિક માહિતી, ભાગ લેનાર હરીફની શૈલી તથા એની દૃષ્ટાંતરૂપ રમતો હવે પછી જોઈશું.

સુરેશ મોદી

શ્રી અરવિંદ નિબંધસ્પર્ધા

શ્રી અરવિંદ જન્મશતાબ્દી નિમિત્તે અમદાવાદના શ્રી અરવિંદ મંડળે નીચેની બે શ્રેણીમાં એક નિબંધ-સ્પર્ધા યોજી છે: (૧) ફક્ત અમદાવાદના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે: વિષય-'શ્રી અરવિંદનું જીવન'; ગુજરાતી ભાષામાં ફૂલસ્કેપ કાગળમાં આશરે ૨૫૦ લીટીઓ; પ્રથમ આવનારને રૂ. ૧૫૧ અને દ્વિતીય આવનારને રૂ. ૧૦૧ પુરસ્કાર અપાશે. નિબંધ માટેના સંદર્ભ ગ્રંથો: શ્રી અરવિંદાયન-પંડિતરાવ રાવળ; શ્રી અરવિંદજીવન-અંબુભાઈ પુરાણી; શ્રી અરવિંદ મહાયોગી-સુંદરમ્ (૨) ગુજરાતની બધી કૉલેજોના વિદ્યાર્થીઓ માટે નિબંધ-સ્પર્ધાનો વિષય: 'શ્રી અરવિંદ રાષ્ટ્રીય નેતા તરીકે અને તેમનો રાષ્ટ્રવાદ'; ગુજરાતી ભાષામાં ફૂલસ્કેપ કાગળમાં આશરે ૫૦૦ લીટી; પ્રથમ આવનારને રૂ. ૨૫૧ અને દ્વિતીય આવનારને રૂ. ૨૦૧ પુરસ્કાર અપાશે. નિબંધ માટેના સંદર્ભ ગ્રંથો: Brain of India–Sri Aurobindo; Doctrine of Passive Resistance–Sri Aurobindo; On Nationalism–Sri Aurobindo; Speeches–Sri Aurobindo; The spirit and form of Indian Polity–Sri Aurobindo; Mahayogi–R. R. Divakar; Evening talks Series 1, 2 & 3–A. B. Purani; Sri Aurobindo, Prophet of Indian Nationalism–Dr. Karan Singh; શ્રી અરવિંદની બંગાળી રચનાઓ (શતાબ્દી ગ્રંથમાળા); ઉત્તરપાડ વ્યાખ્યાન; દુર્ગાસ્તોત્ર. નિબંધો તા. ૧૫મી ઑગસ્ટ ૧૯૭૨ સુધીમાં નીચેના સરનામે મોકલવાના રહેશે. સ્પર્ધાના નિયમો તથા અન્ય વિગતો માટે શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રીતમનગર પહેલો ઢાળ, બૅન્ક ઑવ બરોડાની બાજુમાં, એલિસબ્રિજ, અમદાવાદ-૬

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ–૭

અમેરિકાના ઉત્તર અને પૂર્વ વિસ્તારોમાં જમીનને બદલે સર્વત્ર દરિયો ઘૂઘવતો ત્યારે —લગભગ ૩૪થી ૩૦ કરોડ વર્ષ અગાઉ દરમિયાન કેટલેક સ્થળે ચૂનાના ખડકો રચાયા. આજની મિસિસિપી નદીના વિસ્તારમાંથી એ કાળના અવશેષો મળ્યા હોઈ તેને 'મિસિસિપીઅન કાળ' કહે છે. તે પછીનાં ત્રણેક કરોડ વર્ષમાં જે ગીચ વનસ્પતિ વિકસી તેના અવશેષો રૂપે પછીના કાળમાં અમેરિકામાં પેનસિલ્વાનિયાની ને બ્રિટનમાં નૉટિંગહામની કોલસાની વિશાળ ખાણો બની. આ સમયને 'પેનસિલ્વાનિયન કાળ' કહે છે. આ કાળનું હવામાન નીચાં વાદળોથી છવાએલું, ભેજવાળું અને ગરમ હતું. પુષ્કળ વરસાદને કારણે સ્થળે સ્થળે જળાશયો અને કળણ રચાતાં, જેમાં વનસ્પતિ-વિકાસની દૃષ્ટિએ મહત્ત્વની એવી વૈવિધ્ય સમૃદ્ધ સૃષ્ટિ વિકસી. ખરા અર્થમાં મૂળિયાં, ડાંખળી અને પાનવાળા અનેક જાતના છોડ, તથા દોઢ સો ફૂટ જેટલાં ઊંચાં વૃક્ષો પેદા થયાં. હવામાં ત્યારે પરાગ જેવાં સૂક્ષ્મ બીજકણોનો એટલો ફેલાવો થઈ ગયો કે ઘણે સ્થળે પીળું ધુમ્મસ જ દેખાતું હશે. આ બીજકણો ઠરીને બેસતાં કાળાનુક્રમે તેમાંથી પોચો કોલસો બન્યો.

છીછરા પાણીમાં ત્યારે જે જીવસૃષ્ટિ ખદબદતી હતી તેના ઢગલાબંધ અવશેષો મળ્યા છે. જલ-સ્થલ–ચર પ્રાણીઓની સંખ્યા અને કદ વધ્યાં. વીંછી, વાંદા ને મોટાં જીવડાંની સંખ્યા પણ વધી. અનેક જીવડાંને પાંખો ફૂટી. ત્રીસેક ઇંચ જેટલા પાંખોના ફેલાવાવાળા વાણિઆ (ડ્રૅગન-ફ્લાઇ) એ પણ આ કાળમાં દેખા દીધી. એ સમયના ચારેક પ્રકારના સરિસૃપ પ્રાણીઓના અવશેષો પણ મળ્યા છે.



પેનસિલ્વાનિયન કાળ સુધીની જીવસૃષ્ટિ



રે આજ આષાઢ આયો !
મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો—રે૦
દૂરને દખ્ખણ મીટ માંડીને મોરલે નાખી ટ્હેલ,
વાદળી સાગરસેજ છાંડીને વરસી હેતની હેલ;
એમાં મન ભરીને મતવાલો મોર ન્હાયો—રે૦

—નિરંજન ભગત

બાગાયાત-નિષ્ણાત ડૉ. ગંડાસિંહ ચીમા

ભારતમાં–ખાસ કરીને મહારાષ્ટ્રમાં કૃષિવિદ્યા અને ફલસંસ્કારવિજ્ઞાન (હૉર્ટિકલ્ચર)ના ક્ષેત્રમાં પોતાના અવનવા પ્રયોગો ને સંશોધનો દ્વારા વિવિધ પુષ્પો તથા ફળો ઉપજાવનાર બાગાયાત-નિષ્ણાત ડૉ. ગંડાસિંહ ચીમાનું નામ સુવિખ્યાત છે.

પંજાબના સિયાલકોટ (હાલ પાકિસ્તાનમાં) જિલ્લાના એક ગામના ધર્મચુસ્ત શીખ ખેડૂત કુટુંબમાં ઈ. ૧૮૯૪માં એમનો જન્મ. વિદ્યાર્થીકાળે વિવિધ મર્દાની રમતોમાં નૈપુણ્ય પ્રાપ્ત કરવા સાથે ૧૯૧૭માં કૃષિવિજ્ઞાનમાં બહુમાન સાથે તેઓ પ્રથમ વર્ગમાં એમ.એસસી. થયા. છાત્ર તરીકેની એમની ઉજ્જ્વળ કારકિર્દીથી પ્રભાવિત થએલા, એ સમયમાં સરકારના 'ઈકૉનૉમિક બૉટનિસ્ટ' ડૉ. બર્ને એમને ઇંગ્લૅંડ જઈ વધુ અભ્યાસ કરવા માટે આગ્રહભરી ભલામણ કરવાથી, ગંડાસિંહે ત્યાં જઈ 'ફલવંતાં વૃક્ષોનો વિકાસ અને નવાંનવાં ફળોની સંસ્કારસૃષ્ટિ' પર સંશોધન કરી ડી.એસસી.ની પદવી મેળવી. પાછા ફરતાં વેંત એમને પંજાબના મૉંટગૉમરી જિલ્લામાં ૩૦૦ એકર જમીનમાં લીંબુ, નારંગી, સંતરાં, મોસંબી, માલ્ટા, ગ્રેઈપફ્રૂટ વગેરે લીંબુ જાતિનાં ફળોના વાત્રેતર વિકાસનું કામ સોંપાયું. એમાં ડૉ. ચીમાએ જે કર્મકૌશલ દાખવ્યું એથી પ્રભાવિત થઈ ઈ. ૧૯૨૧માં છેક લંડનથી મુંબાઈ સરકારના હૉર્ટિકલ્ચરિસ્ટ તરીકે એમની નિમણૂક કરવામાં આવી અને પૂનામાં ગણેશખિંડમાં, જ્યાં ઘઉં, બાજરી, જુવાર, કપાસ વગેરે પર સંશોધન ચાલતું હતું ત્યાં એમણે શાકભાજી અને ફળફૂલોના સંસ્કાર-સંવર્ધનનાં સંશોધનોનો આરંભ કર્યો. આ ઉપરાંત ત્યાંની ખેતીવાડી કૉલેજના આચાર્ય-પ્રાધ્યાપક અને પછી ખેતીવાડી ખાતાના સંચાલક તરીકે પણ એમણે યશસ્વી કામગીરી બજાવી, જે સમગ્ર સેવાને સરકારે એમને સી. આઈ.ઈ.નો ખિતાબ આપી નવાજી હતી.

ગણેશખિંડમાં તૈયાર થતાં ફળોને લાંબો સમય જાળવી રાખવા ડૉ. ચીમાએ શીતઘર (કોલ્ડ સ્ટૉરેજ)ની એક યોજના વિચારી, અને મુંબાઈની સિડનહામ કૉલેજમાં એના પ્રયોગ કરી ૧૯૩૧માં 'ઈમ્પીરિયલ સેન્ટ્રલ રીસર્ચ જર્નલ'-માં એ અંગે એક શોધપ્રબંધ પ્રકટ કરેલો જેના પરથી એમની યોજનાની વ્યાવહારિકતા દેખાતાં ઈમ્પીરિયલ માર્કેટિંગ બોર્ડ તરફથી એમને ફરી ઈંગ્લૅંડ જવાનું થયું. ત્યાં એમના પ્રયોગોને એવી તો સિદ્ધિ મળી કે ૧૯૩૨માં એમને 'હાર્બિન્જર ઑાવ પેરિશેબલ ફ્રૂટસ'નું (નાશવંત ફળોના અગ્રચારી રક્ષક)નું બિરુદ મળ્યું.



લખનૌનાં જામફળ પર વીસ વર્ષ સુધી પૂનામાં પ્રયોગો કરી એમણે સ્વાદ અને ગુણવત્તાની દૃષ્ટિએ વધુ ઉત્તમ એવી એની એક નવી જાત નિપજાવી જે ભારતભરમાં 'લખનૌ-૪૯' નામથી પ્રખ્યાત થઈ છે. આ જ રીતે એમના એક સહકાર્યકર શ્રી દેશમુખની સાથે દ્રાક્ષનાં સંશોધનોમાં પણ રસ લઈને 'સિલેક્શન-

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૭
બકાસુર-વધ

ચંચ વિભાગ ગ્રહ્યા બેઉ હાથ,
મહાબળ કીધું ગોકુલનાથ.
ફાડી ચાંચ ને મરડી ડોક. —(પ્રેમાનંદ)

વિષ્ણુમૂર્તિના બે વિભાગો પડે છે: વિષ્ણુ-સ્વરૂપની અને વિષ્ણુ-અવતારોની. વિષ્ણુ-સ્વરૂપમાં વિષ્ણુ, લક્ષ્મી-વિષ્ણુ, ગરુડ-વિષ્ણુ, શેષશાયી વગેરે; જ્યારે વિષ્ણુ-અવતારોની મૂર્તિઓમાં ચોવીસે અવતારોની શોભન, તથા અમુકની ઉપાસ્ય, મૂર્તિઓ આપણે ત્યાં પ્રાપ્ત છે. અવતારોની આ મૂર્તિઓમાં મુખ્યાવતાર શ્રીકૃષ્ણનાં અનેક સ્વરૂપોની મૂર્તિઓ પણ જોવા મળે છે. જેમ કે વેણુગોપાલ, કાલીયમર્દન, ગોવર્ધનધારી, કેશિનીસૂદન વગેરે. આ વિભાગમાં અત્યાર સુધી નહિ નોંધાએલી એક વિશિષ્ટ મૂર્તિ અહીં આપી છે: બકાસુર-વધ.

કૃષ્ણચરિત્રને આલેખતા મુખ્ય બે ગ્રંથોમાંથી 'હરિવંશ' બકાસુરવધનો પ્રસંગ નથી આપતો, જ્યારે 'ભાગવત-દશમ સ્કંધ'માં એની કથા મળે છે. તે અનુસાર પૂતના-વધ પછી પૂતનાનો ભાઈ બકાસુર યમુનાકિનારે રમતા કૃષ્ણને ગળી



ગયો, પણ કંઠમાં દાહ થતાં કૃષ્ણને પાછા કાઢ્યા. કૃષ્ણે ચાંચનાં બે પાંખિયાં પકડી તેને ચીરી નાખ્યો. ભાગવતમાં બકાસુર વધનો આ પ્રસંગ પછી અઘાસુર-વધનો પણ પ્રસંગ છે, જેમાં અઘાસુર ગાયોને ગળી ગએલો તે કૃષ્ણે પુનઃ પ્રાપ્ત કરી. આ બીજા પ્રસંગમાંની 'ગાયો પુનઃપ્રાપ્ત' કરવાની વાત શિલ્પીએ બકાસુર સાથે જોડી દઈ પ્રસ્તુત મૂર્તિ સર્જી લાગે છે!

બકાસુર-વધની આ સ્વતંત્ર મૂર્તિ સિહોરના બ્રહ્મકુંડના એક ગવાક્ષમાં આવેલી છે. વરસનો ઝાઝો કાળ પાણીમાં રહેતી હોવાથી ખવાઈ ગએલી આ મૂર્તિમાં બકની ચાંચ ફાડી ગાયોને પુનઃ પ્રાપ્ત કરતા કૃષ્ણ શિલ્પત્વ પામ્યા છે. ગુર્જર નરેશ સિદ્ધરાજે બંધાવેલો મનાતો એ બ્રહ્મકુંડ શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ પણ એ જ સમયનો માલૂમ પડે છે. જોકે મૂર્તિનું આ જાતનું મુખ એને વધુ નજીકના સમયમાં તાણી લાવે છે. સંભવ છે કે પાછળથી -સ્થાનિક કલાકારોએ ચૌદમી-પંદરમી સદીમાં આવી મૂર્તિઓ બેસાડી હોય.

લેખન તથા ફોટો: **નરોત્તમ પલાણ**

૯૪' અને 'સિલેક્શન-૭' નામની દ્રાક્ષની બે ખાસ જાત તૈયાર કરી. આમાંની બીજી જાત ઘણી પ્રસિદ્ધિ પામી.

ડૉ. ચીમાના પ્રયત્નો અને પ્રયોગોથી ઈટાલિયન લીંબુ, ગ્રેઇપ ફ્રૂટ, બસરાઈ કેળાં, વૉશિંગ્ટન પપૈયાં અને વૉશિંગ્ટન નેવલ નારંગી, એવોકેડો વગેરે પાશ્ચાત્ય ફળોનાં વાવેતર પણ આપણે ત્યાં શક્ય બન્યાં છે એ કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે. સીતાફળની પણ એમણે એક નવી જાત ઉપજાવી છે. 'ઝરબેરા' નામના એક સુંદર પુષ્પને એમણે બેવડા કદનું અને પાંખડીઓથી ભરાવદાર બનાવ્યું છે. જંગલી કરમદાંને એમણે મોટાં અજમેરી બોર જેવડાં અને વધુ સ્વાદિષ્ટ બનાવ્યાં છે. લૅપડૅ લીલી, કૅલિયસ, કૅક્ટસ ને લૅન્ટાના વગેરે પર પણ એમણે સફળ પ્રયોગો કરી એમનાં રૂપરંગ સુધાર્યાં છે. ચંપો, કુમુદ ને કૅક્ટસ તો એમનાં ખૂબ પ્રિય ફૂલો હતાં. નિવૃત્તિ દરમિયાન એમણે 'ઈંદિરા ચંપા' નામની એક નવી જાત તૈયાર કરેલી, જેમાં એક સાથે ગુલાબી, પીળાં ને સફેદ ફૂલ આવે છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન, શાંતિવન તથા અન્ય અગત્યનાં સ્થાનોમાં આ ચંપાને માનભર્યું સ્થાન મળ્યું છે.

સરકારી સેવાઓમાંથી નિવૃત્તિ બાદ પણ એમનું કાર્ય જારી રહેલું. સેંકડો ફાઇલોના ગંજ વચ્ચે બેસી તેઓ પોતાના લેખોમાં સુધારાવધારા કર્યે જતા. પોતાના ગ્રંથ 'ભારતમાં વ્યાપારિક ફળો'ની નવી આવૃત્તિની હસ્તપ્રત પણ તેઓ તૈયાર કરી રહ્યા હતા. તે કહેતા કે દેશના ગ્રામ-વિસ્તારના તરુણોને ઓછી જમીનમાં વધુ અને ઉત્તમ ફાલ મેળવવાની તાલીમ અને પ્રોત્સાહન આપવાં જોઈએ, જેથી તેઓ શહેર પ્રત્યેના મિથ્યા આકર્ષણથી લોભાયા વિના ઘરઆંગણે સારી કમાણી કરી શકે. એમના મોટા પુત્રે આ રીતે વકાલત છોડીને સરસ ફલવાટિકા વિકસાવી છે.

મહારાષ્ટ્રમાં રાહુરીમાં 'મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ'ની સ્થાપના (ઈ. ૧૯૬૯)ના પ્રસંગે ડૉ. ચીમાને વિશિષ્ટ સમ્માન આપવા સાથે, વર્ષોની પ્રયોગસાધના વડે એમણે વિકસાવેલાં 'લખનૌ-૪૯' જામફળને 'સરદાર જામફળ', 'સિલેક્શન-૭'ને 'ચીમાસાહેબી દ્રાક્ષ' અને 'જી.બી.એસ. દાડમ'ને 'ગણેશ દાડમ'નાં નવાં નામ અપાયાં છે. ચીમાસાહેબી દ્રાક્ષ અત્યંત મીઠી અને બીજ વગરની હોવા સાથે એક એકરે ૩૦,૦૦૦ કિ. ગ્રા.નો ફાલ આપે છે, જેના સહેજે ૩૦,૦૦૦ રૂપિયા ઊપજે. સરદાર જામફળ પણ ગોળ શ્વેત માવાદાર સુગંધિત અને બીજ વગરનાં છે. એનું કાચું ફળ પણ મીઠું લાગે. એકરે પચ્ચીસેક હજાર કિ. ગ્રા.ના તેના ફાલમાંથી સહેજે એટલા જ રૂપિયા મળી શકે. ગણેશખિંડમાં વિકસાવેલાં 'ગણેશ-દાડમ' પણ સ્વાદે નિરાળાં હોઈ દસેક હજાર કિ. ગ્રા. ઊતરે છે.

આવા યશસ્વી ડૉ. ચીમા સ્વભાવે ભદ્ર, સૌમ્ય ને ખૂબ માયાળુ તથા ઉદાર હતા. એમનો ઊંચો પડછંદ સુડોળ દેહ સૌને પ્રભાવિત કરતો. મુંબાઈ પૂના વચ્ચેની આવનજાવનને કારણે એમનાથી પરિચિત ગાડીવાળાઓ એમની ઉદારતાથી હમેશાં ખુશ હતા. પોતાના સહકાર્યકરને તે ઉપકારક માનતા. એમના ઘરમાં લોકશાહી ને સર્વધર્મપ્રિયતાની હવા હતી; એક મહારાષ્ટ્રી, એક જર્મન ને એક મુલતાની પણ એમના પરિવારમાં સદસ્ય હતાં. પોતાનાં કર્મકૌશલ અને બહુગુણતાથી એમનું મિત્રમંડળ વિશાળ હતું. ગયા ફેબ્રુઆરીમાં પૂનામાં એમનું અવસાન થયું. એમની પ્રજ્ઞા અને પુરુષાર્થથી કૃષિ અને બાગાયાત ક્ષેત્રમાં આવેલા પરિવર્તનને એમણે તૈયાર કરેલા નિષ્ણાત શિષ્યો વિકસાવશે એમ સહેજે આશા રાખી શકાય. —શંકરદેવ વિદ્યાલંકાર

તાજમહાલ

ઈ. સ. ૧૬૦૭માં જહાંગીરે પોતાના શાહજાદા ખુર્રમની સગાઈ બેગમ નૂરજહાંની ભત્રીજી અને આસિફજાહની પુત્રી અર્જુમંદબાનુ સાથે કરી. પાંચ વર્ષ પછી એ બંનેનાં લગ્ન થયાં ત્યારે ખુર્રમની વય વીસ વર્ષની હતી અને અર્જુમંદબાનુ તેનાથી ૧૪ માસ નાની હતી. આગળ જતાં ખુર્રમ શાહજહાં બન્યો અને અર્જુમંદબાનુ મુમતાઝ મહલ. ૧૯ વર્ષના સુખી સહજીવન બાદ ઈ. ૧૬૩૧ની ૭મી જૂને બુરહીનપુર ખાતે મુમતાઝનું મૃત્યુ થયું.

શાહજહાંને માટે મુમતાઝનો વિયોગ અસહ્ય હતો. અઠવાડિયા સુધી તો એ અર્ધપાગલ જેવો બની ગએલો. ને પછી યે તેણે હમેશ

માટે રંગીન વસ્ત્રો, સંગીત, અત્તર અને ઝવેરાતનો ત્યાગ કરી દીધેલો. મુમતાઝના મૃત્યુ પછી એ અકાળે વૃદ્ધ બની ગયો. એના વાળ પણ બધા સફેદ બની ગયા. જો કે મુમતાઝ સાથેના લગ્ન પહેલાં એક અને તે પછી તેણે બે વાર લગ્ન કરેલાં પણ એ સંબંધો તો રાજકીય કારણોસર હતા. એના અંતરનો પ્રેમ તો માત્ર મુમતાઝ પર જ ઢળેલો.

મૃત્યુ પછી તાત્કાલિક તો મુમતાઝને બુરહાનપુરમાં તાપી નદીને કાંઠે દફનાવવામાં આવેલી પણ છએક માસ પછી શાહજાદા સુજાની દેખરેખમાં એને આગ્રા લાવીને ડિસેમ્બરની ૨૦મી તારીખે ત્યાં ફરી દફનાવવામાં આવી. આ મુમતાઝના મકબરા (કબર પરના સમાધિમંદિર) માટે આગ્રા શહેરની દક્ષિણે રાજા માનસિંહના પૌત્ર જયસિંહની માલિકીની જમીન શાહજહાંએ પસંદ કરી અને કિંમત આપી તે ખરીદી લીધી. દેશભરના નિષ્ણાત સ્થપતિઓને આમંત્રી મકબરાનો નકશો તૈયાર કરવા કહ્યું અને લાકડાનો એક નમૂનો તૈયાર કરાવ્યો. બાદશાહને એ ઘણો પસંદ પડયો અને તેણે એ મુજબ કામ શરૂ કરી દેવા હુકમ આપ્યો.

ઈ. ૧૬૩૨માં મકબરાનું કામ આરંભાયું ને એ સમયના વિખ્યાત સ્થપતિ મકરમતખાન અને મીર અબ્દુલકરીમની જવાબદારીમાં ઈ. ૧૬૪૩માં એનું કામ પૂરું થયું. 'મુંનતખબુલ્લુબાલ' ને 'બાદશાહનામા'-માં આની પાછળ ૫૦ લાખ રૂપિયા ખર્ચાયાની નોંધ છે પણ 'દીવાને આફરીદી'માં એ ખર્ચ ૯ કરોડ ૧૭ લાખ રૂપિયાનો દર્શાવ્યો છે. આજ સદીઓ પછી યે જગતના એક બેનમૂન સ્થાપત્ય તરીકે વિખ્યાત એ મકબરા-તાજમહાલ પાછળ ઓછો ખર્ચ થયાનું તો કેમ સ્વીકારી શકાય?

'બાદશાહનામા'માં તાજમહાલ બાંધનાર કારીગરોની વિસ્તૃત નામાવલિ પણ આપી છે તે મુજબ તુંગરા, અરબી અને કુરાનનાં સૂત્રો અમાનતખાન શીરાઝીએ કોરેલાં છે, બેનોડ ગુંબજ ઈસ્માઈલખાન રૂમીની કારીગીરી છે, જ્યારે બાકીનું ચણતર કરનારાઓમાં આગ્રાની ઈસા અને દિલ્હીના નઝારનું નામ મોખરે છે. સંગેમરમરના કોતરકામમાં બનુહાર ઝરમલ અને દિલ્હીના જોરાવરસિંગનાં નામો અગ્રસ્થાને છે. મકબરા પાસેનો બગીચો રામમલ કાશ્મીરીની કારીગરી છે.

તાજમહાલની સજાવટમાં સંગેમરમર-આરસપહાણ ઉપરાંત જે અનેક કિંમતી પથ્થરો વપરાયા છે તેમાં કંદહારના અકીક, લંકાના લાજવંદ, ઉત્તર હિંદનો સંગે સુલયમાની, મીસરનો પતન્જ, બસરાનો સોનેરી પથ્થર, કુમાઊંનો અજુબાહ, મકરાણાનો મરમર, ઈરાકનો મર્સમીર, યમનનો યમીની, અફઘાનિસ્તાનનો ગૌરી, ગંડક નદીના તામડા, ફીરોજહ અને ઝબરજદ, બાબા મઠનની પર્વતમાળાના કાહેસીનાનો પથ્થર, ઈરાનનો દાલચના, અસની નદીનો પથ્થર વગેરે સાથે દેશવિદેશનાં લાલ પથ્થરનો ઉપયોગ થયો છે. —ઈસ્માઈલ બક્ષ રંજ

તમારું હૃદય = તમારું સ્વાસ્થ્ય

આ વર્ષની ૭મી એપ્રિલ 'વિશ્વ આરોગ્ય-દિન' હતો. એનું સૂત્ર હતું 'તમારું હૃદય એ જ તમારું સ્વાસ્થ્ય છે.' ઈ. ૧૯૬૭માં ૨૯ દેશોમાં મૃત્યુ અંગે કરેલા એક સર્વેક્ષણમાં જણાયું હતું કે તેમાં અકસ્માતોમાં માર્યા ગએલાં માણસોનું પ્રમાણ ૬·૪ ટકા અને કૅન્સરથી મરેલાંનું ૧૭·૭ ટકા હતું, જ્યારે હૃદય કે રક્તવાહિનીઓના રોગથી મરેલાંનું પ્રમાણ વધુ ૪૬·૨ ટકા જેટલું હતું જે દર બે માણસે એક જણ મર્યો ગણાય!

આજના યુગમાં મૃત્યુનું આ એક સૌથી ભયંકર કારણ છે. એમાં અનેક પ્રકારો છે. રક્તવાહિનીઓ પહોળી થઈ જવી કે સંકોચાતી જવી, એમાં ચરબી એકઠી થવી, રક્તના ગઠ્ઠા બાઝવા, હૃદયનું કદ વધી જવું કે એનાં કાર્યોમાં કોઈ પણ કારણે વિક્ષેપ આવવો, યા મગજની કોઈ અઘટિત સ્થિતિને લીધે તેના પર અસર થવી, શ્રમ કે લાગણી વગેરેના અતિરેકથી હૃદયના કાર્ય પર બોજ પડવો વગેરે જેવાં અનેક કારણોસર હૃદય પર સીધી કે આડકતરી થતી અસર આ રીતે જીવલેણ બની શકે છે.

વારતા ૨૪

વૈતાળ પચ્ચાસી

હાસ્ય-કર

વિનોદ ભટ્ટ

—અને ફરી એક વાર રાજા વિક્રમે સિદ્ધ વડ પરથી ઉતારેલા મડાને ખભે નાખી ઉજેણીભણી ચાલવા માંડયું ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

'કોઈ એક નગરમાં કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. તેણે પ્રજા પર જાતજાતના અનેક કરવેરા નાખ્યા હતા, છતાં ય તેની પ્રજા હસતી રહેતી, આથી અંતે તેણે પ્રજાના હાસ્ય પર પણ હાસ્યવેરો ઠોકી બેસાડયો. હસવું એ રાજ્યમાં 'લક્ઝરી-આઈટમ' ગણાવા લાગ્યું. તેના કરનો ખૂબ જ ઊંચો દર રાખવામાં આવ્યો.

હાસ્ય પર વેરા નાખવાનું બીજું પણ એક ખાસ કારણ હતું. રાજ્યમાં ઘણા હાસ્ય-લેખકો બાલિશ અને સ્થૂલ હાસ્ય લખીને પ્રજાને હસાવવા પ્રયત્ન કરતા હતા. અને એ વાંચ્યા પછી યે નહિ હસી શક્તા કેટલાક વાચકો મુક્તપણે હસવા એ કૃતિઓ વાંચતી વખતે પોતાની પાસે ખાસ માણસોને બેસાડતા, જે પગના તળિયે ને પડખાંમાં ગલીપચી કરીને તેમને ખડખડાટ હસાવતા. અને વાચકો પેલું હાસ્ય સાહિત્ય વાંચીને-સમજીને જ પોતે હસ્યા છે એવો સંતોષ લેવા સાથે પોતાને પણ સાહિત્યની સમજ છે તેમ દર્શાવતા.

હાસ્ય-વેરા દ્વારા આવક મેળવવા ઉપરાંત હાસ્યલેખોનો ફેલાવો કરવાની અને એ રીતે વળી વધુ આવક મેળવવાની રાજાની ભાવના ખરી; કેમકે રાજાએ પોતે પણ થોડાક હાસ્યલેખો લખ્યા હતા. વસ્તુતઃ આ લેખો લખાયા ત્યારે તો તે હાસ્યલેખો નહોતા, પણ પોતાના હજુરિયાઓ આગળ રાજાએ એ લેખો વાંચી સંભળાવ્યા, ત્યારે તેઓ હસીહસીને લોથપોથ થઇને જમીન પર આળોટવા માંડેલા, તે પરથી જ રાજાને ખબર પડી કે પોતે હાસ્યલેખો જ લખ્યા છે.

અને રાજાએ પ્રજાજનોના ઘેરેઘેર હાસ્ય-માપક મીટરો મુકાવી દીધાં. વીજળીના મીટરની જેમ હાસ્ય-મીટર વાંચવા રાજ્યનો માણસ આવે, હાસ્યના યુનિટ કાઢે અને એના પરથી કરની રકમ નક્કી કરે.

થોડો સમય તો બધું બરાબર ચાલ્યું. બીજા કોઈ પણ વેરા કરતાં હાસ્ય-વેરાની આવક વધારે આવવા માંડી, પણ પછી ધીમેધીમે એ આવક ચિંતાજનક રીતે ઘટી ગઈ. પરિણામે રાજાનું હાસ્ય વિલાઈ ગયું. આ હાસ્ય-વેરો ઘટી જવાનાં કારણો શોધવા રાજાએ એક તપાસપંચ નીમ્યું.

બે વરસે તપાસપંચે અહેવાલ આપ્યો. જેમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે હાસ્ય પર કર પડવા છતાં પ્રજાએ હસવાનું ઓછું નો'તું કર્યું; ઊલટાનું હસવાનું તો પહેલાં કરતાં ય વધી ગયું હતું. લોકો 'જોક' 'જોક' ત્રણત્રણ વખત હસતા હતા. —જોક સાંભળતાં પહેલાં, સાંભળીને અને છેલ્લે એનો મર્મ સમજીને.'

વારતાને અહીં જ અટકાવતાં વેતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ, પ્રજા પહેલાં કરતાં વધારે હસતી હોવા છતાં એ હાસ્ય, મીટરમાં કેમ નહોતું આવતું?'

'વેપારીઓના બે નંબરના ચોપડા પેઠે પ્રજા બે નંબરનું હસતી થઈ ગઈ હશે!' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું સરકીને પાછું સિદ્ધ વડ ઉપર ચડી ગયું.

આવી પરિસ્થિતિ ઘટાડવા અંગે જે કેટલાંક સામાન્ય સૂચનો પણ થાય છે તેમાં ૧) ધૂમ્રપાન, અત્યાહાર, ઘન કે ઘટ્ટ ચરબી ને વધુ ચરબીયુક્ત માંસાહારનો ત્યાગ, અને ૨) અનાજ, શાકભાજી, ફળો, કચુંબરો વગેરે લેવાની ભલામણ છે. વારંવાર તાણ પેદા કરે તેવી મનઃસ્થિતિ ઘટાડવા સાથે ઓછામાં ઓછું દર પાંચ વર્ષે બ્લડપ્રેશર પણ તપાસાવી લેવું અને એ અંગે તબીબી સલાહ મળે તેનું ચુસ્ત પાલન કરવું જરૂરી છે.


આ માસ (જુલાઇ) ઇતિહાસમાં

૧ (૧૯૦૦) પૂર્વથી પશ્ચિમ લગભગ ૩૦૦૦ કિ. મી.થી યે વધુ વિસ્તૃત હિંદુસ્તાનમાં સ્થાનિક સમયની તફાવતભરી ગણનામાં રહેલી અવ્યવહારુતા ટાળી સમગ્ર દેશમાં એકસરખી સમયગણના આણવા 'ઈંડિયન સ્ટાંડર્ડ ટાઈમ'ના અમલનો આરંભ થયો. આ મુજબ ૮૨½ અંશ પૂર્વ રેખાંશ પરના સમયને આપણા દેશમાં પ્રમાણભૂત ગણવામાં આવે છે. ગ્રીનિચથી બરાબર ૫½ કલાક આગળ રહેતો આ સમય હાલ પાકિસ્તાનના સ્ટાંડર્ડ સમય કરતાં અર્ધો કલાક આગળ અને બાંગ્લાદેશના સમય કરતાં અર્ધો કલાક પાછળ છે. તાર-ટપાલ, રેડિયો-ટેલિવિઝન ને રેલવે તથા હવાઈ માર્ગો વગેરે જેવી દેશવ્યાપી વ્યવસ્થા માટે જરૂરી આવી નિશ્ચિત સમયગણના દરેક દેશે નક્કી કરી હોય છે. સ્થાનિક સમય વચ્ચે વધુ તફાવત દર્શાવતા વધુ વિસ્તૃત દેશમાં જુદાજુદા વિસ્તારો માટે અલગઅલગ સ્ટાંડર્ડ ટાઈમ નક્કી કરેલા છે.

૪ (૧૯૩૪) રેડિયમની શોધક માદામ મેરી ક્યૂરીનો દેહાંત. અકિંચનતાને વરેલી પ્રતિભાવાન દેશભક્ત આ વિજ્ઞાની નારીનો ઇ. ૧૮૬૭માં વૉર્સો (પોલૅન્ડ)માં જન્મ. પારી(સ) સૉર્બો યુનિ.ના પ્રો. પીઅરી ક્યૂરી સાથે પરણી એણે કિરણોત્સર્ગી તત્ત્વોની પતિની શોધમાં સહકાર આપ્યો. અને ૫૬ મણ જેટલા 'પિચ બ્લૅન્ક' પર પોણાચાર વર્ષ સુધી સંશોધનો કરી ૧૯૦૨માં તેમાંથીએક ડેસીગ્રામ શુદ્ધ રેડિયમ શોધી કાઢ્યું. એ સમયે સાડાસાત લાખ સોનાના ફ્રાંકની કિંમતના એ રેડિયમમાંથી અર્થલાભ ન લેતાં એ શોધ એણે લોકહિતાર્થે જાહેરમાં મૂકી દીધી. આ અતિ દુર્લભ તત્ત્વની, રોગાક્રાન્ત કોષોનો નાશ કરવાની શક્તિને કારણે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે લાખો સૈનિકોની સારવાર થઈ શકી. મેરી ક્યૂરીની વૈજ્ઞાનિક દેણગી માટે એને ૧૯૦૩ તથા ૧૯૧૧નાં વિજ્ઞાનના નોબેલ પુરસ્કાર મળેલા ને ફ્રેંચ સરકારે એને ૪૦,૦૦૦ ફ્રાંકનું વર્ષાસન પણ બાંધી આપેલું.



૧૯ (૧૫૩૧) વૈષ્ણવોના પુષ્ટિમાર્ગના સ્થાપક વલ્લભાચાર્યનું અવસાન. તેલંગણથી કાશી આવી વસેલા રુદ્રસંપ્રદાયી લક્ષ્મણ ભટ્ટના એ પુત્ર. કહે છે કે દંગાને કારણે કાશી છોડી જતાં ચંપારણ્ય નામના એક સ્થળે એમનો જન્મ થએલો. બીજો મત એવો છે કે લક્ષ્મણ ભટ્ટને તેઓ માર્ગમાંથી મળેલા. યુવાવસ્થા સુધીમાં તો વલ્લભ વેદ-શાસ્ત્રોમાં પૂર્ણ પારંગત બની ગયા હતા. 'પ્રસ્થાનત્રયી' પર આધારિત શંકરાચાર્ય, રામાનુજ અને મધ્વના દાર્શનિક વિચારોથી આગળ જઈ, ભાગવત મહાપુરાણને આધાર માની, એમણે શુદ્ધાદ્વૈત નામક પોતાની દાર્શનિક વિચારધારા વિકસાવી. સગુણ રૂપને જ બ્રહ્મનું યથાર્થ રૂપ માની એ પરમ ચેતનને વલ્લભાચાર્યે સત્-ચિત-આનંદમય પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના નામથી અભિહિત ગણતા 'પુષ્ટિ માર્ગ'ની સ્થાપના કરી અને દેશભરમાં તેનો પ્રચાર કરી વ્રજભૂમિમાં તેની પ્રધાન ગાદી સ્થાપી. જ્ઞાનને બદલે સરળ ભક્તિના એમણે બતાવેલા માર્ગને લોકસમૂહે આસાનીથી અપનાવી લીધો. વેદાંત સૂત્રોનું 'અણુભાષ્ય', શ્રીમદ્ ભાગવતની સુબોધિની' ટીકા તથા 'તત્ત્વદીપ નિબંધ' એ એમના દાર્શનિક મતના ત્રણ આધારસ્તંભ સમા સંસ્કૃત ગ્રંથો છે.





૨૫ (૧૭૯૮) 'પિરામિડના યુદ્ધ' તરીકે જાણીતી ચડાઈમાં નેપોલિયનની મિસર પરની જીત. જો કે તે સમયે ઉસ્માની તુર્ક સામ્રાજ્યના એક ભાગ રૂપ ગણાતા મધ્યયુગી મિસરની એ જીતનું કોઈ ખાસ રાજકીય મહત્ત્વ નથી. પરંતુ એ ચડાઈમાં નેપોલિયન પોતાની સાથે અનેક નિષ્ણાત વિદ્વાનો અને અભ્યાસ-સંશોધનોનાં સાધનો પણ લઈ ગએલો. તેને પરિણામે જે નવી શોધખોળ થઈ શકી તેમાં ગ્રીક ને મિસરની ચિત્રલિપિમાં લખાએલા લેખવાળી એક શિલા–રોઝેટ્ટા સ્ટૉનની શોધથી ઇજિપ્તની પ્રાચીન ચિત્રલિપિના વાચનનો એક અતિ વિકટ કોયડો ઊકલી શક્યો; જેને પગલેપગલે ત્યાંની ભૂતકાલીન ભવ્ય સંસ્કૃતિ વધુ ને વધુ પ્રકાશમાં આવી. અહીંથી જ નેપોલિયન અને દક્ષિણ ભારતના વાઘ ટીપૂ સુલતાન વચ્ચે અંગ્રેજો વિરુદ્ધ વાટાઘાટો પણ ચાલેલી અને જો દરિયા પરની પોતાની લશ્કરી નબળાઈ ન નડી હોત તો કદાચ નેપોલિયન હિંદુસ્તાન પણ આવ્યો હોત.

૨૮ (૧૯૧૪) પ્રથમ મહાયુદ્ધનાં મંડાણ સર્બિયાના રાજા ફ્રાંસિસ ફર્ડિનાન્ડની હત્યાની તપાસમાં સર્બિયાની પોલીસ સાથે પોતાની પોલીસ રાખવા માટેની ઑસ્ટ્રીઆની માગણીને નકારવાથી તેણે હંગેરી સામે યુદ્ધ જાહેર કર્યું. રશિયા તેમાં કૂદી પડ્યું ને તેની સામે જર્મની પણ યુદ્ધમાં ભળ્યું. પછી ફ્રાંસ, બેલ્જિયમ ને તેની પાછળ બ્રિટન પણ આવ્યું. ઈ. ૧૯૧૪ની આખર સુધીમાં તો તેર રાષ્ટ્રો યુદ્ધમાં જોડાયાં ને પછી બીજાં પણ. આમ એ વ્યાપક યુદ્ધમાં લગભગ ૪,૦૦,૦૦,૦૦૦ સૈનિકો લડયા જેમાંથી લગભગ ૧,૦૦,૦૦,૦૦૦ માર્યા ગયા. સબમરીન, ઝેપેલિન અને ટૅન્કોનો આ યુદ્ધમાં પહેલી વાર ઉપયોગ થયો. યુદ્ધને કારણે મહા અછત પેદા થઈ, રશિયામાં ક્રાંતિ થઈ અને સૌથી વધુ તો આ યુદ્ધ પછી પસરેલા ઇન્ફ્લુએન્ઝાને કારણે યુદ્ધ કરતાં પણ અનેકગણી માનવખુવારી થઈ હતી.

૩૧ (૧૯૦૮) ગ્રેટ બ્રિટનમાં લૉર્ડ બેડન પૉવેલે 'સ્કાઉટ'ની પ્રવૃત્તિ શરૂ કરી. ઊગતી પ્રજામાં નાગરિકવિદ્યાનું શિસ્તબદ્ધ શિક્ષણ ઉતારવા માટે આ પ્રવૃત્તિ જેટલી ઉત્તમ છે તેટલા જ પ્રમાણમાં દુનિયાને ખૂણેખૂણે તે પ્રસિદ્ધ અને પ્રચલિત છે. કુમારકુમારીઓને પોતાની જાત માટે નિરીક્ષણ, પરીક્ષણ અને સ્વનિયમન આચરવાની, સમાજ પ્રત્યે વફાદારી કેળવવાની તથા સદા જાગૃત રહેવાની તાલીમ આપવાનો તેનો ઉદ્દેશ છે. તેનો મુદ્રાલેખ છે: 'તૈયાર રહો.'

અને જાણો છો?

■ દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિના રાજ્યની રાજધાની બ્યુએનો આયર્સનો રાજમાર્ગ 'નવમી જુલાઈ ઍવન્યુ' નામે ઓળખાય છે. દુનિયાનો એ પહોળામાં પહોળો રાજમાર્ગ છે.

■ આપણી પાંચ રૂપિયાની ચલણી નોટની આ વર્ષે શતાબ્દી છે એ ખબર છે? ઈ. ૧૯૭૨ની ૧૧મી જુલાઈએ તેનું ચલણ ચાલુ થયું હતું.

હંસા-પ્રીતડી એટલી વિપત પડે ઊડી જાય,
સાચી પ્રીત શેવાળની જળ સાથે સુકાય.

મિલકામદારોની એક હડતાલ પ્રસંગે જ્યારે ન્યાય કામદારોને પક્ષે લાગ્યો ત્યારે મુંબાઈના 'ઇંડિયન ડેઈલી મેઈલ' પત્રના તંત્રી સી. વાઈ. ચિંતામણિએ પત્રના (તેમજ એ મિલના) માલિક જહાંગીર પિટિટ વિરુદ્ધ આકરો લેખ લખ્યો. પિટિટે એમને બોલાવી જ્યારે પોતાના પત્રમાં તો પોતાને પક્ષે જ લખાવવાનો આગ્રહ રાખ્યો ત્યારે ચિંતામણિએ ત્રણ માસના રૂ. ૧૦ હજારના પગારવાળી એ નોકરીનું એ જ ઘડીએ રાજીનામું આપી દીધું; એટલું જ નહિ પણ ચિંતામણિએ માત્ર ૨૭ દિવસ જ કામ કર્યું હોવા છતાં પિટિટ શેઠે કરાર પ્રમાણે એમને ૧૦ હજારનો ચેક મોકલી આપ્યો તે પણ એમણે પાછો વાળી દીધો. પિટિટ તો આ ઉમદા ટેક જોઈ છક્ક થઈ ગયા.

અનેકાર્થી શબ્દ: **પ્રસાદ**=દેવને ધરાવેલું નૈવેદ્ય; તેનો શેષ—પરસાદ; દેવ, ગુરુ, રાજા, સ્વામી વગેરેએ પ્રસન્ન થઈને આપેલી ભેટ; એમના ઉપભોગ પછીનો શેષ; કૃપા અથવા મહેરબાની; સ્વચ્છતા કે નિર્મળતા, સંગીતનો એક અલંકાર; સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે ને હૃદયમાં ઊતરી જાય એવો કાવ્યનો ગુણ.

કહેવતોના અર્થ: 'જોષીનાં રાંડત નહિ અને વૈદ્યનાં મરત નહિ'—જો એ બંને વિદ્યાઓ (જ્યોતિષ અને વૈદક) નિતાન્ત સાચી હોત તો. જોષી ઉત્તમ લગ્નયોગ શોધીને પોતાનાં અપત્યોને પરણાવતા છતાં, અને વૈદ્ય પોતાના કુટુંબીઓ માટે પોતાની વિદ્યા અજમાવવામાં કાંઈ જ બાકી રાખતા ન હોવા છતાં પણ મરણ અનિવાર્ય રહે છે. એ દૃષ્ટાંતબોધ આપવા સાથે પ્રમાદ ત્યજીને નિષ્કામ કર્મ કરવા પ્રેરતી તથા આપત્તિ સમયે સમાધાન પ્રબોધતી કહેવત.

ઈટાલીમાં આવેલા સીમાનેટાના મહાલયની રચના એવી છે કે તેમાં કરેલા એક અવાજનો પડઘો ૩૧ વાર સંભળાય છે.


ગણિતગમ્મત: કોઇ પણ પૂર્ણાંક સાથેની અપૂર્ણાંક સંખ્યાનો વર્ગ કરવો હોય તો તે સંખ્યાનો અપૂર્ણાંક ભાગ તે સંખ્યામાં ઉમેરવો. પછી જે આવે તેને તે સંખ્યાના પૂર્ણાંક વડે ગુણવા અને તેમાં અપૂર્ણાંક ભાગનો વર્ગ ઉમેરવાથી જોઈતો વર્ગ આવી રહેશે. દાખલા તરીકે $૩\frac{૩}{૪}$નો વર્ગ કરવો હોય તો: $૩\frac{૩}{૪}+\frac{૩}{૪}=૪\frac{૧}{૨}\times૩=૧૩\frac{૧}{૨}+(\frac{૩}{૪})^{૨}=૧૩\frac{૧}{૨}+\frac{૯}{૧૬}=૧૪\frac{૧}{૧૬}=(૩\frac{૩}{૪})^{૨}$ —મ. ના. ખત્રી

જૂની છત્રીનું કપડું તદ્દન સડી ગયું હોય તો કાઢી નાખીને છત્રીનું ખોખું ચોમાસાના દિવસોમાં ઘરની અંદર કપડાં સૂકવવા માટે ખપમાં લઈ શકાય. સળિયા કટાઈ ગયા હોય તો સફેદ ઈનામલથી રંગી નાખવા. છત્રી ખોલીને છતમાં કોઈ કડા કે ખીલામાં ચત્તી ટાંગીને તેના દરેક સળિયા પર બાળકોનાં કપડાં, રૂમાલ આદિ સૂકવી શકાય, અને ખપ થઈ રહ્યે છત્રી બંધ કરીને ઊંચી મૂકી દેવાય.

રંગતી વખતે રંગની ડોલ કે ડબલાને મોઢે મધ્ય ભાગે એક જાડો મજબૂત દોરો બાંધી રાખજો. પીછીમાં રંગ લેતી વખતે વધારાનો રંગ નીતારવા માટે પીછીને ડોલની કિનારે લૂછવાને બદલે એ દોરા ઉપર નીતારશો તો રંગ બધો ડોલની વચ્ચોવચ્ચ જ પડશે, અને ડોલનાં પડખાં ખરડાઇને રંગ તથા ડોલ બંને બગડે છે તે બગડશે નહિ.

તમને ખબર છે? કે—

નેપોલિયન ઉપર આખા જગતમાં ૩૦,૦૦૦ પુસ્તકો લખાયાં છે. * પૃથ્વીની ઉંમર આશરે ૨,૨૫,૦૦,૦૦,૦૦૦ વર્ષ છે એમ મનાય છે. * સીલોન (લંકા)માં લોકો મગરના દાંતની પૂજા કરે છે. * આપણા રોજિંદા ઉપયોગની લગભગ ૩૦ હજાર વસ્તુઓ રબરમાંથી બને છે. * ઘોડાને કુલ ૪૦ દાંત હોય છે. *




ફ્રાંસમાં પાયરેનીઝ મુકામે બનાવેલી એક સૂર્યભઠ્ઠી ૬૦૦૦° ફેરનહાઈટ ગરમી પેદા કરે છે. ૩૫ ફૂટના એના પરાવર્તકના સપાટ અરીસા, આપમેળે કામ કરતી યાંત્રિક રચના વડે સતત સૂર્ય સામે તકાએલા રહી એટલી ગરમી પરાવર્તિત કરે છે કે જેમાં સખતમાં સખત ધાતુ પણ પીગળી જાય.

ચીનનો હુનાન પ્રાંત સુંદર રમણીઓ માટે પ્રસિદ્ધ છે. પણ ત્યાં લગ્નની બહુ ખટપટ નથી. ગામડાનો તરુણ પોતાની પ્રેમિકાને સોય મોકલે તે જો સામી તેમાં દોરો પરોવીને પાછી મોકલે એટલે સંમતિ મળી ગઈ ગણાય.


કનુને એક પાવલી અને એક રૂપિયાની નોટ બતાવીને માશીએ પૂછ્યું: 'આ બેમાંથી કયું એક તારે જોઈએ? કનુએ પાવલી બતાવીને કહ્યું: 'આ આપો; પણ આ નોટમાં વાળીને આપજો!'

ઊંચા પહાડો પર રહેતા લોકોના લોહીમાં લાલ કણોની સંખ્યા વધારે હોય છે. દરિયાની સપાટી પર રહેતાં માણસોમાં લોહીના લાલ કણો દર ઘન મિલિમીટરે ૪૭ લાખ હોય છે, પાંચ હજાર ફૂટ ઊંચે રહેતાં માણસોમાં તેની સંખ્યા ૬૦ લાખ હોય છે અને દસ હજાર ફૂટ ઊંચે રહેનારાઓમાં ૮૦ લાખ હોય છે.

બ્રાઉન રંગના જોડા પર કેળાની છાલ (અંદરની ગરભવાળી બાજુએથી) ઘસીને સુકાવા દઈ પછી પૉલિશ કરવાથી વધુ ચળકાટ આવશે.



ધ્વજવંદન કે રાષ્ટ્રગીત વખતે ઉપર દર્શાવેલી પહેલી દસ (કે એવી કોઈ) રીતે ઊભા ન રહેવાય. ખરી રીત છેલ્લા બે જણ ઊભા છે તે છે.



તાજમહાલ (ફોટો : સ્કવૉડ્રન લીડર ભગવાનદાસ કોઠારી): દુનિયાના આ સુંદરતમ મકબરાના વિશાળ ઘુમ્મટની નીચે, અતિશય નજાકતભરી કોતરણીથી મંડિત, અખંડ સંગેમરમરની સાઠ ફૂટ લાંબી અષ્ટકોણ જાળીની વચ્ચે શહેનશાહ શાહજહાંનાં અઝીઝ બેગમ અર્જુમંદબાનુ-મુમતાજમહલ ચિર નિદ્રામાં પોઢી છે. વીસવીસ હજાર કારીગરોને બારબાર વર્ષ સુધી રોકીને અને દુનિયાભરના મૂલ્યવાન પથ્થરોના અતિસુંદર જડતરથી શોભનસમૃદ્ધ બનાવેલા આ શ્વેતસુંદર સમાધિમંદિરની જોડમાં, યમુનાને સામે કિનારે, પોતાને માટે અસલ આ જ સ્વરૂપનો, કાળા આરસનો મકબરો બનાવવાનું શાહજહાંનું સ્વપ્ન તો ઔરંગઝેબે એને કેદમાં નાખવાથી પૂરું ન થઈ શક્યું; પણ આગ્રાના કિલ્લામાં કેદી અવસ્થામાં પડયાં પડયાં એણે શેષ જીવનની પ્રત્યેક પળ આ મકબરા તાજમહાલ સામે ટીકીટીકીને ગાળતાં પોતાના વિયોગના નિશ્વાસો એના પર ઢાલવ્યા કર્યા હતા. સદીઓ પછી આજે યે મુઘલ શહેનશાહનું આ મૂર્તિમંત પ્રેમપ્રતીક, જોનારને પળેપળે નવી અનુભૂતિ કરાવે છે. કઈક પ્રેમીઓએ અને કલાકારોએ એમાંથી અવનવી પ્રેરણા ઝીલી છે. દુનિયાભરના ફોટોકલાકારોએ અનેક બાજુએથી કૅમેરાની આંખ એના પર માંડી છે. પણ સામાન્ય દષ્ટિસપાટીથી ભિન્ન એવું એનું આ વિહંગદર્શન એની ભવ્ય સુંદરતાને તદ્દન જુદી જ રીતે ઉપસાવે છે. (વિશેષ માટે જુઓ આ અંકની 'માધુકરી')